
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ પંદરમું · અંક ચોથો
ચૈત્ર ૧૯૯૪ તંત્રી: રવિશંકર રાવળ · સંપાદક: બચુભાઈ રાવત




૧૭૨



પરસ્પર


❡ આ અંકની શરૂઆતમાં જ 'મારી નજરે' વિભાગ જગતના બીજા દેશના કુમારોનાં પ્રગતિ અને માનસ સમજવાનો જે રસમય માર્ગ નિર્દેશ કરે છે, તે અમારી ખાતરી છે કે આકર્ષક નીવડશે અને આશા છે કે એ દિશામાં વાચકવર્ગ કાંઇક પગલાં માંડશે. ❡ શ્રી મંજુલાલ મજમુદાર આપણી તળપદી ચિત્ર-શિલ્પકળાના અનન્ય અભ્યાસી છે, કરાચી સાહિત્ય સંમેલન વેળા રજૂ કરેલો એમનો નિબંધ 'હિંદી ચિત્રકળાનું સ્વરૂપ' જે આ અંકમાં રજૂ થાય છે તેમાં એમણે ભારતીય ચિત્રકળાની જે મીમાંસા કરી છે તે તમારી કલાદૃષ્ટિની ક્ષિતિજ વિકસાવ્યા સિવાય નહિ રહે. ❡ કુમારજીવનની નાની સરખી આકાંક્ષાનો પણ સમાજના નીચલા થરમાં જે કરુણ રેજ થાય છે તે આંખોમાં હાસ્યના રેલા વહાવતા પ્રફુલ્લમુખ એમાની બે વરસની તનતોડ નોકરી પછી 'એક શેઠાણી ને બે વરસ'માં એને મળતા સરપાવનું ચિત્ર કહેશે. એવા અનેક આશા ભર્યા જુવાન નોકરોના કરુણ જીવનનું એ પ્રતિબિંબ જ છે. ❡ હિંદમાં ક્રાંતિની પહેલી ચિનગારી ઊડી ઇ. ૧૯૦૭ની સાલમાં. અને તેનું કારણ, બડા લાટ કર્ઝને બંગાળના કરેલા આપખુદ ભાગલા. લોકશક્તિને બળે ચાર વર્ષમાં જ આખરે એ ભાગલા રદ કરવા પડ્યા. પણ એ બોધપાઠ ભૂલી જઈ બ્રિટને આજ ત્રીસ વર્ષ પછી એવી જ બીજી ભૂલ કરી છે —લૉર્ડ પીલની યોજનાથી એણે પેલેસ્ટાઇનના બે નહિ પણ ત્રણ ટુકડા પાડ્યા છે. આ રાષ્ટ્રઘાત ને એના સામેના પ્રત્યાઘાતથી વાકેફ થવું હોય તો અરબ આઝાદીના અધ્વર સમા અમીન અલ હુસૈનીનું ચરિત્ર વાંચી જજો. ❡ 'વનવગડાનાં વાસી' તરીકે આ અંકમાં દેવચકલી, પિદ્દા, શામા, દૈયડ, જેવા ભારતીય પંખીસમાજના સંગીતસમ્રાટો ઝડપાય ને વનેચરની કલમે એમનો પરિચય અપાય પછી વધુ કહેવાનું શું રહે? ❡ ત્રણ ત્રણ તેજોજ્જ્વલ કંદોરાથી ઓપતા, આકાશમાંના સૌથી દર્શનરમ્ય ગ્રહ 'શનિ'નો લેખ પણ ખગોળ વિષે તમારી રસ અને કુતૂહલવૃત્તિ ઉશ્કેર્યા સવાય નહિ રહે; અને છતાં 'કુમાર'ના ત્રીજા ભાગ જેટલી સામગ્રી તો હજુ વણ ઉલ્લેખી જ રહી જાય છે! પરંતુ, સુજ્ઞેષુ કિં બહુના !

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; ૭ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો • આર. આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, જાહેરખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ



ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ.

ઉપર: ડાબી બાજુ, 'મશગૂલ'–ભાઇ હાસમ સુતાર (નડીઆદ), પહેલું ઇનામ; જમણી બાજુ, 'રોજીની ધૂનમાં'–ભાઈ એસ. એન. છીપા (અમદાવાદ), બીજું ઇનામ; વચ્ચે: જમણી બાજુ, 'કૃષિકાર'–ભાઈ એન. સી. ગજ્જર (કલોલ), ત્રીજું ઈનામ; બાકીના અનુક્રમે નોંધપાત્ર: વચ્ચે, 'ચોમાસાની સવાર'–ભાઇ મફતલાલ દૂધીઆ (અમદાવાદ); નીચે: ડાબી બાજુ 'જીવનની પેલે પાર'–ભાઇ એચ. જી. વૈદ્ય (નડીઆદ); જમણી બાજુ, કુદરતની કેડી'–ભાઇ મણિલાલ મિસ્ત્રી (કરાચી).



બાજબહાદુર અને રૂપમતી

કાંગરા શૈલીના એક પ્રાચીન ચિત્રની અનુકૃતિ

કરનાર • વ્રજલાલ ત્રિવેદી

(ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

વિખૂટા મિત્રને

• પૃથ્વી •


સ્મરી સ્મરી અનેરી ઉચ્ચ ગત સખ્યગાથા હવે
નથી જ લવવું, નથી જ કવવું, ન વા નેત્રને
સહી સ્મરણડંખ લેશ કરવાં ય ભીનાં, અને
ન વિસ્મરણનું ય તે સ્મરણ માત્ર ચાહું સખે!

અપાર અનુરાગના મધુર બાગમાં ઊઘડ્યાં
સુમિષ્ટ મુકુલો સમસ્ત જગમાં ઉછાળ્યાં, હવે
ચિતા ચિરવિરાગની અતલ આત્મએકાન્તમાં
ભલે પ્રજળીને જતી કજળી છેક ધીરે ધીરે!

વિશાળ જગ છે, અસંખ્ય પથ છે, પ્રવાસી ય તે
અનંત, પણ ના મને સુહૃદસ્નેહઝંખા; સખે!
તને જ તજતાં તજી સભર સખ્યસંવેદના.
ધરાતલ તણા બનેલ અય ધૂમ તને
હવે શું અવરોધ, બોધ? અફસોસ! જા, હું હવે
કરીશ બમણે બળે ખતમ આપણી કૂચને.

રમણિક અરાલવાળા

જીવનકૂચમાં ભાવના અને કર્તવ્યનું સખ્ય સાધી એક સાથે નીકળેલા બે સુહૃદોમાંનો એક વિમાર્ગી બની વિખૂટો પડતાં બીજાએ તેને ઉદ્દબોધીને કવેલા આ કાવ્યમાં અસરકારક કરુણ રસ છે; પણ તે મર્દનો કરુણ છે. વિયોગમાં ગત સખ્યગાથા સંભારી નિસાસા નાખવાની કે દુ:ખ રડ્યા કરવાની નિર્બળ મનોદશા એમાં નથી સેવી, પણ ધીરેધીરે બળીને કજળી જતી ચિરવિરાગની દારુણ ચિતાનું દુ:ખ સહતાં સહતાં, ધ્યેયકૂચને એકલે હાથે, ને મર્દની નિરાશાને છાજે એવા બેવડા ઝનૂનથી પૂરી કરવાની પૌરુષભરી ભાવના એણે કરી છે.



અમેરિકન કુમારો

● 'કુમાર' માટે યોગ્ય વાતાવરણ સરજવાને અને જગતના બીજા દેશોના કુમારોની પ્રગતિ અને માનસ સમજવાને 'કુમારના' તંત્રીમંડળને દેશપરદેશનાં થોડાં ચોપાનિયાં અને માસિકો વાંચવાં પડે છે અને ઘણાએક પરદેશી મિત્રો અને તંત્રીઓ જોડે સંબંધ ચાલુ રાખવો પડે છે. આ પૈકી અમેરિકાનું Open Road for Boys નામનું એક માસિક મેં મંગાવ્યું ત્યારે નવેમ્બર ૧૯૩૭માં તેના તંત્રીએ દૂરમાં દૂર વસતા તેના ગ્રાહક તરીકે મારૂં નામ–સરનામું પ્રકટ કર્યું હતું. એ વાંચીને કેટલાક અમેરિકન કુમારો અને તરુણ વિદ્યાર્થીઓએ મારા તરફ પત્રવ્યવહારનો પ્રવાહ ચલાવી દીધો છે. હાઇસ્કૂલમાં ભણતા આપણા વિદ્યાર્થીઓ જેવડા જ એ દૂરવાસીઓએ એટલા આદરથી અને ઉત્સાહથી એમના પત્રો લખ્યા હતા કે વખતની મારામારી છતાં મારાથી તે અનુત્તર રાખી શકાયા નહિ; છતાં હજુ નવા મિત્રોના પત્રો આવતા જ રહ્યા છે અને મારા પર એ કામનો વધારાનો બોજો પડવા લાગ્યો છે, એટલે લાચારીએ હું તો એમનો સંબંધ મારા પ્રિય વાચકોને હવાલે સોંપી નિશ્ચિત થવા માગું છું, અને ખાત્રી રાખું છું કે આ નીચે આપેલાં એમનાં સરનામાં ઉપર કોઇ ને કોઈ કાગળ લખવા પ્રેરાશે. જેમને એ પૈકી કોઇના ઉપર પત્ર લખવો હોય તેઓ મને જણાવશે તો હું મારા પર આવેલા એ પત્રો વાંચવા મોકલી આપીશ, જેથી તેના સંબંધમાં જ જવાબ આપી શકાય અને સામાનાં વય, વાતાવરણ અને અભ્યાસ કળી શકાય.

આવા પત્રવ્યવહારથી વિશાળ જગતનો જીવતો પરિચય ઘેર બેઠાં પામી શકાય અને પોતાના જ દેશનો પરિચય બીજાને આપીને દેશની સેવા અને પ્રસિદ્ધિ કરી શકાય.

Mr. Carroll W. Couch,
HENRY Nebraska (U.S.A.)

Walter Herron, 20100 Concordia Dr.
EUCLID Ohio (U.S.A.)

R. Wurgel, 134 Oak Street,
WEEHAWKEN New Jersey (U.S.A.)

Ivan C. Trombley,
HYNDSVILLE New York (U.S.A.)

George Richard Sieghr Jr.
6913 Lakewood Ave.
CHICAGO Illinois (U.S.A.)
(નાનામાં નાનો: ઉમર વર્ષ ૧૨)

આ ઉપરાંત જેઓ જગતમાં કુમારોને ઉપયોગી પરમ આદર્શોની શોધમાં હોય તેમણે વાંચવા યોગ્ય એક સાપ્તાહિકનું નામ પણ આપું છું: "World Youth" 115 Newbury Street, BOSTON Mass (U.S.A.)

આ પત્રનું લવાજમ દુનિયાના કોઈપણ ભાગ માટે બે ડૉલર (લગભગ છ રૂપિયા) છે. વિદ્યાર્થીઓ દસ નકલ એકીસાથે મંગાવે તેનો એક ડૉલર.

અમેરિકાનો એક વિદ્યાર્થી તો લખે છે કે અમે મહાત્મા ગાંધી વિષે કશું જાણતા નથી. તે માત્ર ઉપવાસો કરવા માંડે છે ત્યારે જ તેના સમાચારો છપાય છે. આ બધાને હિંદુસ્તાનીઓ જો સીધા સાચા સમાચાર મોકલી શકે તો પરદેશમાં હિંદની પ્રતિષ્ઠા કેટલી વધે? આ ઉદ્દેશ છાપાં દ્વારા નહિ પણ અંગત પત્રો દ્વારા જ વધુ સિદ્ધ થઇ શકે. એ દરેક વિદ્યાર્થીએ પોતાના પત્રમાં પોતાને તેમજ પોતાના વાતાવરણને વિષે અચૂકપણે બહુ સરસ માહિતીઓ આપી છે. તેને પોતાના પ્રાંત વિષે સંપૂર્ણ જ્ઞાન મળેલું છે અને દરેક જણ મવાસનો, પત્રવ્યવહારનો કે નવાઇસંગ્રહનો પૂર્ણ શોખીન છે. મેદાની રમત અને સંગીત પણ જરા સરખાં વીસરાતાં નથી.

એ બધા કાગળોમાંથી માત્ર એક રિચર્ડ વુર્ગેલનો કાગળ અહીં છાપું છું. તે પરથી ત્યાંના વિદ્યાર્થીની જીવનની તૈયારી, જ્ઞાન અને વિશેષ અનુભવની ઇંતેજારી છતાં ઊર્મિ અને સુરુચિ કેટલી હોય છે તેનો ખ્યાલ મળશે. એને તો જરૂર કોઈ એ પત્ર લખવો ઘટે.

•

બુધવાર, ૨૨મી ડિસેમ્બર, ૧૯૩૭
બપોરના ૩–૩૦

પ્રિય રવિશંકર,

હું ગયે મહિને 'ઓપન રોડ ફૉર બૉયઝ' માસિક વાંચતો હતો એવામાં તેના 'તમારા માસિક સંબંધીની હકીકતો' નામના વિભાગમાં તમારૂં નામ અને સરનામું નજરે પડ્યું. તેમાં જણાવેલું કે ફિલાડેલ્ફિયામાં આવેલી એ પત્રની ઑફિસથી તમે દૂરમાં દૂરના ગ્રાહક છો.

આપણી વચ્ચે પરસ્પર પત્રવ્યવહાર ચાલુ કરવાની મારી ઇચ્છાને લઇને હું આ કાગળ લખવા પ્રેરાયો છું. મારી વય ૧૫ વર્ષ ને પાંચ મહિનાની છે ને હાઈસ્કૂલના ત્રીજા વર્ષમાં છું. આજે જ બપોરે ૨–૩૦ વાગ્યે અમારી શાળા બંધ છે ને નાતાલની રજાઓ પડી છે. સોમવાર તા. '૩જી જાન્યુઆરી સુધી અમે નિશાળે જવાના નહિ. આ કાગળ તમને મળશે ત્યાં સુધીમાં તો અમે પાછા શાળામાં હોઈશું.

મારે એક ભાઈ છે, જેને બે અઠવાડિયાં પહેલાં જ ૧૭ વર્ષ

પૂરાં થયાં. એ કૉલેજના પ્રથમ વર્ષમાં છે. મારે એક નાની બહેન પણ છે,–૧૧ વર્ષ ને ૫ મહિનાની, જે સાતમા ધોરણમાં છે.

આજે સવારે ચાર વાગ્યે અહીં ખુલ્લા મુકાએલા 'લિંકન બુગદા' વિષે તો કદાચ તમે ન પણ જાણતા હો. વીહૉકનથી ન્યૂ યૉર્ક સુધી હડસન નદીની નીચે થઇને એ બુગદો જાય છે. હું ધારૂં છું ત્યાં સુધી દુનિયાભરમાં એ પ્રકારનો એ મોટામાં મોટો બુગદો છે. પ્રવેશદ્વારથી તે નિસર્ગદ્વાર સુધી તેની લંબાઇ ૮૨૧૫ ફૂટ છે. એવા બે જુદા જુદા નળા પાડવાના છે, પણ હાલ તો એકલા ટ્રાફિક માટેનો જ ખુલ્લો છે. બીજો ૧૯૪૧માં ખુલશે. બુગદામાં હવા શુદ્ધ રાખવા માટે 'વેન્ટીલેટિંગ રૂમો' રાખવામાં આવ્યા છે. પાણીની સપાટીથી બુગદાની છત સુધીનું અંતર ૭૦ ફૂટ છે. અંદરના ભાગની પહોળાઇ ૨૧॥ ફૂટ છે.

દુનિયાના કોઈપણ ભાગની ટિકિટો ને સિક્કા સંઘરવાનો મને ખાસ શૉખ છે. આજથી સાત વરસ પહેલાં મારા પિતાશ્રીએ એ સંઘરાનો શરૂઆત કરેલી અને આજે અમારી પાસે સારો જેવો સંગ્રહ થઇ ગયો છે. અમારી પાસે ૧૦,૦૦૦ જુદા જુદા પ્રકારની ટિકિટો છે. હિંદની ટિકિટો માટે હું ખાસ ઇંતેજાર છું, કારણ મારા સંગ્રહમાં એ બહુ જૂજ છે. જો તમે તેવી થોડી સામાન્ય ટિકિટો મોકલશો તો બદલામાં હું અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઇટલી અને ઇંગ્લંડની ટિકિટો મોકલાવી આપીશ, કારણ મારી પાસે તેનો ખૂબ ભરાવો થઇ ગયો છે. જો તમે વગર વપરાએલી ટિકિટો મોકલશો તો હું પણ બદલામાં તેવી જ ટિકિટો મોકલાવીશ.

વારૂ. હાલ તો નાતાલની રજાઓ ચાલે છે ને કંઇ 'હોમવર્ક' કરવાનું નથી. બે અઠવાડિયાં સુધી હું શું કરીશ તેનું કંઇ ચોક્કસ કર્યું નથી. જો બરફ પડ્યો હશે તો સ્લેડિંગ કે સ્લે રાઇડિંગ પર ઊપડશું, પણ તેમ થાય એવું લાગતું નથી. જો 'ફ્રીઝ' થશે (એટલેકે પાણી ઠરીને બરફ થઇ જશે) તો અમે અમારા ઘરથી ત્રણેક માઇલ પર આવેલા એક પાર્કમાં આઇસ-સ્કેટિંગ પર જઈશું.

શાળામાં મેં ફ્રેન્ચ, ઇંગ્લિશ, ફીઝિક્સ, ઈન્ટરમીજિયેટ ઍલ્જીબ્રા, વ્યાયામ અને રાંધણકળાના વિષયો લીધા છે. ફ્રેન્ચનું આ મારૂં ત્રીજું વર્ષ છે. બે વર્ષ સુધી મેં જર્મન ભાષા લીધેલી, પણ આ વર્ષે તેમ નથી બની શક્યું. મારાં પહેલાં બે વર્ષ મેં એલીમેન્ટરી ઍલ્જીબ્રા અને પ્લેન જ્યૉમેટ્રી અનુક્રમે લીધેલાં. ગયે વર્ષે પ્રાણિવિજ્ઞાન ને થોડું વનસ્પતિવિજ્ઞાન પણ લીધેલું. બીજા કોઇ પણ વિષય કરતાં મને એ વિષય વધુ ગમે છે. (રજાના દિવસોમાં હું અમારી શાળાના પ્રાણિવિજ્ઞાનખાતામાંથી એક નાનો મગર ઘેર લાવેલો). વગડા ને જંગલોમાં ફરવાનું મને ગમે છે ને ત્યાં જે કંઈ નાનું પ્રાણી મળે તે પકડી લાવું છું. ટિકિટો સંઘરવા સિવાય મારો મોટામાં મોટો શૉખ સાપ, કાચબા, દેડકાં ને પક્ષીઓ સંઘરવાનો છે. મારા ભાઇ કે બીજા દોસ્તો સાથે ઉનાળામાં હું સાપોની તપાસમાં નીકળું છું. આ વરસે લગભગ ૧૦૦ જેટલા સાપ અમારા વાડામાં એક પીંજરામાં અમે એકઠા કરેલા, પણ કોઇ નાનાં છોકરાંએ તેની જાળી તોડી નાખતાં બધા નાસી ગયા.

ઉનાળામાં લાંબા પગપાળા પ્રવાસો કરી હું મારા મિત્રોને મળવા જાઉં છું. ગયે વર્ષે હું ન્યૂ જર્સીના લેઇકહર્સ્ટ ગામે (મારા ઘરથી ૭૦ માઇલ દૂર) ગએલો—'ફૉન હિન્ડનબુર્ગ' વિમાન જોવા. કમનસીબે લેઇકહર્સ્ટ મુકામે જ તે સળગી ઊઠ્યું. પૉઇન્ટ પ્લેઝંટ બીચ મુકામે રહેતા એક મિત્રને મળવા પણ હું વારાફરતી ત્રણ વખત ગએલો. મારા ઘરથી એ લગભગ ૭૫ માઇલ છેટું છે.

તમે અમારી જેમ જ નાતાલ ઊજવતા હશો કે કેમ તેની મને નવાઇ લાગે છે. અમે એકબીજાને ભેટો આપીએ છીએ અને એક ઝાડ (એવરગ્રીન)ને દીવાઓ ને અલંકારોથી શણગારીએ છે. નાતાલની સાંજે કે સવારે અમે ભેટોની અદલાબદલી કરીએ છીએ. અમારા મિત્રોને અભિનંદનનાં કાર્ડ પણ મોકલાવીએ છીએ. નાતાલ શરૂ થાય તેનાં બે અઠવાડિયાં પહેલાંથી અમે 'ક્રિસ્ટમસ કૅરોલ્સ' ગાવા મંડી પડીએ છીએ.

હું જે દેવળે જાઉં છું તેના પાદરી હિંદમાં જન્મેલા છે અને ત્યાં વીસ ઉપરાંત વરસ રહેલા છે. ત્યાંના કેટલાક લોકો કેવા ગરીબ હોય છે તે વિષે તેમણે અમને કહેલું. લગભગ બે વરસથી મારા પિતાશ્રી બેકાર હોઇ, પૈસાની બાબતમાં કંઈ કહેવા જેવું નથી.

મારાં નાનીમા (માનાં મા) હજુ જીવે છે ને આવતી વરસગાંઠે તેમને ૭૪ વર્ષ પૂરાં થશે.

બસ, હવે આટલેથી જ સમેટી લઉં છું કારણ અહીં શિયાળામાં ખૂબ જ વહેલું અંધારૂં થઇ જાય છે. મને જલદી જવાબ લખવા કૃપા કરશો ને તેમાં તમારા વિષે, તમારા કુટુંબ વિષે ને હિંદ વિષે મને માહિતી આપશો.

તમારો દોસ્ત રિચર્ડ વુર્ગેલ

તા.ક. મારો એક મિત્ર પારીસ (ફ્રાન્સ)માં પણ છે, જેની સાથે મારો પત્રવ્યવહાર ચાલુ છે.

હિંદી ચિત્રકલાનું સ્વરૂપ



પશ્ચાદ્વર્તી ચિત્રનો નમૂનો
જુઓ:'ચિત્રોનાં સ્થાન'

" कलानां प्रवरं चित्रं धर्मकामार्थमोक्षदम् ।
माङ्गल्यं प्रथमं चैतद् गृहे यत्र प्रतिष्ठितम् ॥
अध्याय ४३, श्लो. ३८.

ધર્મ, કામ, અર્થ અને મોક્ષ આપનારી ચિત્રકલા બધી કલાઓમાં શ્રેષ્ઠ છે. જે ઘરમાં એ કલાનો વાસ છે તે ઘર માંગલિક બની જાય છે. અબુલ ફઝલે 'આઇને અકબરી'માં એના એ વિચાર લગભગ હજાર વર્ષ પછી જણાવ્યા છે. અકબરના માનવા પ્રમાણે, ચિત્રકલા મુક્તિ અને ઈશ્વરસાન્નિધ્ય મેળવવાનું એક મુખ્ય સાધન છે.

ચિત્ર-રસાસ્વાદ

છતાં ચિત્રની સાચી કલા તો સહૃદયીને જ અસર કરી શકે છે. એ કલાનો રસાસ્વાદ સામાન્ય માણસને હમેશાં સુલભ નથી હોતો. 'કલા છે ભોજ્ય ને મીઠી, ભોક્તા વિણ કલા નહિ'—તેથી રસાનુભવનો જે અધિકારી હોય તે જ તે રસને માણી શકે છે.

ચિત્રકલાની સમજ

આપણે લગ્નના સંબંધમાં વિનોદ કરીને કહીએ છીએ કે

कन्या वरयते रूपं माता वित्तं पिता तम् ।
बान्धवाः कुलमिच्छन्ति मिष्टान्नमितरे जनाः ॥

કન્યા માત્ર વરના રૂપપર મોહે છે, માતા મૂરતિયાની આર્થિક સ્થિતિ જુએ છે, પિતા તેનું ભણતર જુએ છે, સગાંવહાલાં એનું કુલીનપણું જુએ છે, અને બીજા ન્યાતીલાઓની નજર માત્ર કયું મિષ્ટાન્ન જમવાનું મળશે તે ઉપર ઠરે છે;—તેમ, ચિત્રસૂત્રકારે ચિત્રના રસાનુભવ માટે સૌસૌની ગ્રાહક શક્તિ વર્ણવતાં કહ્યું છે કે, જે જેનો અને જેવો ગ્રાહક તે તેનો અને તેટલો રસોપભોગ કરી શકે છે:

रेखां प्रशंसन्त्याचार्या वर्तनां च विचक्षणाः ।
स्त्रियो भूषणमिच्छन्ति वर्णाढ्यमितरे जनाः ॥

વિવિધ દૃષ્ટિબિન્દુઓ

જે ચિત્રકલાના નિષ્ણાતો છે, તે ચિત્રના સૂક્ષ્મ સજીવ અને વેગવાળા રેખાંકનને જુએ છે; અને જે કલાના વિચક્ષણો છે તે ચિત્રમાં જણાઇ આવતી ચિત્રકારની પીંછીને ઝીણવટથી તપાસે છે; પરંતુ સ્ત્રીઓ જેવો પ્રાકૃત વર્ગ તો ચિત્રમાં ઘરેણાં વગેરેની ભરચક સજાવટ જોવા લલચાય છે; અને કેવલ સામાન્ય દ્રષ્ટાઓ

ભારતીય ચિત્રકલાનો સમજપૂર્વક રસાસ્વાદ લેવા માટે પહેલવહેલો તેનાં મંતવ્યોનો સહજ પરિચય આવશ્યક છે.

લલિત કલા

કલા એ ભાવનાની ભાષા છે; અને જે કલા અંતઃકરણને સૂક્ષ્મ આનંદ આપી શકે તે જ કલા 'લલિત' કહેવાય છે. હુન્નરઉદ્યોગની કલા 'ઉપયોગી' છે; અને તેથી ઉપયોગપૂરતી કલા તેમાં બતાવવામાં આવે છે; પરંતુ જે કલાદ્વારા ઇંદ્રિય ઉપરાંત બુદ્ધિને પણ સૌંદર્યની પ્રતીતિ થાય તે ખરી 'લલિત કલા' છે. 'લલિત' એટલે 'સુંદર'; અને 'લલિત' કલા એટલે તે કલા જે સૌંદર્યનું ભાન કરાવે, અને તે દ્વારા સાત્ત્વિક આનંદનો ઉપભોગ કરાવે.

કલાનું સાંસ્કૃતિક જીવન

વાસ્તુ, શિલ્પ, ચિત્ર, કાવ્ય, સંગીત, નૃત્ય અને અભિનય એ બધી લલિત કલાઓ છે. કોઈપણ પ્રજાની સંસ્કૃતિનો ખ્યાલ એની કલાના ઇતિહાસ ઉપરથી આવી શકે છે. વ્યક્તિમાત્રનું જીવન નાશ પામે છે; પરંતુ, વ્યક્તિઓના જીવનનો ઉલ્લાસ વ્યક્ત કરનારી કલાઓ તેમના પછી પણ જીવે છે; અને તે દ્વારા રાષ્ટ્રનો સાંસ્કૃતિક ઇતિહાસ રચાય છે.

ચિત્રકલા

વિષ્ણુધર્મોત્તરપુરાણના 'ચિત્રસૂત્ર' અધ્યાયમાં કહ્યું છે કે,



અજંતાની ભીંત પરનું 'નાગરાજ–કાશીરાજનો સમાગમ' નામનું આ આલેખન 'વૈણિક ચિત્ર'નો સારો નમૂનો છે. વળી તેમાં ઉપલી હારમાં છેલ્લું, હાથમાં થાળ ધરી ઊભેલી સુંદરીનું ચિત્ર 'પૃષ્ઠાગત ચિત્ર'નું દૃષ્ટાંત પૂરું પાડે છે. એ ઉપરાંત 'અનૃજુ''તથા 'સગાનત' પ્રકારનાં ચિત્રો પણ એમાંથી મળી આવશે. (આ પ્રકારો સમજવા માટે જુઓ આ લેખમાં 'ચિત્રનાં સ્થાન').

તો રંગની ભભક ઉપર જ વારી જાય છે:—આમ, ચિત્રનો ખરો આનંદ તો એ જ મેળવી શકે, જેને કંઈ સ્વાભાવિક સંસ્કાર છે, અને કંઈક તેનો અભ્યાસ પણ છે.

આ ઉપરથી કેટલાક કહે છે કે ચિત્ર એ રેખાબદ્ધ કાવ્ય છે; જેમ કાવ્યનો આત્મા વ્યંગ્ય છે તેમ ચિત્રનો આત્મા પણ ભાવ—વ્યંજના જ છે.

ચિત્રના પ્રકાર

જે સાધનો વડે અને જે વસ્તુ ઉપર ચિત્રનું આલેખન કરવાનું હોય છે તેને અનુલક્ષીને ચિત્રના ત્રણ કે ચાર પ્રકાર ગણાયા છે:

[૧] **ધૂલિચિત્રઃ** જેમાં રંગોળી, સાંઝી વગેરેનો ક્ષણજીવી પ્રકાર આવી જાય છે.

[૨] **સાદૃશ્યચિત્ર** અથવા **સત્યચિત્રઃ** જેમાં સંસારની વસ્તુઓનું તદ્દત્ ચિત્રણ હોય તે 'સત્ય' ચિત્ર (सादृश्यं दृश्यते यत्तु दर्पणे प्रतिबिम्बवत् ।)—જેમાં મોગલ કલાની તસ્વીરો અને બીજા દરબારી દેખાવોનો સમાવેશ થાય છે; છતાં ફોટોગ્રાફીની કલાથી એ ભિન્ન છે.

[૩] **રસચિત્ર** : જેના દર્શનમાત્રથી ચિત્રનો ભાવ–ચિત્રની વ્યંજના સમજાઈ જાય તે 'રસચિત્ર' (शृंगारादि रसो यत्र दर्शनादेव गम्यते ।)

આ અંકનું મુખચિત્ર 'બાજબહાદુર અને રૂપમતી' તથા અંદરની પ્લેટ પરનું રાધાકૃષ્ણનું ચિત્ર એ 'રસચિત્રો'ના સુંદર નમૂના છે.

[૪] **અર્ધચિત્ર** અથવા **વિદ્ધચિત્ર** : અમુક દૃષ્ટિકોણથી જોવા માટે કાઢેલું, ઉપસાવેલું, relief work અથવા profileને મળતું આલેખનકાર્ય.

[૫] **વૈણિક** અથવા **વસ્તુવિન્યાન** : ઘણાં પાત્રો અને આકૃતિઓનું એક ચિત્રમાં પ્રમાણશીલ અને સુયોગ્ય ગુંફન. (નમૂના માટે જુઓ આ પાના પરનું ચિત્ર)



વાર્તાનો એક પ્રસંગ આલેખતું રાજપૂત કલમનું આ ચિત્ર 'પરસ્પેક્ટિવ'ની નજરે 'સત્ય ચિત્ર' ન લાગે છતાં વાર્તાકથનની શૈલીનું એ અચ્છું રસચિત્ર છે.

ચિત્રકલાના નમૂના ભીંત ઉપર, કપડા પર, લાકડા પર, તાડપત્ર પર અને કાગળ પર—એ રીતે મળી આવે છે. આ સાથે રજૂ થતું અજંતાની ભીંત પરનું 'નાગ-રાજ–કાશીરાજ'ના સમાગમવાળું ચિત્ર વૈણિકચિત્રનો નમૂનો છે.

સત્યચિત્ર અને રસચિત્ર

હિંદી ચિત્રો મોટે ભાગે રસચિત્રો અથવા ભાવ-ચિત્રો હોય છે. યુરોપીય કૅમેરાથી આવતી હૂબહૂ નકલો-થી પ્રાપ્ત થઇ શકે છે તેવા પ્રકારનું સાદૃશ્ય ચીતરવું એમાં કલા નથી; કારણ કે યંત્રનો સંબંધ કેવલ વાસ્ત-વિકતા સાથે છે, ત્યારે કલાનો સંબંધ કલ્પના સાથે છે. અને પ્રેરણા વગર કલાકૃતિ શક્ય નથી,—ભલે એ કલા-વાહન કવિતા હો, નૃત્ય હો, શિલ્પ હો, સ્થાપત્ય હો કે ચિત્ર હો.

કોઇ કોઇ પાર્થિવ વસ્તુઓનું આલેખન કરતી વખતે ચિત્રસાદૃશ્ય અવશ્ય વ્યક્ત થવું જોઇએ. કોઇ-ની પ્રતિમા કે છબી બનાવવામાં ચહેરો આબેહૂબ આવે તે આવશ્યક છે; પરંતુ કલાકાર કેવલ અનુકરણ કરીને સંતોષ માનતો નથી. પરંતુ બ્રહ્માની જેમ, હમેશાં નવાં સર્જન કરવામાં જ તે મગ્ન રહે છે; ચિત્રની ભોંય ઉપ-જાવવામાં ચિત્રકાર સ્વતંત્ર રહી શકે છે.

આ સાથેનું રાજપૂત કલમનું ચિત્ર 'પર્સ્પેક્ટિવ'ની દૃષ્ટિએ સત્ય ચિત્ર નથી; છતાં તે વાર્તાકથનની શૈલીનું અચ્છું રસચિત્ર છે.

ચિત્રલક્ષણ

કયા ચિત્રને સુંદર કહેવું તે માટે ગ્રંથોમાં એવી વ્યાખ્યા આપી છે કે જે ચિત્રમાં માધુર્ય, તેજ અને સજીવતા હોય:—

> लसतीव च भूलम्बो विभ्रतीव तथा नृप ।
> हसतीव च माधुर्य 'सजीव' इव दृश्यते ।
> 'सश्वास' इव यच्चित्रं तच्चित्रं शुभलक्षणम् ॥

જે ચિત્ર સજીવ હોય એવું લાગે—હમણાં બોલી ઊઠશે એવો ભ્રમ થાય તે જ ચિત્ર સુંદર કહી શકાય. વળી ચિત્રમાં આવનારી આકૃતિઓનાં પ્રમાણ, કદ, તેનું સ્થાન—pose, ભાવવ્યંજના વગેરે પણ ઠરેલા ધોરણે જ હોવાં જોઇએ; તો જ ચિત્ર સર્વાંગસુંદર બને.


દેવ, રાજા, ઋષિ, ઇતર મનુષ્યો—એના ચિત્રણમાં સામાન્ય માણસ કરતાં રાજા કઇંક ઊંચો બતાવવો, અને રાજા કરતાં વળી દેવને ઊંચો ચીતરવો, જેથી પ્રત્યેકની મહત્તા ધ્યાન ખેંચી રહે. (જુઓ આ સાથેનાં દેવી સરસ્વતી અને પંડિત હેમાચાર્યનાં ચિત્રો). દેવોનો ચહેરો વધારે સુંદર અને તેજસ્વી બનાવવો; રાજા અગર દેવના માથા ઉપર કાળા વાંકડિયા વાળ ચીતરવા; સ્ત્રીઓ હમેશાં તરુણ અને ઊભેલી બનાવવી. તેમના મુખ ઉપર લજ્જા અને વિનય દેખાડવાં. આ પ્રકારની ભાવ-વ્યંજના તથા ભિન્નતા આંખ તત્કાળ પારખી કાઢે તે સારૂ અમુક અમુક રંગ વાપરવા તેની પણ માર્મિક સૂચના 'ચિત્રલક્ષણ' જેવા ગ્રંથમાં આપેલી છે.

ચિત્રના ડૉળિયાને—આલેખનને 'હસ્તલેખ' કહ્યો છે. એ હસ્તલેખ ઉપર 'ચિત્રાંકન' થયા પછી થતી છેવટ-ની ઝીણવટભરી સજાવટ—finishing touch—ને 'ચિત્રોન્મિલન' કહે છે.

ખરો ચિત્રવિત્ અથવા કુશલ ચિત્રકાર

ભિન્ન ભિન્ન માનસિક અવસ્થાઓ વ્યક્ત કરવામાં જ ખરા ચિત્રકારની કસોટી થાય છે.

> शल्यविद्धं च शुद्धं च यः करोति स चित्रवित् ।



૯

સામાન્ય મનુષ્ય કરતાં રાજા, ઋષિ કે દેવને ચિત્રણમાં મોટા કે ઊંચા આલેખવા એ શિરસ્તો હિંદની પ્રાચીન કાળની કળાથી જ ચાલ્યો આવ્યો છે. શ્રી સારાભાઇ નવાબ સંપાદિત 'જૈનચિત્રકલ્પદ્રુમ' માંનું એમના સૌજન્યથી અહીં ઉતારેલું દેવી સરસ્વતીનું આ ચિત્ર તથા અન્યત્ર ઉતારેલું એમના જ એ ગ્રંથમાંનું હેમચંદ્રાચાર્યનું ચિત્ર તેનાં દૃષ્ટાંતો છે. વળી એ બંને ચિત્રો 'દોઢચશ્મ તસ્વીર'(oblique ચિત્ર)ના પણ નમૂના છે.

तरङ्गाग्निशिखाधूमं वैजयन्त्य-
स्वरादिकम् ।
वायुगत्या लिखेद्यस्तु विज्ञेयो
मत्तचित्रवित् ॥
सुप्तं च चेतनायुक्तं मृतं
चैतन्यवर्जितम् ।
निम्नोन्नतविभागं च यः करोति
स चित्रवत् ॥
—चित्रसूत्र ।

'જે ચિત્રકારને વૃદ્ધ અને જખમી મનુષ્ય બરોબર ચીતરતાં આવડે તેને જ ખરો ચિત્રકાર કહેવો. મોજાંની લહેર જેવી રેખા, અગ્નિની ઝાળ, ધૂમ્રગોટ અને પવનસંચારની દિશા બતાવનારી ધ્વજાઓ ચીતરી શકે તેને જ ચિત્રકાર કહી શકાય. ઊંઘતા, બેશુદ્ધ, મરેલા અથવા એવી અનેક બેભાન સ્થિતિમાં પડેલા મનુષ્યો જેને આબેહૂબ ચીતરતાં આવડે તે જ ખરો ચિત્રકાર છે. તે સિવાય, ઊંચા, નીચા અને ખરબચડા ભૂમિપ્રદેશ પણ જે ચિત્ર દ્વારા બતાવી શકે છે તેને જ 'ચિત્રકાર' સંજ્ઞા આપી શકાય. જે ચિત્રકાર, પ્હો ફાટતી વખતનું અને સાંજ પડતી વખતનું સાંધ્ય તેજ નોખીનોખી તેજચ્છાયાથી બતાવી શકે તે જ ખરો કુશલ કહેવાય.'

આ ઉપરથી જોઇ શકાય છે કે ભાવચિત્ર ઊભું કરવામાં જે જે સાવધાનતા અને કુશલતા ચિત્રકારમાં હોવી ઘટે છે તે આપણે આ યત્તા ઉપરથી જાણી શકીએ છીએ.

ચિત્રનાં છ અંગ

ત્રીજા શતકમાં રચાએલાં 'કામસૂત્રો'ની લગભગ દસમા શતકમાં લખાએલી જયમંગલા ટીકામાં ચિત્રનાં છ મુખ્ય અંગ બતાવનારો શ્લોક છે:

रूपभेदाः प्रमाणानि भावलावण्ययोजनम् ।
सादृश्यं वर्णिकाभंग इति चित्रं षडङ्गकम् ॥

ચિત્રના ભિન્ન વિષયોનું જ્ઞાન તે **રૂપભેદ**; અંગ અને સ્થાનના પ્રમાણનું યથાયોગ્ય જ્ઞાન તે **પ્રમાણ**; શરીર ઉપર દેખાવાના મનોવિકાર તે **ભાવ**; સુંદર અને ચિત્તાકર્ષક ભાગનું આલેખન તે **લાવણ્યયોજન**; કુદરતની યથાસ્થિત નકલ તે **સાદૃશ્ય**; અને રંગ તથા શલાકા(પીંછી)નો ઘટતો ઉપયોગ તે **વર્ણિકાભંગ**; —આ પ્રમાણે ચિત્રનાં છ અંગ જેમાં અનુરૂપ હોય તે ચિત્ર ઉત્તમ કહેવાય.

ચિત્રગુણાષ્ટક અને ચિત્રદોષ

વિષ્ણુધર્મોત્તરપુરાણમાં 'ગુણાષ્ટક' ગણાવવામાં આવ્યું છે તે નીચે પ્રમાણે:

स्थानप्रमाणभूलम्बो मधुरत्वं विभक्तता ।
सादृश्यं क्षयवृद्धिश्च **गुणाष्टकमिदं** स्मृतम् ॥

રેખામાધુર્ય, પ્રમાણ, સાદૃશ્ય, પાર્શ્વભૂમિની સજાવટ, સજીવપણું ઇત્યાદિ ચિત્રના આવશ્યક આઠ ગુણો છે; અને

दौर्बल्यं स्थूलरेखात्वमविभक्तत्वमेव च ।
वर्णानां संकराश्चात्र **चित्रदोषाः** प्रकीर्तिताः ॥

જાડી રેખા, પ્રમાણભંગ, અયોગ્ય રંગની મિલાવટ, ભાવનાશૂન્યત્વ અને અવયવોનું ભૂલભરેલું આલે-

ખન, એ ચિત્રના દોષ કહેવાય છે.

ચિત્રનાં સ્થાન—Pseso

'ચિત્રસૂત્ર'કારે તેમ'ચિત્રલક્ષણ'કારે છબી—પ્રતિમા —portrait માટે, નવ પ્રકારનાં સ્થાનો વર્ણવ્યાં છે: આલેખનમાં શરીરનો અને મુખ્યત્વે કરીને મ્હોંનો કેટલો ભાગ દેખાવો જોઇએ તે ધ્યાનમાં લઈ, આ નવ પ્રકારના ભેદ બતાવવામાં આવ્યા છે:

(૧) ઋજ્વાગત—સંમુખ અથવા અભિમુખ-- frontal elevation.

(૨) અનૃજુ – અર્ધાભિમુખ – semifrontal– એક બાજુ.

(૩) સાચીકૃત શરીર—oblique or three–quarters—દોઢચશ્મ તસ્વીર જેમાં, એક બાજુ બંને આંખ દેખાય. (જુઓ હેમચંદ્રાચાર્યવાળું ચિત્ર)

૪ અર્ધવિલોચન—profile—જેમાં એકજ આંખ માત્ર દેખાય એવું એકચશ્મ ચિત્ર. (જુઓ રાધા-કૃષ્ણની પ્લેટ)

૫ પાર્શ્વાગત—પૃષ્ઠ ભાગ—back elevation, જેમાં પીઠનો ભાગ દેખાય. (જુઓ, મંજીરાં વગાડતી અજંતાની નર્તકીનું ચિત્ર)

૬ પરાવૃત્ત—જેમાં અર્ધું મ્હોં બીજી બાજુ દેખાય. (જુઓ અજંતાની અર્ધ્ય ધરતી સ્ત્રીનું ચિત્ર)

૭ પૃષ્ઠાગત—ત્રણ ચતુર્થાંશ—ઊલટા ક્રમે. (જુઓ નાગરાજ-કાશીરાજ સમાગમના ચિત્રમાં છેક ઉપરની હારમાં છેલ્લું થાળવાળી સુંદરીનું ચિત્ર)

૮ પરિવૃત્ત—જેમાં બીજી આંખ માત્ર દેખાય. (જુઓ મંજીરાં વગાડતી અજંતાની બીજી નર્તકીનું ચિત્ર)

૯ જેમાં સમાનત—ગમે તે એક બાજુ નમેલો ભાગ દેખાય. (જુઓ નાગરાજ—કાશીરાજનું ચિત્ર)

—આ ઉપરાંત, મુખ સામું પણ શરીર તીરછું અને મુખ તીરછું પણ શરીર સંમુખ—(દા. ત. ત્રિભંગ-વાળું મુરલીધરનું ચિત્ર)—એવાં 'સ્થાન' પણ ચિત્રકારોને સાધ્ય છે. શરીરના અવયવોનાં પરસ્પર પ્રમાણ અને માપ ધ્યાનમાં રાખી ચિત્રકારે આ poses બતાવવાનાં છે.

અર્ધવિલોચન—Profile

ભારતીય ચિત્રોમાં ઘણે ભાગે 'અર્ધવિલોચન' અથવા 'એકચશ્મ'વાળી તસ્વીરો મળી આવે છે: અને આ આસનમાં, શરીરનો ત્રણચતુર્થાંશ ભાગ ચિત્રકાર બતાવી શકે છે. પ્રાચીન સંપ્રદાય એવો છે કે વ્યક્તિ-ઓના શરીરનો વધારેમાં વધારે ભાગ અનુકૂળતા પ્રમાણે બતાવવો જોઇએ (જુઓ બાજબહાદુર-રૂપમતી તથા રાધાકૃષ્ણનાં ચિત્રો). એ જ કારણને લીધે સંમુખ ચિત્રો બહુ ઓછાં, અને જે મળે છે તે પ્રમાણમાં બહુ નીરસ હોય છે. સંમુખ ચિત્રમાં પ્રેક્ષક માત્ર અર્ધું શરીર જોઇ શકે છે.

દોઢ આંખ દેખાય એવી તસ્વીર જેને અંગ્રેજીમાં three–quarters profile કહે છે એનો પ્રચાર પણ ભારતીય ચિત્રકારોમાં વિશેષ છે; પરંતુ અકબર તથા જહાંગીરના સમય પછી એકચશ્મ તસ્વીર—profileનો જ ઝાઝો પ્રચાર થયા કર્યો છે.

તેજ અને છાયા

ચિત્રકામમાં બીજી વસ્તુ ચિત્રકારને એ ધ્યાનમાં રાખવાની હોય છે કે વસ્તુઓનું પરસ્પર અંતર જોનાર-ના ધ્યાનમાં આવે તેટલા સારુ, તેને પ્રકાશ તથા છાયાના સંમિશ્રણદ્વારા રજૂ કરવાનું હોય છે, તેમ જ ઊંચાનીચા ભાગનો પણ તેજચ્છાયાથી ખ્યાલ કરાવવાનો હોય છે:

तस्मिन्निम्नोन्नतादिनी छायाभेदेन दर्शयेत्।

પ્રકાશવાળો ભાગ કોમળ તેમજ આછા રંગથી અને છાયાવાળો ભાગ ઘેરા રંગદ્વારા દેખાડવો એવી ગ્રંથોમાં સૂચના છે.

ઊંડાઈ અને દૃક્પ્રત્યય—Perspective

વર્તમાન સમયના પ્રેક્ષકોને ભારતીય ચિત્રકલામાં perspective બતાવવાના યુરોપીય રિવાજનો અ-ભાવ ખૂંચે છે. ઇટલીમાં ચૌદમી સદીમાં આ પ્રથાનો પ્રારંભ થયો. જેમ રંગભૂમિમાં પ્રેક્ષક નાટ્યપ્રયોગ જુએ છે, તેમ ચિત્રરચના પણ પ્રેક્ષકના એક નિશ્ચિત —બરાબર સામેના—દૃષ્ટિકોણથી હોવી જોઇએ. તેજ-છાયાથી ઊંડાઈ બતાવવાની રીત પણ આને લીધે જ યુરોપમાં શરૂ થઈ હતી.


કૅમેરાનાં તદ્રૂપ ચિત્રો અમુક દૃષ્ટિકોણથી જ લઇ શકાય છે; પરંતુ હિંદી ચિત્રકારને તો પોતાની કૃતિમાં શક્ય તેટલું વિસ્તારપૂર્વક આલેખન કરવાની ઇચ્છા હતી, તેથી એક જ ચિત્રમાં અનેક દૃષ્ટિબિંદુઓથી એ આલેખન કરે છે. યુરોપીય પદ્ધતિ પ્રમાણે જો

ચિત્રનાં સ્થાન-Poses-દર્શાવતાં જુદા-જુદા પ્રકારનાં આ ચિત્રો લેખમાંના એ વર્ણન સાથે સરખાવી જોવાથી સરળતા થશે. જમણી બાજુ: પહેલી નર્તકી 'પાર્શ્વ-ગત ચિત્ર'—એટલે જેમાં પીઠનો જ ભાગ દેખાય તેનો નમૂનો છે. બીજી નર્તકી 'પરિવૃત્ત' ચિત્રનું ઉદાહરણ છે. નીચે ડાબી બાજુએ આપેલું સ્વામીનારાયણ સંપ્રદાયનું હજી હમણાંનું ઓગણીસમી સદીનું આલેખન, અને જમણી બાજુએ આપેલું વિક્રમ સંવત ૧૨૦૦નું જૂનામાં જૂનું ચિત્ર, એ બંનેમાં હિંદી ચિત્રકલાની પ્રણાલિકાઓ એકધારી સચવાએલી નજરે પડે છે. ડાબી તરફના ચિત્રમાં 'સંમુખ' frontal elevation અને 'અર્ધવિલોચન' ચિત્ર—એકચક્ષ્મી તસ્વીર-profile-ના નમૂના છે; જ્યારે જમણી બાજુના, ઉપદેશ કરતા હેમચંદ્રાચાર્યના ચિત્રમાં બધાં પાત્રો દોઢચક્ષ્મી તસ્વીર—'સાચીકૃત શરીર' (oblique ચિત્ર) ની પદ્ધતિનાં આલેખનો છે. સામાન્ય માનવી કરતાં ઋષિ, વિદ્વાન, રાજા કે દેવને મોટા ચીતરવાની પ્રણાલીનું પણ, એ હેમચંદ્રાચાર્યનું ચિત્ર, ઉદાહરણ છે. એ ચિત્ર શ્રી સારાભાઈ નવાબના 'જૈનચિત્રકલ્પદ્રુમ'માંથી એમના સૌજન્યથી અત્રે લીધું છે.









નદી ચીતરવી ત્યારે તેમાં વહાણો તથા જળચરો વગેરે બતાવવાં, એવી હિંદી ચિત્રકલાની પ્રણાલીના નમૂનારૂપ ચિત્ર (શ્રી સારાભાઈ નવાબના સૌજન્યથી તેમના ચિત્રગ્રંથમાંથી)

એ કામ કરે તો તેને જેટલાં દૃષ્ટિબિન્દુ તેટલાં ચિત્રો દોરવાં પડે.

આમ હોવાથી જ કેટલાંક મુગલ કલમનાં તેમજ રાજપૂત કલમનાં ચિત્રોમાં ઘરની અંદરના તેમ જ ઘરની બહારનાં દૃશ્યો એકસાથે જોવાને મળે છે. ચિત્રની યથાર્થતા સમજવા માટે પ્રેક્ષક પોતાની આંખને જુદાજુદા દૃષ્ટિકોણમાં ફેરવી શકે છે—જેમ રંગભૂમિનો પ્રયોગ સામેથી, બાજુ પરથી તેમ ઊંચેથી પણ જોઇ શકાય છે. હિંદી ચિત્રોનું પણ તેમજ છે.

બીજુ વસ્તુ એ ધ્યાનમાં રાખવાની છે કે હિંદી ચિત્રો કદમાં નાનાં હોય છે અને ઘણેભાગે પુસ્તકોનાં પાનાં જેવડાં જ છૂટાં અથવા બાંધેલાં રહે છે; તેથી એને યુરોપીય તૈલચિત્રોની પેઠે દૂરથી જોવાની જરૂર પડતી નથી.

ચિત્રકલામાં શિષ્ટાચાર

ચિત્રકારે ચિત્ર દોરતી વખતે શું શું ધ્યાનમાં રાખવું ઘટે તે માટે નાટ્યશાસ્ત્રમાં વર્ણવ્યો છે તેના જેવો એક શિષ્ટાચાર નક્કી કરેલો છે. ચિત્રકાર નદી બતાવે ત્યારે તેમાં વહાણ અને જળચરો પણ બતાવવાં જોઇએ; દેવતાઓને ચીતરે ત્યારે દેવપત્નીઓ સાથે, માલા ધારણ કરાવી તેમને રજૂ કરવા જોઈએ; બ્રાહ્મણોને શુક્લામ્બરસાથે, ઋષિઓને જટાજૂટ સાથે, પ્રજાજનોને સામાન્ય શ્વેત વસ્ત્રવાળા અને ગાયક તથા નર્તકોને અલબેલા પોશાકમાં ચીતરવા જોઇએ.

આકાશ શ્યામ હોય ત્યારે અનેક તારાસહિત અને એ ફિક્કું ભૂરૂં હોય ત્યારે ઊડતાં પક્ષીઓ સહ બતાવવું જોઇએ. પર્વતોનાં શિખરો અનેક વૃક્ષ વડે અને નગરો અનેક રાજમાર્ગ તથા ઉદ્યાનો સાથે ચીતરવાં જોઇએ.—એટલે કેવલ મુખ્ય વસ્તુનું સાદૃશ્ય ચીતરવા ઉપરાંત, ચિત્રકારે બીજી અનેક ભાવનાઓ પોતાના ચિત્રમાં ભરવાની હોય છે; જેથી એનું ચિત્ર માત્ર કોઇપણ વસ્તુની હૂબહૂ નકલ ન બની રહે, પરંતુ તેમાંથી એક 'રસચિત્ર' ઊભું થાય.

ગૃહજીવનમાં ચિત્રનું સ્થાન

અમુક ચિત્ર કેમ ઓળખવું તે માટે જેમ શિષ્ટાચાર છે તેમ, એવાં ચિત્રો ઘરના કયા ભાગમાં મૂકવાં અને કેવાં ચિત્ર બીલકુલ જ ન દોરવાં તે માટે પણ આચાર્યોએ વિધિનિષેધ ઠરાવી મૂકયા છે.

યુદ્ધનાં, સ્મશાનનાં તથા કરુણ અને અમંગલ પ્રસંગનાં ચિત્રો રહેવાના સ્થળમાં કદી ન ચીતરાવવાં કે ત્યાં રહેવા ન દેવાં. રાજસભા અને દેવમંદિરોમાં બધા પ્રકારનાં ચિત્રો રહી શકે છે; પરંતુ સામાન્ય સ્થાનોમાં શૃંગાર, હાસ્ય અને શાંત રસનાં ચિત્રો જ દોરાવવાં જોઇએ. તેમાં યે શૃંગારનાં ચિત્રો ખાસ કરીને શયનખંડની બહાર ન રાખવાં જોઇએ.

ચિત્ર અને નૃત્યકલા

ચિત્રકલાનો વિષય કેવલ પુસ્તકોદ્વારા શીખવાનો નહોતો. ચિત્રકારને પોતાને વાસ્તવિકતાનો અને ભાવવ્યંજનાનો પ્રત્યક્ષ ખ્યાલ આવે તેટલા સારૂ, નૃત્યશાસ્ત્રનો અભ્યાસ તેણે અવશ્ય કરેલો હોવો જોઇએ. શિલ્પકૃતિઓના નિર્માણ માટે જેમ નૃત્યશાસ્ત્રનું જ્ઞાન પહેલું હોવું ઘટે છે તેમ નૃત્યશાસ્ત્રના અભ્યાસ વગર ચિત્રસૂત્રનું હાર્દ સમજાવું અને ચિત્રનું રેખાંકન કરવું અઘરૂં—લગભગ અશક્ય જ છે. તેથી જ કહ્યું છે કે.

विना तु नृत्यशास्त्रेण चित्रसूत्रं सुदुर्विदम्।

નૃત્ય અને ચિત્રનો પ્રાણ અભિનય અને મુદ્રા છે. નેત્ર, અંગુલી, પગ તથા બીજાં અંગઉપાંગની ભાવમય ચેષ્ટાને નૃત્ય કહે છે. શિલ્પી તેમ જ ચિત્ર-

કારનું પહેલું કર્તવ્ય, આ ચેષ્ટાઓને યથોચિત સ્વરૂપમાં પોતાની કૃતિમાં ઉતારવામાં રહેલું છે; અને તેથી જ આલંકારિકોએ ગણાવેલા નવ અથવા દસ રસ ચિત્રકલાને પણ માન્ય છે.

ચિત્રકલા અને નાટ્ય

ભરતનાટ્યશાસ્ત્રના તેરમા અધ્યાયમાં નાટકનું હાર્દ બતાવ્યું છે કે, જેટલી વયનું પાત્ર હોય તેને છાજતો તેને વેષ સજાવવો જોઇએ; વેષને અનુસરતું અને શોભતું એ પાત્રનું હલનચલન થવું જોઇએ; જેમજેમ એને રંગભૂમિ પર હરવાફરવાનું હોય તેમ તેને બેઠઊઠ ને બેસતું એને ભાષણ બોલવાનું હોવું જોઇએ; અને પાત્રના પાઠ્ય ભાષણમાં દેખાતા ભાવને અનુસરતો તે પાત્રનો અભિનય થવો જોઇએ: તો જ એ પાત્રનું કામ યથાસાંગ થયું ગણાય:

> वयोनुरूपः प्रथमं तु वेषो
> वेषानुरूपश्च गतिप्रचारः ।
> गतिप्रचारानुगतं च पाठ्यं
> पाठ्यानुरूपोऽभिनयश्च कार्यः ॥

—જેમ નાટ્યમાં તેમ ચિત્રમાં પણ, ચિત્રાકૃતિ કેટલી વયની બતાવવાની છે તે જાણ્યા પછી, તે વયના કદને અનુસરતો વેષ—પહેરવેશ બતાવવો; અને વયને છાજે અથવા શોભે તેવી ગતિ એટલે અંગવિન્યાસ બતાવવો, તથા એ અંગવિન્યાસને અનુકૂળ આવે તેમ, જે ભાવ અથવા રસને પ્રકટ કરવો હોય તે પ્રમાણે તેમાં રંગપૂરણી કરવી;—આ બધું ચિત્રકારે ધ્યાનમાં રાખવાનું હોય છે.

ચિત્ર અને શિલ્પનો સંબંધ

આસન, મુદ્રા અને ભાવ તથા તાલમાન (કદ) —એ વિષયના શિલ્પશાસ્ત્રના સિદ્ધાંતોને ચિત્રકલા સંપૂર્ણપણે અનુસરે છે. નૃત્યનાં સ્વરૂપોની ભાવના શિલ્પકૃતિઓમાં તેમ જ ચિત્રમાં ઊતારવામાં આવે છે તેથી કેટલીક શિલ્પકૃતિઓ સાથે ચિત્રોની ઢબ કે styleનો નિકટ સંબંધ સ્થાપી શકાય છે;—આ શિલ્પકૃતિ પથ્થર પર હોય, લાકડાપર હોય કે પછી ધાતુપર હોય.

૧૩મા શતકમાં બંધાએલા ચિદમ્બરમ્‌માંના નટરાજમંદિરમાં નૃત્યનાં ૧૦૮ સ્વરૂપોની, ભરતનાટ્યશાસ્ત્ર પ્રમાણે કલ્પેલી મૂર્તિઓ આજે પણ જોઇ શકાય છે. તે જ પ્રમાણે ચિત્રકલામાં, ભરૂચ પાસેના



ભરૂચ પાસેના ગંધાર બંદરમાં વિક્રમના ૧૫મા સૈકામાં ચીતરાએલા 'કલ્પસૂત્ર'ના હાંસિયામાં હસ્તમુદ્રા, પાદમુદ્રા, તાનપ્રકાર, દૃષ્ટિભેદ, રાગરાગિણી, વગેરેનાં નાનાં પણ લાક્ષણિક સુંદર ચિત્રો આપેલાં છે તેના માત્ર બે જ નમૂના: શ્રી સારાભાઈ નવાબના 'જૈનચિત્રકલ્પદ્રુમ'માંથી: તેમના સૌજન્યથી

ગંધાર બંદરમાં વિક્રમના પંદરમા સૈકામાં ચીતરાએલા 'કલ્પસૂત્ર'ની પોથીનાં હાંસિયાઓમાં, હસ્તમુદ્રા, પાદમુદ્રા, તાનપ્રકાર, દૃષ્ટિભેદ, રાગરાગિણી વગેરેનાં લાક્ષણિક નાનાં ચિત્રો આપેલાં છે. આ પોથીનું અસ્તિત્વ શ્રી સારાભાઇ નવાબે પહેલું પ્રસિદ્ધિમાં આણ્યું હતું. રાજપૂત કલમનાં 'રાગમાલા'નાં ચિત્રોનું પિયેર આ પોથીમાંનાં રાગરાગિણીચિત્રોમાં ખોળી શકાય છે.

કહ્યું છે કે 'हस्तपादसमायोगः नृत्तस्य करणं भवेत्।' નૃત્તનાં સાધન, હાથ અને પગની વિવિધ સંયોજનાઓ છે. એ સંયોજનાનું યથાસ્થિત સ્વરૂપ ચિત્રકારની આંખ આગળ આવી ખડું થાય તો જ એ 'સજીવ' અને 'સ-શ્વાસ' ચિત્ર દોરી શકે.

ચિત્રકલાનું શિક્ષણ

આપણી ચોસઠ કલાઓમાં ચિત્રકલાનો સમાવેશ છે. એ ચિત્રકલા, તે રસિક કલાભિજ્ઞની સામાજિક અને ગૃહજીવનને લગતા પ્રસંગોમાં કામ આવનારી

સામાન્ય ચિત્રકલા. વાત્સ્યાયનનાં 'કામસૂત્રો'માં સુશિક્ષિત (accomplished અથવા civilized) નાગરક અથવા નાગરિકના શિક્ષણનો વિચાર કરવામાં આવ્યો છે. ત્યાં લખવામાં આવ્યું છે કે દરેક નાગરિકે પોતાની પાસે એક ચિત્રફલક, શલાકા અને રંગની પેટી-પટ્ટોલિકા-એટલી વસ્તુઓ અવશ્ય રાખવી.

અહીં 'પટ્ટોલિકા' શબ્દથી 'અનેક રંગો ભરેલી' પેટી, એમ સમજાવેલું છે: તે ઉપરથી કહેવાનું મન થાય છે કે આપણાં 'પટોળાં'નું નામ તેમાં આવતા વિવિધ રંગોના સંમિશ્રણને લીધે પડયું હોય એમ સંભવે છે.

ચિત્રકારનું સમાજમાં સ્થાન

પરંતુ નાગરક જે ચિત્રકલા શીખતો તે તો તેના મનની મોજ ખાતર અથવા કલાના શોખ ખાતર–pastime કે accomplishment ખાતર–શીખતો. પરંતુ ધંધા તરીકે–career તરીકે–તો 'અભિજાત ચિત્રકાર' અથવા 'ચિત્રકાર–વ્યવસાયી' જ પેઢી દર પેઢી, તેની પરંપરા સાચવતો.

ચિત્રકારનો કારીગર વર્ગ

ઋગ્વેદ (૪/૧૬/૩)માં ઉલ્લેખ છે કે 'એવી રીતે સ્વર્ગમાં સાત કારીગરો બનાવ્યા: તે લોકો દિવસે ગાતા ગાતા પોતાનું કામ કર્યે જાય છે.' એ સાત કારીગર 'કારુ' કહેવાતા: ચિત્રકાર, શિલ્પકાર, નર્તક, કવિ, ગાયક, વાસ્તુકાર અને વાદ્યવાદક. એ સાતમાંથી બે શિલ્પી અને ચિત્રકાર, ખાસ કરીને મુખ્યત્વે 'કારુ'–કારીગર છે.

ચિત્રકાર–'Artist' તરીકે

હાલના વખતમાં જેને 'આર્ટિસ્ટ' કે કલાકારનું નામ આપી ચિત્રકારનું બહુમાન કરવામાં આવે છે એ તો અર્વાચીન કાળમાં બન્યું છે. સંસારભરમાં ચિત્રકાર એ મુખ્યત્વે કારીગર જ હતો; કારણ કે પોતાની પ્રેરણા પ્રમાણે એ બહુ જ ઓછું કામ કરતો. એની કલા–કારીગરી ઉપર એની આજીવિકાનો આધાર રહેતો હતો.

ગ્રાહકોની રુચિ પ્રમાણે ચિતારાનું સર્જન

ચિત્રકારની કૃતિના વિષય તેના આશ્રયદાતા નક્કી કરી આપતા; અને તેથી તેને ગ્રાહકોની રુચિ અને ફરમાયેશ પ્રમાણે કામ કરવું પડતું. ધાર્મિક સંપ્રદાયોના ઉત્કર્ષ પાછળ કે ધનાઢ્ય ગ્રાહકોને સારું મનાવવા પાછળ જ ચિત્રકારોનું જીવન બહુધા વીતતું હતું. છતાં એની કલાકૃતિઓમાં જે પ્રતિભા જોવામાં આવતી તે કલાકારની પોતાની ઇશ્વરદત્ત શક્તિઓને લીધે જ હતી. તેમાં તેના મુરબ્બીઓનો બીલકુલ હિસ્સો નહોતો.

વ્યક્તિગત કલાપ્રદર્શનની નક

આમોદપ્રમોદ માટે રાજાઓ જેમ સંગીતકારો અને નૃત્યકારોને રાજસભામાં રાખતા અને પોતાની કલાપ્રિયતાનાં યશોગાન કરાવવા માટે આશ્રય આપતા તેમ ચિત્રકારને પણ આશ્રય મળતો. આમ, ચિત્રકાર એ રાજ્યનાં અનેક 'કારખાનાં'ના કારીગરોમાંનો એક હતો. આ કારીગરોની પ્રેરણા વ્યક્તિગત નહોતી, પરંતુ કર્તવ્યગત હતી; છતાં, ફરજ તરીકે કરેલા કામદ્વારા કીર્તિ કમાવાનો તેમને રજ પણ ખ્યાલ નહોતો; તોપણ સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલાના અનોખા સંગ્રહસ્થાન જેવી અજન્તા ગુફાઓની કલાકૃતિઓ, પરંપરાગત કલાપ્રણાલી પ્રમાણે સમષ્ટિના આનંદ ખાતર નિર્માણ થઇ હતી એ તેમને માટે ઓછા ગૌરવની વાત નથી!

ચિત્રકારનો 'ધર્મ'પ્રેમ

ચિત્રકારની સેવાઓ ગમે તે ધર્મ પાળનાર માટે મળી શકતી હતી એમ આપણે ઉપર જોયું; તેથી બૌદ્ધ, જૈન, હિંદુ તથા મુસ્લિમ—એ સૌના આશ્રયથી ખીલેલી ચિત્રકલામાં,ધર્મનો અંતરાય કે પક્ષપાત નડયો જણાતો નથી; ઊલટું એકબીજા ધર્મના અનુયાયીઓમાં, કેટલાંક સર્વસામાન્ય કલાસ્વરૂપો અને સર્જનો કશા પણ ભેદભાવ વગર પ્રિય બની શકયાં હતાં.

હિંદી કલાનો હેતુ

હિંદની ચિત્રકલાની લગભગ બધી પદ્ધતિઓનો સંબંધ મુખ્યત્વે ત્રણ ધર્મ સાથે જોડવામાં આવે છે: બૌદ્ધ, હિંદુ અને જૈન. બૌદ્ધ ચિત્રકલાનો ઉદ્ગમ અને વિસ્તાર બૌદ્ધ ધર્મના પ્રચાર માટે જ થયો હતો; અને બૌદ્ધ ધર્મના લોપ સાથે તે કલાકૃતિઓનું સર્જન થતું પણ અટકી ગયું હતું. આ જ ઇતિહાસ, હિંદુ તથા જૈન ધર્મની કલાકૃતિઓના સર્જનને અધિકાંશે અનુસરે છે.

આમવર્ગની કલા

ભારતીય કલાનું સર્જન વ્યક્તિગત આનંદ માટે નહોતું થયું, પરંતુ બહુજનસમાજને જે વિષયો, જે

પ્રસંગો, અને જે પ્રતિકૃતિ રુચે તે પ્રમાણે તે કલાકૃતિઓ જન્મ પામતી હતી. આમ, આમવર્ગ માટે સર્જાએલી આ કલાના નમૂના મોગલોની દરબારી કલાકૃતિઓને મુકાબલે કેમ જુદા પડી ગયા તે હવે પછી જોઇશું.

ભારતીય ચિત્રકલાની સ્થાનિક પદ્ધતિઓનો પરિચય હવે પછીના લેખમાં કરીશું ત્યારે ચિત્રકલા સંબંધીનો શિષ્ટાચાર નજર આગળ રહેવાથી, તે સમજવામાં ઘણી સુગમતા થશે. **મંજુલાલ ર. મજમુદાર**

નિવાપાંજલિ

(સ્વ. પંડિત નારાયણ મોરેશ્વર ખરેને)

· અનુષ્ટુપ ·

૧

ઉષાનાં ઊઘડ્યાં ન્હોતાં પ્રભાતે શાન્ત પોપચાં,
સાભ્રનાં સળક્યાં ન્હોતાં નીર બ્રાહ્મ મુહૂર્તમાં.
ચર ને અચરો સર્વે પોઢયાં'તાં મધુ નીંદમાં;
મન્દ, મધ્ય સ્વરો કેરાં સ્પન્દનો છાઇ ત્યાં રહ્યાં.
પવિત્ર પ્રાર્થનાભોમે ધવલા વાલુકાપટે
સંસ્તુતિ સ્વરની જાગી નાદબ્રહ્મ ઉપાસવા.
ગુરુ! તમ્બૂરમાં રક્ત તમારા સિદ્ધ કંઠથી
અમારા શિશુના પ્રાણે ભવ્યતાને અનુભવી.
મધ્ય સ્વરે મળીને યે મન્દ્ર ષડ્જ થતો છતો,
મન્દ્રે કંઠ મળીને યે રમ્ય–ગમ્ભીર ગુંજતો.
પ્રભાતો, માસ, અયનો વળી સંવત્સરો વહ્યા;
નીચે સાભ્રતણાં નીર, ગુંજનો ઉપરે વહ્યાં.

૨

સન્ધ્યાતણી પ્રશાન્તે કૈં પળમાં તારકો સ્ફુર્યા,
દ્વિજનાં વૃન્દ ગાઇને અમરાઈ મહીં શમ્યાં.
તમે સરસ્વતી પાયે શિર નામી સ્તવી રહ્યા,
હૃદયે ઊભરાતી એ યાતનાને દમી રહ્યા.
શય્યા પુત્ર તણી છાંડી એકતારી ઉરે કરી,
અહો વત્સલતાથી યે વડી આરાધના ગણી.
ગૃહસ્થજીવને દીક્ષા સાધુતાની તમે લીધી,
લોકસંગ્રહ અર્થીને ઘરબેઠાં રૂચ્યું નહિ.
ઉપાસના તણે અન્તે સંદેશો શ્રવણે પડ્યો,
ઈશે વત્સ લીધો જાણી આત્મા સ્વસ્થ તમે કર્યો:
નથા અશ્રુ, ન નિઃશ્વાસો, વિલાપો કારમા નથી,
રઘુનાથ તણી ગાથા ગાઇ શાન્ત ગૃહે વળ્યા.

૩

ત્યારે ગુર્જરરાષ્ટ્રે આ ગીતનૃત્યાદિકા કલા
વિટ વારાંગનાવાસે અલંકાર બની હતીઃ
સંગીત સાધુતા કેરું, વૈમનસ્ય વણાઇને
અમારી ભોમમાં જાણે જિન્દગીમાં દુણાયલું,
મુખ ચારિત્ર્યશુદ્ધિની સાક્ષી રૂપે મનાયલું,
ગીત ને ઇશ્ક પર્યાયો એવું શાસ્ત્ર છણાયલું;
સૃષ્ટિના સંતને દ્વારે ત્યારે આવી તમે ઊભા.
વિરલે કો હશે પેખ્યું ઉસ્તાદ — અવધૂતના
નવા મિલનને. વર્ષો એકવીસ તપી તપ
અમોલો વારસો અર્પ્યો તુમ્બરુ — તાનસેનનો.
ઉસ્તાદી ચીઝના રાગો લોકધૂન તણા સ્વરો
આલાપી ભક્તિવાણીમાં કલાલાંછન લોપિયું.

૪

તુરંગ સડતા બન્દી, નિચોવાએલ ખેડૂતો,
ક્ષીણ રોગી તણા કર્ણે તમે સંજીવિની સિંચી.
ઉરના તાપના દાઝ્યા, ચિન્તામગ્ન, ભયાન્વિત,
જગ–જંજાળ–કંટાળ્યા શિશુ, વૃદ્ધો, નૃ, અંગના
કેરા પ્રાણ તમે પોષ્યા રેલી રામાયણી કથા;
મંજીરાં એકતારી કે મૃદંગ ઉપરે ક્વચિત્,
આર્ષ ગ્રન્થ કર્યો સાથે આર્ષ કંઠ થકી તમે.
દેવની પ્રતિમા વન્દી, દેવકાર્યો સુચિન્તવી;
દૈવી સન્દેશ આલાપી તમે દેવત્વ પામિયા.
ગુરુપ્રેષ્ઠ, મહામાન્ય ગુરુબન્ધુ તણા ગણે,
શિષ્યવૃન્દ તણા વન્દ્ય, ઋજુ, હેતાળ, પંડિત,
તપસ્વી ને નિજાનન્દી પૂર્ણે પૂર્ણત્વ પામિયા.

તનસુખ ભટ્ટ



એક આશા ભર્યાં અંતરની ઉમ્મીદોના ચૂરા કરવાને આટલી વસ્તુઓ



ખેમે બત્તી ધરી:
મેં વાંચવા માંડ્યું

'પરસનભાઇ, આ દૂધ ને આ સીગરેટો.' ખેમાએ મારી ઓરડીના ખૂણામાં તપેલી અને ખાટલા પર સીગારેટ્સ મૂકતાં મારૂં ધ્યાન દોર્યું.

'અરે, ઊભો રે! લે, આ સીગારેટ પીજે.' મેં તેને સીગારેટ આપતાં કહ્યું.

ખેમાએ થોડી રકઝક પછી સીગારેટ લીધી. ખાટલા પર બેઠેલા ઇન્દુએ ટકોર કરી: 'અરે વાહ, તું તો બહુ ઉદાર દેખાય છે કાંઇ!'

'અરે, અમે તો મલકભાઇ છીએ! કેમ ખેમા, ખરૂં ને?' ખેમો શરમાતો શરમાતો આંખોવાટે મારા પર પ્રેમપુષ્પ વેરતો, ઊંબરો ઓળંગતાં બોલ્યો, 'પરસનભાઇ, આવું તેવું કામ પડે તો મને ભાળવું હોં?'

ઇન્દુનું સ્વાગત પૂરૂં થતા એ પણ ચાલતો થયો.

ખેમો મારી ઓરડીની બાજુમાં આવેલા બંગલાનો નોકર હતો. ઉમર પંદરેક વર્ષની હશે. મોં પરની કુમળી રેખાઓ પર અડીખમ વહેવારૂ બુદ્ધિ ચઢી બેઠેલી સ્પષ્ટ દેખાતી હતી. બે દિવસ પર મારી પાસે કાગળ વંચાવવા આવ્યો હતો ત્યારથી અમે એકમેકે જાણ્યું કે અમે પાસપાસેના વતની છીએ. અને ત્યાર પછીથી નવરાશની વખતે મારે ત્યાં આવતો પણ ખરો. અત્યાર આગમચ કદી યે ન દેખાએલાં એવાં હાસ્યનાં ચટકાં પણ એકમેકની નજર મળતાં તે મારી તરફ ફેંકતો.

બસ છે: એક શેઠાણી અને બે વરસ

જ્યારે હું નોકરીએથી આવી બારણું ઉઘાડતો હોઉં ત્યારે ખેમો આતાળ પાતાળમાંથી બે મારી તરફ પડતા એ બંગલાના પાછલા બારણામાં ડોકિયું કરી આંખોથી પૂછતો, 'આવી ગયા ?' અને એક હાસ્યનો રેલો વહાવી પાછો ફરી જતો.

રાતના દસ વાગે તો ખેમાનાં પગલાં અચૂક મારે ત્યાં હોય જ. કોઇ વાર અગિયાર થતા તો ય તે ઊભો ઊભો ગળી જતો. મને પણ એવી ટેવ પડી ગએલી કે ખેમો ન આવે ત્યાંસુધી સૂવાનો ટાઇમ થયો જ નથી એમ ધારી, કંઈ ને કંઇ વાંચતો પડ્યો જ રહેતો. વાતમાં કેટલો વખત ગયો તેનું ભાન મને નહોતું રહેતું પણ ખેમાને અચૂક રહ્યા કરતું: 'પરસનભાઈ, બેસો, મોડું થઇ ગયું. પાછાં શેઠાણી બોલશે' કહી તે ચાલ્યો જતો.

હજુ તો પૂરૂ બારણું ઉઘાડું છું ત્યાં તો ખેમો બગલમાં કાગળ દબાવી હાથ લોતોલોતો આવી પહોંચ્યો. 'પરસનભાઇ આજ તો ઘેરથી કાગળ આવ્યો છે. કાગને ડોળે તમારી વાટ જોતો'તો. લો વાંચી સંભળાવો.'

મેં કાગળ કાઢી વાંચી સંભળાવ્યો. ડોશીએ લખ્યું હતું 'બેટા, શરીર સંભાળીને કામકાજ કરજે. હવે ચાર પાંચ મહિના જેટલું દેવું રહ્યું છે. સખે દખે બે વર્ષ બીજાં ખેંચી કાઢ એટલે તારા પીળા હાથ થઇ જાય. પછી તો ગંગા નાયાં. પણ તું આ દિવાળી પર તો શેઠની રજા લઇ જરૂર ઘેર આવજે. આ ફેરા તો તું જરૂર આવજે. મારી ફકર તું જરાય ન કરતો. મારે તો અહીં સાજેમાંદે ચાકરી કરનાર પેટની દીકરીઓ છે. પણ દીકરા તારૂ ત્યાં કોણ. માટે તું તારૂ ડીલ જાળવજે ને કાંક પેટમાં બગાડ જેવું થાય તો પેલી મેંઢીયાવળની ભૂકી તને આપી છેને, એની ફાકી લઇ લેજે ને વધારે થાય તો તરત ઘેર આવતો રે'જે. તારા મામાએ બેઉ ખેતર વાવી આપ્યાં છે તે જાણજે.'

મેં નિઃશ્વાસને છુપાવતાં પૂછ્યું: 'કેમ ખેમા, દિવાળી પર ઘેર જવાનો ને?'

ખેમાએ કાગળ લેતાં કહ્યું, 'ઉહું. એ તો માનો જીવ છે તે લખે. પાછો ઘેર જઉં તો વાટખર્ચીમાં બે ત્રણ મહિનાનો પગાર સ્વાહા થઇ જાય. દેવું પતી જાય પછી નિરાંતે . . .

એટલામાં બંગલામાંથી કંઇક ઝીણો સાદ આવ્યો. 'એ આવ્યો બે . . . ન' કહેતાકને ખેમાએ પીઠ ફેરવી. 'પરસનભાઇ, રાતે નિરાંતે વાત કરીશું. વળતો જવાબે ય લખાવવો છે.' અને ઊંબરો ઓળંગતાં બેના ચાર પગ કરી દોડી ગયો.

શેઠાણીનો અવાજ મને સંભળાતો હતો: 'આખો દિવસ ત્યાં શું દાટ્યું છે? હજુ ચાનાં વાસણ તો ચોકડીમાં એમને એમ પડ્યાં છે.' પાછો ખેમાનો અવાજ આવ્યો, 'એ તો જરા કાગળ વંચાવવા ગયો હતો; હમણાં માંજી નાખું છું.' 'એવું નહિ ચાલે . . .' પછી તો શેઠાણીનો અવાજ ખેમાના હાથમાં રમતા પ્યાલા રકાબીના અવાજમાં ડૂબી ગયો.

વીશીમાં જમી પાછો આવતાં, વાસણના ઢેર પાછળ ખેમાને વાસણો જોડે કુસ્તી કરતો અને ધૂનમાં ને ધૂનમાં ગાતો સાંભળ્યો:

'તારી મેંઠી મેંડી બોલી રાજ, હુડીલા ઉડાડે;
તારા ચમ્મક ચાળા જોઇ રાજ, પાછા પાછા આવે.'

આસ્તેથી તેના કાન ન સાંભળે તેમ મેં બારણું ઉઘાડ્યું, અને અંદર જવા જઉં છું તો ખેમાએ મારી તરફ જોયું ને ધીમેથી બોલ્યો, 'આ આટલાં વાસણ માંજી, પથારીઓ કરતોક ને આવું છું હો!' અને વળતો મારો જવાબ ન ઇચ્છતો હોય તેમ કામે વળ્યો.

રાતના સાડા નવેક થયા હશે ને ખેમો બારણામાં ઝળક્યો. કાગળ ખાટલા પર મૂકતાં તેણે પૂછ્યું, 'ખડીઓ—કલમ ક્યાં છે? લાવું ને?'

'ખડીઆ કલમનું કામ નથી. મારા કોટમાંથી ઇન્ડીપેન લાવ. જો, પેલા ઉપલા ખીસ્સામાં રહી.'

ખેમાએ ઇન્ડીપેનને બદલે આખો કોટ લાવવા માંડ્યો. 'અરે તું જ કાઢી લાવને! કશું ય માથે પડે એવું નથી!' મેં કહ્યું.

ખેમાને જરાજરામાં 'માથે પડવાની' બીક ભારે હતી. કશુંક કબાટમાંથી, પેટીમાંથી કે કોટમાંથી લાવ-

વાનું કહ્યું કે તેના પગે પાંચશેરી બંધાઇ જતી.

'લે બોલ, ચાલ, શું લખાવવું છે?' મેં મારી તરવારને કાંગળ ઉપર નાણી જોતાં પૂછ્યું.

'એક વાર તમે બધું સાંભળી જાઓ પછી ગોઠવીને..'

'એમ નહિ. ખાટલા પર બેસીને કહે.' નીચે બેસવા જતા બેમાને મેં કહ્યું. અત્યાર સુધી એની નામરજીથી મેં નભાવ્યું હતું, પણ આજે મને એ બીલકુલ ન ગોઠ્યું.

'ના ના પરસનભાઇ, એ તો શોભતું હોય એમ શોભે ને? આપણા દેશમાં તો હું ખાટલે બેસું ય ખરો. પણ....'

'એ પણ બણ કાંઇ નહિ. આજ તો તારે બેસવું જ પડશે. નહિ તો કાગળ....'

'એ...લો ભાઈ, હવે તો રાજીને? બેમાએ જાણે ખાટલો બચકું ભરવાનો હોય, તેમ ઇસ પર બેસતાં કહ્યું.

'ઇસ ભાંગી જશે. બરાબર બેસ. ચાલ, બોલ હવે.'

'મારી માને એમ લખવું છે કે, "હું આવ્યો ત્યારે તો સાત વીસું રૂપિયા દેવું હતું, ને બે વર્ષનો વેરો ચાલીસ રૂપિયા. તેમાં મારા પગારના પાંચ પાંચ ગણતાં બે વરસનો પૂરો પગાર મોકલાવ્યો તે એ હિસાબે તો હજુ વધારે દેવું રે. તો તમે કાંઇ ખાઓ પીઓ છો કે નહિ? દેવું તો મૂવું બે ચાર મહિના મોડું ભરાશે. પણ તમે તમારી જાતે દખ વેઠો નહિ. ને ખેતર કોકને લઈ ખેડવા આપી દેવું હતું ને? તમે એકલાં કેટલુંક કરશો. મૂવું ભેળાઇ જાય તો. પણ બહુ પેટવલુરા ન કરતાં. મારી જરાય ફિકર ન કરતાં. અહીં તો માઇ માથું દૂખતામાં શેઠ દાક્તરને બોલાવે છે. ને અહીં મને દાળભાત રોટલી ને શાક ખાતાં શું ખૂજ આવવાની હતી? ઊલટો ઘરના કરતાં અહીં સખમાં છું. વળી મોંઘીબુન તથા નાથીબુનને માલમ થાય કે બે ય બેનો વારાફરતી માની ખબર લેતાં રે'જો. તમે બધાં રાજીખુશીમાં હશો. બીજું હું દિવાળી પર રજા મલશે તો આવીશ. હજુ દિવાળી તો આવે?"'

મેં ઇન્ડીપેન ઉપાડીને લખવાની શરૂઆત કરી. જોકે મને ખાત્રી હતી કે બેમાના કહેવાનો માત્ર ભાવાર્થ જ હું ઉતારી શકીશ. પણ એ મીઠાશ, એ પ્રેમ એ બધું એના જેવું દર્શાવવાની મારી કલમમાં તાકાત નથી. એટલામાં બેમો બોલ્યો, 'પરસનભાઈ, એવું તો લખો કે કાગળ વાંચતામાં મારી માને ખબર પડે કે બેમલો સખમાં છે. ને એમનું ડીલ સાચવવાનું બરાબર લખજો હો. મૂઆં ભલું હશે તો ઘણું કરવાની લા'યમાં પેટ ભરીને ખાતાં ય નહિ હોય.'

બને તેટલો તેના જ શબ્દોમાં મેં કાગળ લખ્યો. પછી મેં બેમાને પૂછ્યું, 'હેં બેમા, તને તે દન તાવ આવ્યો હતો તો ય "ઢોંગ કરે છે" કહીને શેઠાણીએ કામ લીધું હતુ ને તેં તો બધું અવળું જ લખાવ્યું છે.'

'અરે, આવું ન લખું તો ડોશી મારી ફકરમાં ને ફકરમાં સુકાઇ જાય. કૂકડો વાંણું ઝંખે એમ કાગળ સારૂ ઝંખતાં હશે. બે ચાર દન મોડું થાય તો પાંચ ગાઉ ટપાલખાતામાં ય ધક્કો ખાઇ આવે એવાં છે. તમે મારી માને દીઠાં હોય તો જાણો.'

બેમાનું કહેવું ય શું ખોટું હતુ? બાળપણમાં માતા ગુમાવી બેઠેલો માણસ જાણી જાણીને કેટલું જાણે?

'હેં બેમા, સાચું કે'જે: તને શેઠને ત્યાં રોજ ઊનું ખાવા મળે છે ખરૂં? અને તે ય દાળ, ભાત, રોટલી ને શાક બધું ય?'

'હવે એ તો, પરસનભાઇ, જોગ પરમાણે મલે. રાંતનું ટાઢું વધ્યું હોય તો કાંઈ ફેંકી ય દેવાય? ને બીજું કોણ ખાય? એ લોક તો ખાય તો તરત બીજે દન માંદા પડે ને આપણ ઢેખાળા જેવાને શું થવાનું હતું? ને શાક કે રોટલી એવું ખૂટી પડે તો આપણા સારૂ કાંઇ ફેર ચૂલો સંધુકે? એ તો એમ જ હોય.'

'પણ તને ઘરના કરતાં તો સારૂં ફાવે છે ને?'

'સમૂળગું એમ તો કેમ કેવાય? એ તો કે'તમાં કહ્યું છે કે "ઘરની ઘેંસ ને પરઘરના લાડવા." તો ય ઘેંશના તોલે તો ન આવે.'

એટલામાં શેઠાણીનો અવાજ આવ્યો 'અલ્યા બેમા!'

બેમો મને 'સવારમાં લઇ જઇશ, સાચવી રાખજો' કહેતો કહેતો બહાર નીકળતાં બોલ્યો, 'આવ્યો બેન.' શેઠાણીનો ધુધવાટ આવ્યો: 'શું આવ્યો બેન, તારૂં કપાળ? અત્યાર સુધી બારણું ઉઘાડું રાખે છે ને કોઇ કાંઇ ઉઠાવી જશે તો કોણ તારો બાપ જવાબ આપવાનો છે? કોણ જાણે ભાઇબંધે ય તારા જેવા કંઇથી ફાટી નીકળ્યા છે. ખબરદાર, જો હવે કયાંય ગયો છે તો. રે'વું હોય તો સીધે સીધો રે' નહિ તો હેંડ્યો જા...'

ત્યાર પછી બેમો મારે ત્યાં બહુ ઓછો આવતો જતો. છતાં ય ચોરીછૂપીથી દિવસમાં એક બે વાર

મારાથી હાસ્યભીનું દષ્ટિમિલન તો કરી જ લેતો.

આંધળા અને બહેરા બે ય જાણી શકે કે દિવાળી આવવા માંડી છે એવી રોશની ઝળહળી રહી હતી અને ફટાકડા પણ ફૂટી રહ્યા હતા. રાતના નવેક વાગ્યા હશે ને ખેમો ઓરડીમાં દાખલ થતાં બોલ્યો, 'પરસંનભાઇ, આજ તો કાગળ લખી આપો ત્યારે!' અને મારા પૂછતા પહેલાં તો તે જવાબરૂપે બોલ્યો, 'આજ બધાં સીનેમાં જોવા ગયાં છે એટલે ઠીક લાગ છે.'

'કેમ આજકાલ આવતો નથી?' મારાથી જાણવા છતાં ય પૂછાઇ ગયું.

'આવવાથી શું વધારે છે! એકબીજાને જોઇએ છીએ એ ઓછું છે? ઊલટી મારે લીધે સોસાયટીમાં તમારી આબરૂ હલકી થાય. ને શેઠાણી તો એવાં છે કે જે આવે તેની આગળ રજનું ગજ કરી વાત કરે.'

ખેમાને મેં સમજાવવા પ્રયત્ન કર્યો કે મને આબરૂની બહુ ઓછી પડી છે; પણ એ માને તો ને?

પછી એણે કાગળમાં લખવાની હકીકત કહેવા માંડી. મેં આસ્તે આસ્તે ટપકાવવા માંડી.

'લખો. કહીએ, હું દિવાળી ઉપર આવવાનો નથી. શેઠ કે છે કે અહીંના કરતાં ત્યાં ગામડામાં શું વધારે છે? ને એ વાતે ય ખરી છે. મારે અહીં તો જાતજાતની મીઠાઇઓ ખાવાની. શેઠના છોકરાં ભેગા ફટાકડા ય ફોડવા મલે છે, ને દિવાળીના દનોમાં તો લાગલગાટ બે ત્રણ દન સુધી શેઠ સિનેમા દેખાડવા ય લઇ જાય છે. પછી મારે અહીં શું દખ છે? માટે માને માલમ થાય કે તમે દિવાળી પર બે ય બુનોને તેડજો અને આજે દસ રૂપિયાં મોકલું છું તેમાંથી બે સાલ્લા લાવી અકેકો પહેરાવજો ને ત્રણે ય માદીકરીઓ ભેગાં થઇ દિવાળી ઊજવજો. આ રૂપિયા દિવાળીના ખરચા માટે જ મોકલું છું. જોજો, પાછાં ચીંથરે બાંધી સંઘરી ન રાખો. બસ. પછી બીજા રાજીખુશીના સમાચાર.'

એટલું લખાવી, ખાટલા પરથી ઊભો થતાં,'લો બેસો હજુ પથારીઓ કરવી છે.' કહી તે ચાલતો થયો.

પોષની કડકડતી ટાઢમાં એક પ્રભાતે મારું બારણું ખખડયું. મનમાં એક બે ગાળ ચોપડાવતાં હું ધુરકયો 'કોણ છે અત્યારમાં?'

'પરસનભાઇ, એ તો હું ખેમો' ખેમાનો ચોરની મિસાલ અવાજ આવ્યો.

મેં બારણું ઉઘાડ્યું ત્યાં તો ખેમાએ મારી સામે પરબીડિયું ધર્યું: 'કાલનો લાગ ખોળતો'તો. જરા વાંચી સંભળાવો ને? શેઠનો છોકરો વાંચે છે. પણ તો ય તમારા જેવું નહિ.'

ખેમે બત્તી ધરી; મેં વાંચવા માંડ્યો. લખ્યું હતું: 'હેવું પતી ગયું છે. આ ફેરા હોળી પર તો તું આવ્યા વગર રહીશ નહિ. તું કેટલો મોટો થયો હઇશ, કેવો હઇશ એ બધા વિચાર આવતાં તને જોયા વગર હવે મારાથી નથી રે'વાતું. વધારે નહિ તો પંદર દા'ડાની ર'તે પણ આવી જજે. તને ઘડીઘડી શું શિખામણ દઉં? શે'ર છે; ત્યાં તારૂં કુણ રણીધણી? માટે કોઇનાથી લડીએ ઝૂંપીએ નહિ. કોઇ બે ફેરા બોલાવે ત્યારે એક ફેરા બોલીએ. બહુ ફરવું રખડવું ય નહિ. તને તો બહુ રખડવાની ટેવ છે. કયાંક મોટર નીચે ન આવી જઉં...' અને આવું આવું તો બધું બહુ હતું.

'પરસનભાઇ, આજ રવિવાર ને? આજ શેઠ-શેઠાણી બધાં નાટક જોવા જવાનાં છે એટલે સાંજે નિરાંતે આવીશ.' કહી ખેમો ચાલતો થયો.

હું પણ દાતણ કરતો કરતો બહાર નીકળ્યો. મને થયું, ખેમાને ટાઢ નહિ વાતી હોય? પણ તેનો તો તેણે મને જવાબ આપેલો, 'પરસનભાઇ, આ શેઠ શેઠાણી અઢી અઢી મણનાં ગાદલામાં દટાઇ રે' એટલે અઢી મણની ટાઢ; પછેડીઓ ઓઢીને ફરે તેમને બાથમાં રે' એટલા; આપણા ત્યાંના ભીલ લોકોને વળી મૂઠીમાં માય એટલા, ને કામ કરે એને સમૂળગી નહિ! કેમ, બરોબર ને?' એનું કહેવું ખોટું ય શું હતું?

સાંજના છ વાગતામાં ખેમો આવી પહોચ્યો.

'કેમ બધાં ગયાં?' મેં પૂછ્યું.

'હોય' ખેમાએ જવાબ આપ્યો અને પળવાર પછી મને પૂછ્યું: 'હે પરસનભાઇ, માથાદીઠ પાંચ પાંચ રૂપિયા ગણતાં છ જણની ટીકટના કેટલા રૂપિયા થયા?'

'ત્રીસ રૂપિયા, તારો છ મહિનાનો પગાર. કેમ પૂછવું પડયું?'

'અમસ્થું. એ તો હું હિસાબ ગણતો'તો. કહું છું, આવાં આવા ચાર ફેરા જોવા જાય એટલા

રૂપિયામાં તો અમારી નાતમાં એક વર પરણી ઊઠે. કેમ ખરૂંને, પરસનભાઇ?'

'ખરૂં છે.' મેં ઘોળાતે મગજે જીભ હલાવી. થોડીવાર પાછી શાન્તિ છવાઇ એટલામાં મેં પૂછ્યું: 'હેં ખેમા, તું ખેતી કરતો હોય તો?'

'આજકાલ તો એમાં ય કયાં કસ બળ્યો છે? ને ખેતી એ તો, પરસનભાઇ, માણસની ભવાઇ છે. હું ને ડોશી પંડોપંડ. કેટલુંક કામ થાય? નહિ તો આ અંદ્દવાડ કાઢવાનું તે કાંઇ મન થતું હશે!'

વળી મને ચૂપ જોઇ તેણે આગળ ચલાવ્યું: 'પણ આમે ય ને આમે ય સખેદખે બે વર્ષ ખેંચી કાઢું. પછી તો આ નોકરીને નવ ગજના નમસ્કાર. સમજ્યા ને પરસનભાઇ?'

'પછી તો તું બૈરાવાળો થવાનો ને?' મેં કહ્યું.

'હાસ્તો પછી તો ઘર ભલું ને ખેતર ભલું. ડોશીને કહીશ કે હવે તમે બેઠાં બેઠાં નિરાંતે ભગવાનનું ભજન કર્યાં કરો. એમણે તો બહુ દખ વેઠયું છે હો, પરસનભાઇ. પણ પછી તો તણખલું તોડી ને બે કકડા ય નહિ કરવા દઉં, હા.'

શેઠાણીનો કકળાટ યાદ આવતાં મેં કહ્યું 'પણ તું હજુ બે વર્ષ પૂરાં તો કર?'

'અરે, એ તો પાણીનાં રેલા પેઠે જવાનાં. આજ કાલ કરતાં બે વરસ ઉપર પાંચ મહિના ગયા. પણ એ વખત કયાં ગયો એની જરાય ખબર પડી નથી.

'પણ તારાં શેઠાણી . . .'

'અરે એ તો જનમનાં એવાં છે. પણ પરસનભાઇ! શેઠ લાખ રૂપિયાનો માણસ છે હો. એ તો આ બધું જાણે નહિ. ને ફરિયાદ કરે કયાં પાલવે? આખર રોટલા તો શેઠાણીના હાથના ખાવાના ને? બોલે ત્યારે એ કે'તાં ભલાં આપણુ સુનતા ભલા. કેમ ખરૂં છે ને, પરસનભાઇ?'

'હાસ્તો' મેં કહ્યું.

'પણ પરસનભાઇ, પછી હું ઘેર રહું ત્યારે તમે આવશો ને? જરૂર હોં?'

'પણ તે પહેલાં તું પરણીશ ત્યારે નોતરીશ કે નહિ?'

'અરે હા. તે વખતે તો તમારે આવવું જ પડશે. તે વખતે તો મૂલા પાંચ દસ વધારે થાય તો. પણ ધૂમ ખરચ કરવું છે. કોઇ શું જાણે કે પરદેશ વેઠયો'તો. કેમ ખરૂં ને પરસનભાઇ?'

મેં હસતાં હસતાં માથું હલાવીને જ જવાબ આપ્યો. પછી એણે કાગળ લખાવ્યો. એની એ જ હકીકત લંબાણથી લખાવી.

હું શિયાળાની ટાઢ ઉડાડવા તડકામાં ખુરશી નાખી ચા પીતો બેઠો હતો. ખેમાની શેઠાણી પાછળ દાતણ કરતાં હતાં. મેં જાણે તેમના દાદાનું ખૂન કર્યું હોય તેમ તેમણે મારા તરફ જોયું. વળી પ્યાલા પર નજર પડી અને પછી અંદર જતાં જતાં ચોકમાં પૂંજો વાળતા ખેમાને કહ્યું, 'અલ્યા, આમ આવ તો?'

મારા કાનોને આંખોએ શરવા કરી મૂક્યા હતા. શેઠાણીનો આકરો પણ ધીમો ધુરકાટ અને ખેમાના ચોકખા જવાબ સંભળાતા હતા: 'મારાથી તો આ નવા પાલામાંથી બે રકાબી ને એક પાલો જ ફૂટયાં છે . . . એ તો હું શું જાણું? તે દન બચુભાઇએ એક પાલો ન'તો ફોડી નાખ્યો? . . . અમથાં મારે માથે પાડો છો? . . . તે હું કયાં કહું છું કે ઊડી ગ્યા? . . .' એટલામાં શેઠનો અવાજ આવ્યો: 'હવે સવારના પો'રમાં શું કકળાટ લઇ બેઠી છે? કાચની વસ્તુ છે, તે ફૂટી ય જાય.'

શેઠાણીનો ધુધવાટ કંઇક તેજ થયો: 'આમ કરી કરીને તમે માથે ચઢાવ્યો છે. ફૂટી તો કાંઇ નથી જતા; એ તો એ . . . ન માનતા હો તો જોઇને ખાતરી કરો. બધું ય સહન થાય, પણ આવો ચોર માણસ મારાથી નહિ સહન થાય.' તે પહેલાં 'શેઠ બારણામાં થૂંકવાને વસે આવી મારા તરફ તથા પ્યાલા તરફ જોઈ ગયા. વળી અંદરથી તેમના ધીમા તૂટક તૂટક શબ્દો આવ્યા: 'પણ . . . જાત . . . એટલે . . . છે એમ કેમ ક'વાય? એવા તો . . . બજારમાં . . . મળે છે.' શેઠાણી બોલતાં હતાં: 'તમે તો આખો દિવસ ઑફિસમાં એટલે શું જાણો? એ તો કામ લેવું પડે એ જાણે.' અને પછીથી ખેમાને સખ્ત શબ્દોમાં ચેતવણી આપવાનો અવાજ આવતો હતો.

પણ ત્યાર પછીથી શેઠાણીની જીભ વાંસ જેવડી લાંબી થઇ ખેમા પાછળ પડી હતી. મારે પણ ત્યાર પછી બજારમાંથી કોઇ ચીજ ખરીદતાં પહેલાં શેઠના ઘરની ચીજને યાદ રાખવી પડતી. વળી ખેમો હવે

તો મારી સામું જોઇ પણ નહોતો શકતો. કોઇવાર આંખ મળી જતી, પણ હાસ્ય વિનાની, લુખ્ખી. હું પણ એને જોતો ને એક નિઃશ્વાસ નાખી બેસતો.

ત્યાર પછી મારે મારા એક મિત્રનાં લગ્નમાં જવું પડ્યું. ચોથે દિવસે રાતના નવની ગાડીમાં પાછો ફર્યો અને ઓરડીમાં પેસતાં બેમો છે કે કેમ તે જાણવાની લાગેલી તાલાવેલી તીવ્ર બની ઊઠી. થોડીક વાર થઈ હશે ને મારા બારણામાં ધૂણી ધખાવી બેઠેલા કાને અવાજ પડ્યો. 'અલ્યા, ક્યાં ગયો બેમા? લોટા કેમ ભર્યા નથી? દા'ડે દા'ડે નઠોર થતો જાય છે.' પછીથી બેમાનો પેલો રોજનો ઉત્સાહી અવાજ ન આવતાં ફક્ત ચૂંટા ખખડાવાનો અવાજ આછો આછો આવ્યો. પણ 'ચાલ, બેમો નોકરી પર છે તો ખરો' એ વિચારે મને નિરાંત વળી.

સવારમાં આજ જરા હું મોડો ઊઠ્યો. મોંમાં દાતણ ઘાલી બારણું ઉઘાડી બહાર નીકળું છું ત્યાં તો બેમાને હાથમાં રકાબીઓના ખડકલા સાથે પગથિયાં ઊતરતો ભાળ્યો. અમારી બેઉની દૃષ્ટિ મળે ન મળે એટલામાં તેણે ઠોકર ખાધી. ચટ ઊભા થઇ જઇ રકાબીઓના કકડા તરફ વીલે મોઢે તાકતા બેમાને મારાથી કહેવાઇ ગયું: 'અરે, મૂઇ ફૂટી ગઇ તો. પણ હાથમાં વાગ્યું તો નથી ને?'

'બળ્યા તારા હાથ. ખબરદાર, જો ઘરમાં પગ મૂક્યો છે તો. તારા સાહેબને રાખવો હોય તો જજે ઑફિસમાં.' શેઠાણીને બોલતાં જોઇ મને ખબર પડી કે તે અગાસી પર બેઠાં બેઠાં ટાઢ ઉડાડી રહ્યાં હતાં. કદાચ મારા ઉઘડતા બારણાનો અવાજ સાંભળી, સાથેસાથે ચોકી પણ ભરતાં હશે.

પછી તો શેઠ શેઠાણી વચ્ચે થોડીક ચકમક ઝરી. શેઠે આખરી ચુકાદો આપી દીધો, 'હું નોકર બોલાવા જવાનો નથી; પછી તું જાણે ને તારું કામ જાણે.'

હું દાતણ કરી રહ્યો ત્યાં સુધી તો મેં બેમાને ધરતીમાં રોપાએલા ખૂંટા જેવો ઊભો રહેલો દીઠો. પછી હું ચા બનાવી હાથમાં કપ લઇ નીકળ્યો. બેમાને મેં ત્યાં ન દીઠો, પણ શેઠાણીનો અવાજ આવતો હતો: 'રે'વા દે. અડીશ નહિ. મારે નથી માંજવા.'

હું નાહી ધોઇ થોડીવાર સુધી બહાર આંધીપાછો થયો, પણ બેમો ન દેખાયો. જેમતેમ કરી વખત પૂરો કરી ઑફિસે જવા નીકળ્યો. રસોઇ તો વાટમાં આવની વીશીમાં તૈયાર જ હતી. પણ આજ કંઇ ખાવાની ઇચ્છા જેવું નહોતું. બારણું જોરથી બંધ કર્યું અને મારી ધારણા ખરી પડી. બેમો બારણાને કલુખડે આવી ઊભો હતો. મોંમાં જીભ તો નહોતી, પણ નજરમાં નહોતું હાસ્ય કે નહોતો ઉમંગ! બળતે હૈયે હું ચાલતો થયો.

આજે ઑફિસમાં કેમ કરી વખત પસાર કર્યો તે તો મારું મન જ જાણે છે. ઘેર આવી જોઉં છું તો બેમાને બદલે બીજો જ નોકર ચાનાં વાસણ માંજતો હતો. હું કળી ગયો: બેમો ગયો.

રાતના માંડમાંડ ઊંઘ આવી, પણ તો ય સ્વપ્નમાં તો એનું એ જ—ભાંગેલી રકાબીઓના કકડા, સાથે ભુક્કા થતી બેમાની ઉમ્મીદો!! **પન્નાલાલ પટેલ**

'થોડા દિવસ પર સંધિવાથી મુક્ત થવા તમે મને પ્લાસ્ટર આપ્યું હતું.'

'હા, તેનું શું ?'

'હવે એ પ્લાસ્ટરથી મુક્ત થવા બીજું કંઇક આપો.'

'પથારીમાંથી ઊઠતાં પહેલાં શું કરવું જોઇએ, ખબર છે?'

'ના: શું કરવું જોઇએ?'

'પહેલાં તેમાં સૂવું જોઇએ!'

સંગીતનો શોખીન પોતાના દોસ્તને: 'વિજ્ઞાનીઓએ પણ જાહેર કર્યું છે કે સંગીતથી લોહીમાં ગરમી આવે છે.'

દોસ્ત: 'સાચું છે. તારા સંગીતથી તો મારું લોહી ઉકળવા માંડ્યું છે.'

મા: બાબુ, શાંતિ કેમ રડે છે?

બાબુ: હું દાડમ ખાઉં છું ને એને નથી આપતો એટલે.

મા: તે એનું દાડમ પૂરું થઇ ગયું?

બાબુ: હા, ને હું એ ખાતો'તો ત્યારે પણ તે આમ જ રડતો હતો.

'જો કનુ, તારે દરેક વાતનો જવાબ સામા પ્રશ્નથી ન આપવો જોઇએ.'

'ખરેખર?'

'લગભગ મોટા ભાગના લોકો મારા કામમાં માથું ઘાલે છે.'

'તો તેનો ઉપાય કરને?'

'થઈ શકે તેમ નથી. હું ટોપીઓ વેચું છું.'

પોતાની ભૂમિ ઉપર એક પરાઇ કોમનો અને શાહીવાદી શોષણનીતિનો છોડ પોતાના જ હમવતનીઓનાં લોહી વડે સીંચાતો જોઇને વતનિયતની તમન્નાથી તે મિટાવવા મથનાર મંત્રદ્રષ્ટા અને એ બિયાબાં વતનનો ક્રાન્તિદીક્ષિત જ્યોતિર્ધર



પૅલેસ્ટાઇનનો ગ્રાન્ડ મુફ્તી અમીન અલ હુસૈની

સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષાઓના ચોક્કસ પ્રકંપ સમું મહાયુદ્ધ ફાટ્યું ત્યારે પૂર્વની પોતાની બાજુ સબળ બનાવવા માટે ઇંગ્લંડે એક જબરો રાજપ્રપંચ ખેલ્યો. તુર્કીના ખલીફ અને સુલતાનની ઝૂંસરી નીચે રહેલા અરબોને એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ઊભા કરવાની પ્રામાણિક (!) મુરાદ એણે જાહેર કરી, અને એમાં પોતાના હથિયાર તરીકે પ્રખ્યાત કર્નલ ટી. ઇ. લૉરેન્સને તેણે અજમાવ્યો. મહાયુદ્ધ પૂરું થયું ત્યાં સુધી તો આખી અરબ પ્રજાને એણે રાષ્ટ્રીયતાની આ નજરબંદીમાં ફસાવ્યા કરી, પણ યુદ્ધ-સમાપ્તિની સાથોસાથ જ એ આખી વાત પણ હવામાં મળી ગઇ! ફ્રાન્સ સાથે મળી જઇને એણે અરબ પ્રજાનો અને લૉરેન્સનો યે છળ કર્યો અને રેગિસ્તાન સિવાયનો અરબસ્તાનનો સઘળો મુલક પોતપોતામાં વહેંચી લીધો.

એ વખતે પૅલેસ્ટાઇનનો કબજો લેવા બ્રિટિશ લશ્કર જ્યારે જેરૂસાલેમમાં ઊતર્યું ત્યારે કૉન્સ્ટાન્ટીનોપલમાં ભણતો એક છવ્વીસ વરસનો અરબ નવજુવાન પણ સાથોસાથ જેરૂસાલેમમાં પ્રવેશ્યો. એનું નામ મહમદ અમીન અલ હુસૈની. સર રોનાલ્ડ સ્ટોર્સના હાથ નીચે એણે સરકારી ખાતામાં નોકરી મેળવી.

થોડો વખત પોલીસ ખાતામાં રહ્યા પછી તે જાસૂસી ખાતામાં જોડાયો. લંડન અને જીનીવામાં એ વેળા અરબોની રાષ્ટ્રીયતાનો જે પ્રશ્ન ચર્ચાતો હતો તેમાં અરબોને ન્યાય મળવાનો તેને વિશ્વાસ હતો. એ વિશ્વાસે જ એણે તુર્કીને કાળા સમુદ્રના મોરચા પર મોકલેલું બે હજાર અરબોનું સહાયક દળ પાછું ખેંચી લઇ મિત્રરાજ્યોની સેવામાં ધરી દીધું હતું.

પણ મહાયુદ્ધની સમાપ્તિ સાથે જ એ વિશ્વાસનો યે કરપીણ ઘાત થયો. એણે જોયું કે અરબોના એ રક્તપાતથી અરબી રાષ્ટ્રીયતાનો નહિ પણ રાષ્ટ્રીયતાએ, ધર્મે ને જાતિએ વિરોધી એવી એક પરાઇ કોમ (યહૂદીઓ)નો છોડ પોતાની માતૃભૂમિ પર સીંચાયો હતો. હળવે હળવે તેને દ્વિમુખી અંગ્રેજ નીતિના હાર્દની જાણ થતી ગઇ. તેનું આઝાદ અરબ હૈયું ઊકળી ઊઠ્યું અને તે અંગ્રેજોનો તેમજ રાષ્ટ્રઘાતક યહૂદીઓનો કટ્ટો વિરોધી બની ગયો.

એના એ વિરોધમાં એને એક જબરૂં સહાયક બળ મળી ગયું. તે એના એક ભાઈબંધ આરીફ અલ આરીફે શરૂ કરેલું પત્ર 'અલ સૂરિયા અલ દહાન-બિયા'. એ પત્ર મારફત બંને જણાએ મળીને પૅલેસ્ટાઇનના અરબોમાં ક્રાન્તિ જગાવવાના પ્રયાસો આદર્યા. પરિણામે ૧૯૦૭માં હિંદમાં ફરી વળેલું એવું જ ખૂન અને વિનાશનું મોજું ત્યાં ફરી વળ્યું. બ્રિટિશ

અદાલતે બંનેને તકસીરવાર ઠરાવી દસ વર્ષની સખત મજૂરી સાથેની સજા ફરમાવી. પણ સત્તાવાળાઓની નજર ચૂકાવી બંને જણા ટ્રાન્સજોર્ડાનિયા નાસી છૂટચા.

વતનથી દૂર પડેલા આ બંને હિજરતીઓ હવે ભાવિની ચિંતામાં પડચા. ઘડીભર તો જાણે અરબ આઝાદીનું ધ્યેય કદી પાર પડવાનું જ નથી એમ તેમને લાગી આવ્યું. પણ તેઓ હતાશ ન થયા. ત્યાં રહ્યે રહ્યે તેમણે 'પૅલેસ્ટાઇન અરબો માટે'ના પ્રખ્યાત સૂત્ર પર અરબોની વતનિયતની વકાલત ચાલુ જ રાખી ને આખી અરબ પ્રજાનો એ સળગતો પ્રશ્ન બની ગયો.

એવામાં જ અમીનના—કહો કે સારી અરબ પ્રજાના—સદ્‌ભાગ્યે સર (હાલ વાઇકાઉન્ટ) હર્બર્ટ સૅમ્યુએલ પૅલેસ્ટાઇનનો પ્રથમ હાઇ કમિશનર નીમાઇ આવ્યો. એણે સમાધાનની નીતિ સ્વીકારી, ઉદ્દામ ગણાતી વ્યક્તિઓને શાંત પાડવાનું કામ કર્યું. જે બળવાખોર અરબોની કાચી યાદી તેની સમક્ષ મૂકવામાં આવેલી તેમાં અમીનનું નામ સૌથી મોખરે હતું.

આ તડજોડની નીતિ અપનાવાઇ એ અરસામાં જ પૅલેસ્ટાઇનનો વડો મુફતી કમાલ હુસૈની અવસાન પામ્યો. અમીનનો એ કાકો થતો હતો એટલે એના ખાલી પડેલા મુફતીના પદ માટે અમીને પોતાની ઉમેદવારી શરૂ કરી. પણ એના વિરોધીઓએ તે ખલીફા અલી અને ફાતમાનો વંશજ ન હોવાની જાહેરાત કરી ને શેખ જરાલ્લા એ ઉમેદવારીમાં સફળ થયો. પરંતુ તુર્કોએ અમીનનું સાચું તોખમ બહાર આણી એની ઉમેદવારીની તરફેણ કરી. હર્બર્ટ સૅમ્યુએલે પણ, પોતે યહૂદી હોતાં, શેખ જરાલ્લાની ઉમેદવારીનો વિરોધ કર્યો અને પોતાની નીતિને જગતની આંખે કારગત બનાવવા ખાતર, ચાર ઉમેદવારોમાં અમીન સૌથી છેલ્લો હોવા છતાં પૅલેસ્ટાઇનના મુફતી તરીકે તેને જ બહાલ રાખ્યો. આ નવો દરજ્જો સંભાળવા ખાતર હવે તેને અને તેના મિત્ર આરીફને પણ માફી બક્ષવામાં આવી.

દેશભરમાં લાગવગ ધરાવતા અરબ કબીલાનો હવે સ્વીકૃત નેતા થઇને હુસૈની પાછો ફર્યો ને પોતાનો દરજ્જો સંભાળ્યો. બ્રિટિશ રાજનીતિની વધુ શેહ નીચે તેને આણવા માટે બરસબાની સુબાગીરી પણ તેને એનાયત કરવામાં આવી. પણ આ આભારના બોજ નીચે પોતાના રાષ્ટ્રની આઝાદીની તમન્ના કચડાઇ જવા દેવા તે બિલકુલ તૈયાર ન હતો. આ બધું સ્વીકારવા છતાં બ્રિટિશ ચાલબાજીથી તો તે અલિપ્તનો અલિપ્ત જ રહ્યો.

૧૯૨૦થી જ પૅલેસ્ટાઇનમાં શરૂ થએલી યહૂદીઓની ભરતીને તે શંકાશીલ નજરે જોઇ રહ્યો હતો. હવે તેના હાથમાં વાર્ષિક લગભગ સિત્તેર હજાર પૌંડ જેટલી આવક અને સાથે સત્તા આવી, એટલે એ બંનેને એણે પોતાની ધ્યેયપ્રાપ્તિમાં સંયોજિત કર્યાં. મૅન્ડેટના વિરોધી પોતાના મિત્રોને એક પછી એક તે જુદાંજુદાં સરકારી ખાતાંઓમાં ઘુસાડતો ગયો. જેમજેમ આ પ્રવૃત્તિ ફેલાઇ ને એનું વજન પડતું ગયું તેમતેમ એણે પોતાની છૂપી હીલચાલને જાહેર સ્વરૂપ આપવા માંડયું. ઇસ્લામી દેશમાંથી નાણાં એકત્ર કરી, મક્કા અને મદીના પછી ઇસ્લામી આલમમાં સૌથી પાક ગણાતી જેરૂસાલેમની અલ અકસા મસ્જિદનો એણે જીર્ણોદ્ધાર કરાવ્યો તથા અરબો માટે એક યુનિવર્સિટી ઊભી કરી.

અંગ્રેજોની કૂટનીતિએ પણ નિરાળું રૂપ લેવા માંડયું. અરબોની રાષ્ટ્રીયતાનો દ્રોહ કર્યો ન લેખાય એટલા ખાતર તેણે યહૂદીઓનેપીઠબળ આપી, અરબ માલિકીની જમીન પૈસા આપીને તેમની પાસે ખરીદાવવા માંડી. વડા મુફતીપદે આવ્યાને બે વર્ષ થતામાં તો હુસૈનીએ એ ચાલબાજી અને તેના અંજામનો કયાસ કાઢી લીધો હતો. તેણે તરત પોતાના અધિકારની રૂએ ફતવો બહાર પાડચો કે કોઇ પણ અરબે કોઇ યહૂદીને પોતાની જમીન વેચવી નહિ. ને એ ફતવા સાથે જમીનના એવા વેચાણનું પ્રમાણ સિત્તેર ટકા ઘટી ગયું!

હવે એ વિરોધીઓની નજરે વધુ ચડચો. પણ એની એણે પહેલેથી જ પરવા નહોતી કરી. એણે ખામોશી સ્વીકારેલી તે પણ કશા અંદેશાથી નહિ, પણ પોતાની લડતનો પાયો વધુ મજબૂત કરવાની કુનેહથી. અને એની પૂરતી પ્રતીતિ મળતાં જ તેણે પૈસાના જોરે જ્યાં ત્યાં હડતાલો પડાવવા માંડી, ને પૅલેસ્ટાઇનમાંથી અંગ્રેજો ને યહૂદીઓને હાંકી કાઢવાની જેહાદનું જાહેર મંગળાચરણ કર્યું. રાષ્ટ્રધર્મનો ઝંડો એણે સમગ્ર અરબ પ્રજામાં ફરકતો કર્યો તે સશસ્ત્ર બળવો કરીને પણ પારતંત્ર્યની ચૂડ નાબૂદ કરવાની ઘોષણા કરી.

એ ઘોષણા મુજબ આજ સોળ સોળ વર્ષથી તેણે અંગ્રેજોની સ્થાપિત સત્તા સામે જેહાદ ઉઠાવી છે. મુફતીને બદલે એણે જાતે 'વડા મુફતી'નો ઇલકાબ

ધારણ કર્યો છે. વડા ધર્માધ્યક્ષ તરીકે તેની લાગવગ, ધારી પણ ન શકાય એટલી બહોળી વિસ્તરી છે. પૅલેસ્ટાઇનના કાયદા મુજબ પોતાની બધી આવકનો હિસાબ એણે બહાર પાડવો જોઇએ, પણ અમીન હુસેનીએ આજ સુધી એ કાયદો અવગણ્યા કર્યો છે ને બચી આવક તે જુદાંજુદાં રાજકીય મંડળોને નિભાવવા પાછળ રોકતો આવ્યો છે.

ઇ. ૧૯૩૦થી તેણે પૅલેસ્ટાઇનનો પ્રશ્ન સમસ્ત ઇસ્લામી આલમનો પ્રશ્ન બનાવવાની હીલચાલ ઉપાડી ને જેરૂસાલેમમાં સઘળાં મુસ્લીમ રાજ્યો—સોવિયેટ યૂનિયનમાંનાં મુસ્લીમ પ્રજાસત્તાકો સુદ્ધાં—ની એક કૉન્ફરન્સ બોલાવી. શીઆઓ ને સુન્નીઓ બધા એ ઝંડા નીચે એકત્ર થયા. ને કૉન્ફરન્સે પૅલેસ્ટાઇન માટે આર્થિક પુનર્રચના, સામાજિક સુધારણા અને Zionism (યહૂદી સત્તાવાદ)ના ઉભરાના વિરોધનો કાર્યક્રમ એકમતે બહાર રાખ્યો.

ઇસ્લામી આલમમાં હુસેનીની શેહ ખૂબ ઊંડે ઊતરેલી છે. અંગ્રેજોના મિત્ર ઇબ્ન સૌદને મુસ્લીમ જનતાનો નેતા બનવાની ઘોષણા ન કરવાની તેણે સલાહ આપી તેથી જગત જેટલું આશ્ચર્યચકિત થએલું તેથી યે વધુ તો ઇબ્ન સૌદે એ સલાહ માન્ય રાખી ત્યારે થયું. વળી એ જ વહાબી ઇબ્ન સૌદને તેણે યેમનના શીઆ ઇમામ સાથે સુલેહ કરવાની ફરજ પાડી એટલું જ નહિ, પણ ઇમામનો જીતેલો બધો મુલક પણ તેની પાસેથી તેને પાછો અપાવ્યો. ઇસ્લામી જગત ઉપર આટલી એની શેહ છે, પણ એ શેહના ગર્ભમાં તો અરબોની રાષ્ટ્રીયતા એક અને અખંડ રાખવાની આરઝૂ જ કામ કરી રહી છે.

મરાઉ કદ, મધ્યમ ઊંચાઇ ને ગૌર વર્ણનો હુસેની અરબ ખાસિયત પ્રમાણે જ વિદ્વત્તા પ્રત્યે ખૂબ અનુરાગ ધરાવે છે. એ પોતે પણ ઓછો વિદ્વાન નથી. ઇસ્તંબુલ ને કાઇરોની વિદ્યાપીઠોમાં એણે વર્ષોનાં વર્ષો ગાળ્યાં છે ને એનાં વાક્પ્રવાહમાં કુરાનની આયાતો ને અરબી શાયરીનો જાણે ધોધ છૂટે છે. ઇસ્લામી રાષ્ટ્રોને આંતરરાષ્ટ્રીયતાની સાંકળે ગૂંથનાર પણ એ જ.


જગતની નજરે તો એ આજે, પૅલેસ્ટાઇનની સરકારે જ્યારે તેને જાહેર શત્રુ (Public Enemy) તરીકે જાહેર કર્યો ત્યારે ચડ્યો છે. અને એમ કરવાનું કારણ છે. લૉર્ડ કર્ઝને જેમ હિંદનું કરેલું તેમ જ લૉર્ડ પીલની યોજનાથી આજે પૅલેસ્ટાઇનના રાષ્ટ્રશરીરનાં કકડા કરી નાખવામાં આવેલા છે. એમાંનો સૌથી સમૃદ્ધ ટુકડો યહૂદીઓને વસાહત માટે આપી દેવામાં આવેલો છે, દરિયાકિનારાની આખી પટ્ટી બ્રિટિશે સ્વહસ્તક રાખી છે, જ્યારે બાકીનો વગડાઉ ટુકડો અરબો પર ફેંકી દેવામાં આવ્યો છે.

આ રાષ્ટ્રઘાત આઝાદીની સહેજ સરખી તમન્ના ધરાવતી કોઇપણ પ્રજા માટે જબરામાં જબરી નાલેશીરૂપે ગણી શકાય. અને એનો સામનો, હિંદનાં રાષ્ટ્રધર્મદીક્ષિતોએ આદરેલો એ જ રીતે વડા મુફ્તીની સરદારી નીચે અરબ નવલોહિયાઓએ આદરવા માંડ્યો છે. પણ સૌથી મોટી વાત તો એ છે કે પોતાના રાષ્ટ્રની આઝાદીની એ કપરી લડત ખાતર હુસેનીએ અત્યાચારનો બિલકુલ પુરસ્કાર નથી કર્યો. આજ સુધી એ એનો વિરોધી હતો, આજે પણ છે. પરંતુ યુવાન માનસ પોતાની રાષ્ટ્રીયતાના દ્રોહ સામે કોઈ પણ કાળે કોઇ પણ દેશમાં અસહિષ્ણુ ને પુણ્યપ્રકોપી બની જાય છે તેમ પૅલેસ્ટાઇનમાં યે થયું છે. પરિણામે આજે ત્યાં કપરી દમનનીતિ ચાલી રહી છે. અરબોના કેટલા યે માનીતા નેતાઓ ફાંસીએ ચડી ગયા છે ને એથી યે વધુ જેલની દિવાલો પાછળ ગોંધાઇ ગયા છે.

પરંતુ લાખો અરબોનો દિલસોઝ સરદાર હુસેની તો એ દમનનાં ચક્રો યે વટાવી, ઉમરની પ્રખ્યાત મસ્જિદમાં નાસી છૂટ્યો છે. ગયા ઑક્ટોબરની ૧૭મીએ તે લેબનૉન પહોંચેલો. પણ ત્યાંની સરકારે તેને સંઘરવાની ના પાડતાં એણે દમાસ્કસનું શરણું લીધું છે. આજે વતનથી એણે બીજી વારનું બહારવટું ખેડ્યું છે, પણ હજુ ખાનગી જાસુસો દ્વારા અરબોને તેની દોરવણી ચાલુ છે એમ મનાય છે. એ જેરૂસાલેમમાં હતો ત્યાં સુધી તો એની લાગવગ માત્ર પૅલેસ્ટાઇન પૂરતી જ કામ કરતી હતી, પણ હવે તો એશિયાનાં સમસ્ત રાષ્ટ્રો સુધી એ પહોંચી છે. અરબ યુવાનીની બાહોશ દોરવણી કરતા તેના વીર હૈયામાંથી આજના નિર્વાસિત જીવનમાં યે એ એક જ સૂર ઊઠે છે કે:

ચખાયેંગે મઝા બરબાદીએ ગુલશનકા ગુલચીંકો,
બહાર આ જાયગી ઉસ દિન, જબ અપના બાગબાં હોગા.

અશોક હર્ષ



સૂર્યમાળામાંના બીજા ગ્રહો સાથે મુકાબલે મેખલામંડિત ગ્રહ શનિનાં રૂપ, કદ અને પરિસ્થિતિ દર્શાવતા આ ચિત્રમાં, એ ગ્રહમંડળમાંના કયા કયા ગ્રહો ઉપર વસતિની સંભાવના છે તે પણ દર્શાવેલું છે.

શનિ - સૂર્યમંડળમાં સૌથી મનોરમ અને દર્શનરમ્ય મેખલામંડિત ગ્રહ

આપણે તો એને દુષ્ટ સ્વભાવનો માનીને બહુ હલકો કરાયો છે, અને એની ગ્રહદશાથી ત્રાસેલા પણ ઘણા મળી આવશે; પણ દૂરબીનથી તેનું નિરીક્ષણ કરનાર જ તેની ખરી કદર કરી શકે કે એ ઉપેક્ષિત ગ્રહ સમસ્ત ગ્રહમંડળમાં કેટલો સુંદર, સમુજ્જ્વલ ને દર્શનરમ્ય છે.

આપણી પૃથ્વીથી ૮૬,૦૦,૦૦,૦૦૦ માઈલ દૂર આકાશમાં એક અનન્ય રસપ્રદ બનાવ બની રહ્યો છે. આપણા ગ્રહમંડળના રૂપસુંદર ગ્રહ શનિની આસપાસની પેલી નામચીન કટિમેખલાઓ—કેડ ઉપરના કંદોરા જેવી પટ્ટીઓ—અદૃશ્ય થતી જાય છે.

ખગોળમાં આ બનાવ વિરલ છે ને દર પંદર વરસે માત્ર એક જ વાર તે બનવા પામે છે. દુનિયાથી દૂર ને દૂર સરતા એ શનિના ગ્રહની પેઠે જ આપણા સૂર્યને જો મેખલાઓ હોય ને તે આમ અદૃશ્ય થવા માંડે તો અકલ્પ્ય એટલો ઉહાપોહ મચી જાય. પરંતુ શનિની બાબતમાં એવો કંઈ કોલાહલ કાને નથી પડતો, તેનું કારણ, માત્ર દૂરબીનથી જ એ જોઈ શકાય છે.

ઈ. સ. ૧૬૧૦માં ગૅલિલીઓએ આકાશમાં દૂરબીન માંડેલું, ત્યારે શનિની આ મેખલાઓ તેની નજરે પડેલી. પરંતુ ત્યારનાં સાધનો એટલાં બલવત્તર નહોતાં કે કશો નિર્ણય બાંધી શકાય. ત્યાર બાદ ઈ. ૧૬૫૫માં

હ્યુજીન્સ નામના ખગોળવેત્તાએ જાહેર કર્યું કે શનિના ગ્રહની આસપાસ એક પ્રકાશિત મેખલા રહેલી છે.

એ શોધને વીસ વરસ વીત્યા બાદ બીજા એક ખગોળજ્ઞને માલૂમ પડ્યું કે એ મેખલા વચ્ચે એક કાળી રેખા રહેલી છે, જે વડે આ મેખલાના બે ભાગ પડી જાય છે. આ વિભાગને 'Cassini's Division'-ને નામે ઓળખવામાં આવે છે.

એ વિભાગની બહારની મેખલા સાંકડી ને ઓછી પ્રકાશિત છે, જ્યારે અંદરની વિપુલ અને આખા ગ્રહનો સૌથી પ્રકાશિત ભાગ છે. એ બીજી મેખલામાં પાછી એક ત્રીજી મેખલા છે, જે 'ક્રેપ રિંગ' તરીકે ઓળખાય છે. એનો પ્રકાશ એટલો તો મંદ છે કે ઠેઠ ઇ. ૧૮૫૦માં જી.પી. બૉન્ડે તેની જાહેરાત કરી ત્યાર પહેલાં ભાગ્યે જ કોઇનું લક્ષ એ પ્રત્યે ખેંચાયું હતું.

સાધારણ રીતે તો એ ત્રણે મેખલાઓ અનુક્રમે એ, બી ને સીના નામથી ઓળખાય છે. એ ત્રણેના ક્ષેત્રફળના આંકડા નીચે મુજબ છે.

મેખલા	બાહ્ય મધ્યવ્યાસરેખા	પહોળાઇ
એ	૧,૭૦,૦૦૦ માઇલ	૧૦,૦૦૦ માઇલ
બી	૧,૪૫,૦૦૦ ,,	૧૬,૦૦૦ ,,
સી	૧,૧૩,૦૦૦ ,,	૧૧,૦૦૦ ,,

આ મેખલાઓએ શનિને એક અદ્ભુત દેખાવનો અને રૂપાળો ગ્રહ બનાવ્યો છે. કોઇ ઘન કે પ્રવાહી એકત્રિત સમૂહની નહિ, પણ ઝીણા ઝીણા કણોની જ એ મેખલાઓ બનેલી છે. એ કણો એકબીજાથી તદ્દન અલગ આવેલા છે, છતાં એટલા તો પાસેપાસે લાગે છે કે આપણી પૃથ્વી પરથી તો એ એકત્રિત સમૂહ રૂપે જ દેખાય.

દર પંદર વરસે આ મેખલાઓ અદશ્ય થતી જાય છે, ને છેવટે તો માત્ર એક સીધી રેખારૂપે જ દેખાય છે. ગઇ ૨૮મી ડિસેમ્બરે તો એ લીટી પણ તૂટક દેખાતી હતી, પણ હવે ફરી પાછી એ વધુ ને વધુ દશ્ય સ્વરૂપ પકડવા માંડી છે.

હવે એ જ બનાવ આપણી પૃથ્વી પર બને તો? તો આવતાં પંદર વર્ષ સુધી એના ઉત્તર ગોળાર્ધનો અમુક પ્રદેશ ભયંકર અંધારા વિસ્તારોમાં ફેરવાઇ જાય. કારણ પંદર વર્ષથી એ મેખલાઓની ઉત્તરે પ્રકાશતો સૂર્ય હવે ગઇ ૨૮મી ડિસેમ્બરથી એ મેખલાઓની કોરાણ પર થઇને દક્ષિણમાં જ પ્રકાશવા માંડશે. પૃથ્વીને એવી મેખલાઓ હોય તો એક પ્રદેશમાં આકાશમાં સફેદ ચકચકિત પટો સદા પ્રકાશિત જણાય, જ્યારે બીજા પ્રદેશમાં પ્રકાશનું નામનિશાન ન રહી, પૃથ્વીવાસીઓને દર પંદર વરસે એક સ્થળેથી બીજે સ્થળે પોતાનો મુકામ બદલતા જ રહેવું પડે!

આકાશમાંના સઘળા ગ્રહોમાં, કદની વિપુલતામાં ગુરુ પછી બીજે નંબરે આવતા શનિના ગ્રહ બાબતમાં આપણે બહુ હલકી કલ્પના બાંધી બેઠા છીએ. એની ગ્રહદશાથી ત્રાસેલા યે ઘણા મળી આવશે. દુષ્ટ સ્વભાવ શનિશ્ચર સાથે આપણે ત્યાં હમેશ જોડાએલો રહ્યો છે. પણ તેની ખરી કદર તો દૂરબીનથી તેનું નિરીક્ષણ કરતાં જ થઇ શકે, અને ત્યારે જ માલૂમ પડે કે એ ઉપેક્ષિત ગ્રહ તો આકાશમાંના બીજા કોઈપણ ગ્રહથી વધુ સુંદર, સમુજ્જ્વલ અને દર્શનરમ્ય છે.

અને એની મેખલાઓના દરરોજ બદલાતા ક્રમથી તો એ ખાસ પ્રેક્ષણીય ગણાય છે. એનાથી વધુ પ્રેક્ષણીયતાનો દાવો તો માત્ર મૃગશીર્ષ નક્ષત્રમાં આવેલી નિહારિકા જ કરી શકે. નવાઇની વાત તો એ છે કે એની એ ત્રણે મેખલાઓ જુદીજુદી ફરતી દેખાય છે! તેમાં યે 'ક્રેપ રિંગ' જોવાનો આનંદ તો ઓર જ છે: એમાં રજકણ જેવડા કદથી માંડી માઇલોના વિસ્તારના ચન્દ્ર એવા તો વેરવિખેર ભર્યા છે કે તેની આરપાર એકલો શનિનો ગોળો જ નહિ, પણ બીજા તારા સુદ્ધાં જોઈ શકાય છે. એ પારદર્શકતા પરથી તો એને એવું નામ મળ્યું છે. ટૂંકામાં, એક વખત આકાશની મૌન કાળાશમાં એનું વ્યક્તિત્વ તમે જુઓ ત્યારે જ એની ભવ્યતાનું તમને સાદશ્ય થાય.

ઇ. ૧૭૮૧માં યુરેનસની શોધ થઇ તે પહેલાં તો શનિ એ સૌર જગતનો છેડો મનાતો હતો. અત્યારે યે નરી આંખે દેખાતો એ દૂરમાં દૂરનો ગ્રહ છે. એના બંને ધ્રુવોના પ્રદેશ તો આપણી પૃથ્વીના ધ્રુવપ્રદેશો કરતાં યે વધુ ચપટા છે. એ પીળાશ પડતો ગરમ પ્રકાશ આપે છે. ને એની ગતિ એટલી તો મંદ છે કે સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરતાં તેને ખાસ્સાં સાડા ઓગણત્રીસ વર્ષો જોઇએ છે.

અને એની પોતાની ધરી પરની ગતિની વાત તો અજબ છે. હર્શલે ઇ.૧૯૧૪માં (અનુ૦ આગળ પાન ૧૮૪મે)

ભારતવર્ષના પંખીસમાજના સંગીતસમ્રાટ તરીકે ઓળખાતાં


આપણાં શ્રેષ્ઠ ગાયકો

દેવચકલી · પિદ્દા · શામા · દૈયડ

('વનવગડાનાં વાસી' નો આગળ હપતો)

'આ કયું પંખી હશે ?' અનેક વખત મને આવો પ્રશ્ન પૂછવામાં આવે છે. સામાન્ય રીતે તો એ પંખીનો કેવળ નામનિર્દેશ કરીને જ હું એ કુતૂહલવૃત્તિને સંતોષવાનો પ્રયત્ન કરૂં છું. પરંતુ જો સાંભળનાર જિજ્ઞાસુ લાગે તો પંખીનાં રૂપ–રંગ–આકૃતિ–ગાન વગેરેનાં વર્ણનદ્વારા, અન્ય પક્ષીઓથી એનો લાક્ષણિક ભેદ દર્શાવવાનું મન થઇ આવે છે. ક્વચિત્ ઉત્સાહના વેગમાં તણાતાં પંખીના જીવનવ્યવહારના સૂક્ષ્મ વિવેચનમાં પણ ઊતરી પડું છું. આટલી ઝીણવટ કરવા છતાં પૂછનારના હૃદયમાં એ પંખી મૂર્તિમંત થતું હશે કે કેમ એનો તો મને હમેશાં અંદેશો જ રહે છે. કારણ, એની આંખ પંખી પંખી વચ્ચેનો પ્રત્યક્ષ ભેદ પારખવા ટેવાએલી નથી હોતી. એટલે આરંભથી જ પંખીસૃષ્ટિની વિવિધતા અને સ્થૂલ નજરે દેખાતી એકરૂપતા એને ભારે મૂંઝવનારી થઇ પડે છે. આ જ કારણથી પંખીના વિશિષ્ટ વર્ગને ઓળખતો હોવા છતાં, રોજ નજરે ફરતાં શમળી, ગીધ અને ગરુડ, અગર હોલા, કાબર અને લેલાં, અથવા કલકલિયા, બગલાં તથા દીવાળીઘોડાની વિવિધ કોટિઓના ભેદ પણ સહેલાઇથી પારખી શકતો નથી.

આટલે દૂર જવાની પણ જરૂર નથી. ગામડાંમાં તેમજ શહેરમાં વગર આમંત્રણે ઘરમાં પેસી જઇ નિઃશંક વિચરતી દેવચકલી જ લ્યો. ઊનાળાનો આરંભ થઇ ચૂક્યો છે. ટાઢને લીધે શિયાળામાં ગુપ્તદેહ પક્ષિસમાજ હુંફાળી ઘટાનો આશ્રય છોડી, ઝાડની ડાળે, ઘરની ટોચે કે તારનાં દોરડાં પર બેસીને કલ્લોલ કરી રહ્યો છે. એમાં ય આ ઋતુ તો દેવચકલી (અને એના વર્ગનાં[1] પંખીઓ)ના સંવનનનો કાળ. એટલે બેવડા ઉત્સાહથી એ ગાવા નાચવા કૂદવા લાગ્યું છે. છતાં નિત્ય



આભ ટેકવતી પૂછડીવાળી દેવચકલી

નજરે પડતા આ અતિસામાન્ય પંખીનો થનગનાટ કેટલાની આંખ ખેંચતો હશે ? કેટલાને ભાન હશે કે ઠોકરે ચડતું, રૂપરંગના ઝબકારા વિનાનું આ સુકુમાર પંખી તો આપણા દેશના સર્વોત્કૃષ્ટ ગાયકોનો વંશજ છે? કારણ, જેને આપણે દેવચકલી, દેવલી કે કાળીદેહ[2] નામથી ઓળખીએ છીએ એ પંખી અને શામા તથા દૈયડ, પિદ્દા અને ખેરપિદ્દા બધાં એક જ કુળનાં, સગોત્રી છે.

'ચકલી' કહેવાય છે અને ચકલી જેવું લાગે છે છતાં, એનો અને ચકલીનો, પક્ષિવંશવિદ્યાની દૃષ્ટિએ, કશો જ સંબંધ નથી. ઉપર નજરે જોનારને પણ આ બંને પંખી વચ્ચેનો વર્ગભેદ સહેજે ધ્યાનમાં આવે છે. ચાંચ જુઓ. ચકલીની ચાંચ ટૂંકી, જાડી, શંકુ આકારની, ડટ્ટા જેવી ઘટ્ટ, જરઠ. ચકલી છે કણભક્ષ પક્ષી, અનાજના દાણા ચણનારૂં. એટલે દાણા ભાંગવાને સમર્થ ચાંચ એને જોઇએ. આવી ચાંચવાળાં એના વર્ગનાં[3] અન્ય પંખી તે રાજી,[4] સુગરી, સુરખ, મુનીઆ વગેરે.

દેવચકલી (અને એનાં પીતરાઇ) અનાજને અડકે ય નહિ. એનો આહાર તો જીવાતઃ નરમ, સુકોમળ, મુલાયમ દેહવાળા કીડા, ઇયળો, વગેરે. એટલે એને કહોડી

---

૧ Sylviadae family.

૨ Indian Robin. શાસ્ત્રીય સંજ્ઞા: Thamnobia cambaiensis.

૩ રૂઢ નામ Finches: Fringillidae family.

૪ પીળા ગળાવાળી વગડાઉ ચકલી

કોદાળી જેવી કઠોર ચાંચનો ઉપયોગ અથવા આવશ્યકતા શાની હોય? એને તો કીડા વગેરે ઉપાડીઉપાડી ગળી જ જવાના. એટલે એના વર્ગનાં પંખીઓની ચાંચ પાતળી, સરળ, સહેજ લાંબી, એકધારી, સુકુમાર.

ચકલી અને એનાં સજાતીય પંખી બધાં ય 'સંઘચારી'—ટોળે વળીને ફરનારાં છે. એકલદુકલ રહેવું એમને ન પાલવે. જ્યારે દેવચકલી અને એના વર્ગનાં અન્ય પંખીઓને ટોળે વળીને રહેવું નથી ફાવતું. માત્ર નર અને માદા—એકેક જોડું જ અલગ અલગ સ્વતંત્ર ફર્યા કરે છે. એમને અન્યનો પાડોશ કે મિત્રતા નથી ગમતી. પારકાનો પગ પણ સહન ન કરી શકવાની એમની આવી ટેવને લીધે, એક જ પાંજરામાં અન્ય પક્ષી ભેગાં રાખીને એમને ઊછેરવા પાળવાનું ઘણું દુષ્કર બને છે.

એ ઉપરાંત ચકલી તો ભારે ભડભડીઉ પંખી. આખો દિવસ, વાટે ને ઘાટે, ચીંચીં કરી માથું પકવી નાખે છે. એના કંઠમાં મીઠાશ નથી. સ્વરમાં કોમળતા નથી. ગાયનમાં ઢંગ નથી. આનંદમાં હોય કે દુઃખમાં, શાંત બેઠું હોય કે ભયત્રસ્ત—માત્ર એક જ પદ 'ચીંચીં' એની લાગણી વ્યક્ત કરવા પૂરતું છેઃ ક્વચિત્ ઉચ્ચૈઃ સ્વરે, ક્વચિત્ ધીમે.

એથી ઊલટું દેવચકલીનાં કુટુમ્બીજન તો છે ભારતવર્ષના પંખીસમાજના સંગીતસમ્રાટ. કંઠની મીઠાશમાં, સ્વરની વિવિધતામાં, ગાનની હલકમાં, આરોહઅવરોહની ખૂબીમાં અને શબ્દાનુકૃતિની નિપુણતામાં એમની પડખે અન્ય કોઇ ન ચડી શકે. એટલે જ ઉસ્તાદો લળી લળીને એમનાં સન્માન કરે છે.

૨

આવા અનન્યસાધારણ ગૌરવવાળી જાતિમાં જન્મનાર દેવચકલી પણ એની ગાનપ્રિયનાને લીધે ભારતવર્ષના 'રૉબીન'નું બિરુદ પામ્યું છે. એના નરનો રંગ સર્વાંગ—માથું, ગળું, ગરદન, છાતી, પાંખો—ઘેરો કાળોઃ તડકામાં ચળકે એટલે આસમાની લાગે. પીઠ ભૂખરા રંગની. પેટ ઘેરા લાલ રંગે. પૂછડીના મૂળમાં નીચે ઘેરા રતુમડા રંગનું છોગું.[૫] પાંખમાં સફેદ પટો. માદા ફિક્કા ધુમાડિયા રંગની. ચાંચ અને પગ કાળા.

એના રંગની આ વિશિષ્ટતા—પીઠ પરનો આછો, ધૂળ જેવો મેલો, અને પેટ પરનો ઘેરો ચળકતો—કેવળ અકસ્માત નથી પણ કુદરતે વિચારપૂર્વક કરેલી સૃષ્ટિઘટનાનું સબળ દૃષ્ટાન્ત છે. જે પક્ષીઓ ઝાડમાં વસનારાં છે તેમની પીઠ વગેરે ઉપરનાં અંગોનો રંગ ઘેરો અને પેટ વગેરે નીચેના ભાગોનો રંગ આછો ફિક્કાશ પડતો હોય છે, જેથી એમના દેહ ઝાડની અંધારી ઘટામાં ભળી જઇ અદૃશ્ય બની જાય અને આકાશમાં ભમતાં શિકારી પક્ષીની નજરે ન પડે. આવા જ હેતુથી જમીન પર ભમનારાં પંખીઓના વાન ઊલટા પ્રકારના—ઉપરના આછા ફિક્કા અને નીચેના ઘેરા—હોય છે, જેને લીધે જમીન પરની ધૂળ, માટી કે સૂકા ઘાસના રંગમાં એમનો રંગ ભળી જતાં, ઉપરથી નજર ફેંકનારને પંખી નજરે ય ન પડે. આવા રૂપ—વિન્યાસ, 'Protective colouration' એવી શાસ્ત્રીય સંજ્ઞાથી ઓળખાય છે.

દેવચકલીની અન્ય પણ એક વિચિત્રતા છે, અને એ, કૈસર જેવા કોઇ મરદ મૂછાળાની બેગડી મૂછો પેઠે, આકાશ ટેકવતી હોય તેમ, પૂછડી અક્કડ ઊભી રાખવાની ટેવ. એના વર્ગનાં અન્ય પંખી પણ પૂછડી ઊભી તો રાખે છે જ, પણ દેવચકલી જેટલી અક્કડ અને ટટાર તો નહિ જ.

દેવચકલીનું ગાન કોમળ મીઠી ઝીણી સીસોટી રૂપે આપણા કાને અથડાય છે, છતાં અત્યંત ધીરેથી બોલાતું હોવાથી સામાન્ય રીતે આપણું ધ્યાન ખેંચવા અસમર્થ બને છે, પરંતુ સંવનનકાળે નરનું ગાન જેટલું આહ્લાદક એટલી જ એની મસ્તી આકર્ષક હોય છે. આડે દહાડે તો માદા નરની પાછળ પાછળ પળે છે છતાં એને ગણકારતો યે નથી. પણ પ્રજનનકાળે એ જાતે માદાનો ગુલામ બની જાય છે. માદા શાંત ચિત્તે જીવાત પકડતી હોય ત્યારે, નર ઊંચી ગરદન, અક્કડ દેહ અને હેઠ માથે અડે તેમ ટટાર પૂછડી રાખી, માપી માપીને પગલાં ભરતો, દમામભેર ચાલતો, મીઠું ગાતો એની આસપાસ ફેરફુદડી ફરે છે. એનો આ ઉન્માદ ઘડી બે ઘડી ચાલીને જ અટકતો નથી. એક વખત તો બરોબર વીસ મિનીટ એનું આ અદ્દભુત નૃત્ય નિહાળવાનું સૌભાગ્ય મને સાંપડયું હતું.

---

૫ આ છોગું આ વર્ગનાં પંખીઓનું વિશિષ્ટ ચિહ્ન છે

માર્ચ બેસતાં એ માળો બાંધવાના વ્યવસાયમાં પડે છે અને ઝાડની કે ભીંતની બખોલમાં, ઘરના ગોખલામાં, ક્વચિત્ જાળીઓ કે બારીબારણાંના ઊંબરા ઉપર પણ[૬], ઘાસનાં તરણાં, લીમડાની સળીઓ, માથાના વાળ, વગેરે સામગ્રીથી બનાવેલા કોડિયા જેવા નાના છીછરા માળામાં ઘેરા તપખીરિયા રંગની છાંટવાળા લીલાશ પડતા સફેદ રંગનાં ત્રણ ઈંડાં મૂકે છે. વખતફેરને લીધે ઘણી વેળા એનાં ઈંડાં ઠેઠ ઑગસ્ટ સુધી પણ મારા જોવામાં આવ્યાં છે.

૨

દેવચકલીની હારોહાર એના વર્ગનું અન્ય એક પંખી આપણાં આંગણાંમાં ભમતું દેખાય છે. એનું નામ 'દેશી શામા.'[૭] દેખાવમાં દેવચકલી જેવું અને જેવડું પણ જરા ભરાવદાર ફૂલેલા શરીરવાળું, છ આંગળ લાંબું. નરમાદા ઉભય એક સરખા ધૂળિયા ફિક્કા બદામી કે ધૂમાડિયા રંગનાં. પીઠ પરનો રંગ આછોઃ પેટનો ઘેરો. ચાંચ અને પગ કાળા. પૂછડીના મૂળમાં નીચેના ભાગે ઘેરા લાલ રંગનું છોગું. પૂછડી ટટાર રાખે પણ દેવચકલી જેટલી ઊભી નહિ.

રૂપરંગ આવાં વખોડવા લાયક હોવાથી એને ઓળખતાં વાર નથી લાગતી; છતાં દેવચકલીની માદા સાથે એની ભ્રાન્તિ ન થાય એવી એની એક વિચિત્રતા છે અને એ, ધૂણતું હોય એમ વારંવાર માથું ઊંચુંનીચું કરવાની ટેવ. જમીન પર ઊભું હોય ત્યાંથી ચાલે ત્યારે માથું નીચું ઝુકાવી,[૮] આંચકો મારી ઊંચું ઊઠાવે અને પછી દડબડ દડબડ દોડે. દેવચકલીને એ ટેવ નથી.

દેશી શામા પણ એકલચારી છે, એટલે આખો દિવસ નરમાદા એક બીજા પાછળ ભમતાં ફરે છે. દેખીતું શાંત છતાં એનો સ્વભાવ ખૂબ તીખો હોવાથી મોટાં મોટાં પંખી સાથે પણ નિષ્કારણ ચડભડ્યા વિના એને જંપ નથી વળતો. એનો અવાજ મધુર અને કોમળ છે. લીંબુડી કે મેંદીની ડાળે બેસીને, ક્વચિત્ અગાશીની પાળે કે બારીની ધારેથી એ સીધ્ધ કરી લાંબી સીસોટી મારી આનંદાદિ વિવિધ લાગણીઓ વ્યક્ત કરે છે, ત્યારે એના કંઠની ખૂબી સમજાય છે.

વસંતઋતુ એનો ગર્ભાધાનકાળ. આડે દહાડે ઘરમાં પેસતાં પણ ડરનાર આ પંખી આવે વખતે ભારે હિંમત કરે છે અને જાળી બારી ગોખલા કે ઘરનાં કબાટ પર પણ માળા બાંધી દે છે[૯] અને ઘરમાં અનેક માણસ ભેગાં, પાળેલાં કૂતરાં, બિલાડાં પણ ફરતાં હોય છે છતાં નિશ્ચિત જીવથી ઇંડાં સેવતું બેસે છે. આટલી હિંમત અને વિશ્વાસ માત્ર ચકલી અને કબૂતરમાં જ જોવામાં આવે છે.

માળાની રચનામાં એ ઝાડની છાલ, છોતરાં, ઘાસ, વાળ, સળીઓ વગેરેનો ઉપયોગ કરે છે. છીછરા કોડિયા જેવા માળામાંથી વખતે ઇંડાં ગબડી જવાનો ભય લાગે તો આડી માટીની પાળ કે નાનકડો ઘોરો પણ બાંધે છે. એનાં ઇંડાં ૨–૩. છૂંદણાંવાળાં મેલા ધોળા રંગનાં.

૩

ઘરનાં અને આંગણાનાં વસનારાં આ બેને છોડીને આપણે વસતિ બહાર વગડામાં જઇએ, ત્યાં સામે જ ગામને ગોંદરે ખેતરની વાડે થૂવર પર કે કેરડા કંથેરની ડાળે પૂછડી નીચી ઝૂકાવી બેઠેલું, દેવચકલીથી સહેજ નાનું પણ ધોળા કાળા રંગના મિશ્રણને લીધે એનાથી વધારે ખુબસૂરત, એનું અન્ય એક પીતરાઇ નજરે ચડે છે. એ જ "પિદ્દા"[૧૦]: સંગીતનું દિલાવર પંખી. નરનો રંગ હેઠળ ઉપર સર્વાંગ ચળકતો કાળોઃ માત્ર પેટ, પૂછડીના મૂળમાં પીઠનો ભાગ અને પૂછડીનાં હેઠળનાં પીંછાં શ્વેતરંગી. પાંખમાં પાતળી ધોળી પટી. ચાંચ કાળી. પગ ભૂખરા કાળા. માદા આછા

૬ એક પંખીએ તો ભાઇ ખરાદીના ઘરમાં એનીમાના ડબ્બામાં જ માળો જમાવી દીધો છે! તા. ૧૫–૧૬–૧૭ માર્ચના રોજ ઇંડાં મૂક્યાં.તા. ૨૪–૨૫–૨૬ના રોજ બચ્ચાં નીકળ્યાં.

૭ Brown Rockchat; શાસ્ત્રીય અભિધાન Cercomela fusca

૮ માથું ઝુકાવવાની આવી ટેવ ચીબરીની પણ છે. પરંતુ ચીબરી બેઠી હોય ત્યારે જ માથું ઊંચું નીચું કરે છે. જ્યારે દેશી શામા તો ચાલતાં પહેલાં ઝુકાવે છે

૯ એક પંખીએ તો બાલુભાઇના બંગલે ડામચિયા પર જ માળો જમાવેલો. તે પણ ગોદડાના પડમાં નહિ પણ સૌથી ઉપરના પડ ઉપરઃ ખુલ્લો ઉઘાડો! એની હિંમત!

૧૦ White winged Black Robin; શાસ્ત્રીય અભિધાન Pranticola caprata



સંગીતનો શાહ પિદ્દા

મેલા કાળા રંગની: ધોળાની જગાએ ધૂળિયા રંગની.

આમ રૂપેરંગે દૈયડને બધી રીતે મળતું છે એટલે નાની કાયાને લીધે એ દૈયડની અલ્પ આવૃત્તિ, દૈયડના બચ્ચા જેવું જ લાગે છે. કૃષ્ણ વર્ણની અતિશયતાને લીધે એ "કાળા પિદ્દા" નામે પણ ઓળખાય છે. એ દેવચકલી પેઠે અવારનવાર પૂછડી ઊંચીનીચી પણ કરે છે.

શરીરે નાનું છતાં અત્યંત દૃઢ અને પ્રભાવવન્તું આ સુકુમાર પંખી વનવગડાનું અસાધારણ ગાયક છે. એનો અવાજ શામા કે દૈયડના જેવો બુલંદ નથી. તોપણ એના દર્દભર્યા મનોહર ગાનને પડખે ચકદીલ કે શૌબીગી જેવાનાં અમૃત રેડનારાં ગાન પણ ઝાંખાં પડી જાય છે. એથી જ એ પાલ્ય પક્ષી તરીકે ખૂબ ઊંચા સ્થાને વિરાજે છે. એના સામાન્ય ગાનસ્વર 'સીઇઈ' ઉપરાંત એ જીવાત પકડતી વખતે 'ચટ્ચ ' એવો વિશિષ્ટ અવાજ કરતું પણ સાંભળવામાં આવે છે.

વનવગડાનું વાસી હોવાથી મનુષ્યનો એને ભાગ્યે જ સહવાસ હોય છે, છતાં પાળવામાં આવે તો તરત જ હળીમળી જાય છે,

ઉનાળામાં એનો પરિવાર વધે છે. માર્ચના આરંભથી મેના અંત સુધીના ગાળામાં, જમીન પર ઘાસની ઓથે કે વાડના મૂળમાં, કવચિત્ અવાવર કૂવાની ભીંતમાં કે સૂકાએલા કાદવમાંનાં ખરિયાની વચ્ચે નરમ ઘાસ, માણસના માથાના કે ભેંસબકરાના વાળ અને કંથેર બોરડીના કાંટાથી ઊઝરડાએલાં ઘેટાંનાં ઊન વગેરે જે મળે તેનાથી તરભાણી જેવો ગોળ છીછરો માળો બનાવી, ચળકતા આછા આસમાની અને લીલા રંગનાં ૪–૫ ઇંડાં મૂકી દે છે.

દેવચકલી, દેશી શામા અને પિદ્દાઃ એ ત્રણે ભારતવર્ષનાં સર્વવ્યાપી સ્થાયી અધિવાસી પંખી છે.

૪

સંગીતના આ શાહની હારમાં બેસનારું અન્ય એક પંખી ઠેઠ સાઇબીરિયાથી આપણા દેશમાં શિયાળામાં ઊતરી આવે છે. એનું નામ "ખેર પિદ્દા"[૧૧]. દેખાવમાં પિદ્દા જેવડું અને જેવું. નરનો ઉપરનો રંગ કાળો. પાંખમાં શ્વેત પટ્ટો. પૂછડીના મૂળમાં પીઠનો છેડાનો ભાગ શ્વેત. પેટ, છાતી, પૂછડી નીચેના ભાગ રતુમડા. બધી રીતે પિદ્દાને મળતું છતાં એના એક વિશિષ્ટ આભૂષણ—ગળામાં શ્વેત ગલપટ્ટાથી ઝટ ઓળખાઇ જાય છે. ચાંચ અને પગ કાળા. માદામાં કાળાની જગાએ બદામી: બીજી બધી રીતે નરને મળતી.

સપ્ટેમ્બરની શરૂઆતમાં એ ભારતવર્ષમાં આવે છે. એનું ગાન અત્યંત શ્રુતિમનોહર હોવા છતાં, એના યાયાવર સ્વભાવને લીધે એ પક્ષિપાલકોના ઝાઝા આદરને પાત્ર નથી બન્યું.

૫

દેવચકલી અને દેશી શામા એમના વર્ગમાં અતિ સામાન્ય ગાયક ગણાય: એમના કંઠરવને સંગીત કહેવાય કે કેમ, એની શંકા કરનારા પણ નીકળશે. પિદ્દા અને ખેર પિદ્દાની એ રીતે ઉપેક્ષા થઈ શકય નથી, છતાં એમના સંગીતને ઉદાસીન ભાવે સાંભળનારા પણ ઓછા નથી હોતા. પરંતુ જેમને સાંભળ્યા પછી ભૂલાતાં નથી, જેમના અલૌકિક ગાનસમારંભ આગળ અગન અને ચંડુલની ગાનોન્મત્ત દશા પણ કેવળ પ્રાકૃત જ લાગે છે, એવાં અશેષ પક્ષિવૃન્દના મુકુટમણિ જેવાં દેશી ગાયકો—શામા અને દૈયડ—પ્રાચીનતમ કાળથી ભારતવર્ષના પક્ષિપ્રેમીઓના હૃદયમાં સર્વોચ્ચ સ્થાન વિરાજતાં આવ્યાં છે. એમાં પણ વિશેષરૂપે શામા[૧૨] એકલું જ. એના દેહના વિક્રય પ્રસંગે કો

૧૧ Indian Bushchat; P. Maura


૧૨ "Shama" Kittacincla Macroura

પણ કીમત ભારે નથી ગણાતી. એકાદ અશ્રુતપૂર્વ પંખીના દર્શનશ્રવણાર્થે પચીસ પચાસ ગાઉ ચાલી નાખનાર સંગીતપ્રેમીઓનો પણ ટોટો ન હોતો. એવા આ પક્ષિવિશેષના કંઠની અલૌકિક મીઠાશ, સ્વરની અવર્ણ્ય વિવિધતા, આરોહ અવરોહ પરનું અદ્‌ભુત પ્રભુત્વ, અપ્રતિમ ગાનનો ઉન્મુક્ત પ્રવાહ, એ સાથે મનુષ્ય અને પશુપક્ષીઓની નિરવધિ ભેદવાળી વાણીઓનાં અનુકરણ કરવાની અગાધ શક્તિ પ્રાક્ ઇતિહાસકાલથી એના આશકોનાં હૃદય સ્વાધીન કરતી આવી છે. કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી જગન્નાથ વચ્ચેના પ્રદેશમાં એક પણ પક્ષિપ્રેમી જન્મ્યો જીવ્યો જાણવામાં આવ્યો નથી કે જેનું મસ્તક આર્દ્ર ભાવે એની આગળ નહિ નમ્યું હોય. કોઇ પણ પદ એવું નહિ હોય જે એના કંઠને અઘરૂં કે અટપટું લાગ્યું હોય. એના નિવાસ અર્થે સોનારૂપાથી રસેલાં પાંજરાં આજે પણ ઘડાય છે. એની સુશ્રૂષામાં બેચાર નોકરો સદૈવ તત્પર, ખડા પગે રહે તોપણ એના પાલકનું મન નથી માનતું. એના પગરખામાં પગ ઘાલે એવું અન્ય પંખી આપણા ત્યાં તો નથી જ. ભારતેતર દેશોમાં પણ એનાથી સવાયું થનાર માત્ર એક જ પક્ષી છે: નાઈટીંગેલ.

ગીચ ઝાડી અને ગાઢ જંગલોનું વસનારૂં છે, એટલે શામા વન્ય દશામાં ઝટ નજરે નથી ચડતું. ભારતવર્ષનું સ્થાયી અધિવાસી છે છતાં, એને સર્વવ્યાપી પંખી તો ન જ ગણાય. કારણ પ્રાન્તભેદે એ માત્ર નેપાળ, આસામ, મધ્ય હિંદ, છોટા નાગપુર, ખંડાલાના ઘાટ, મલબાર અને સીલોન જેવાં જૂજ સ્થળે જ વસતું જોવામાં આવે છે. આપણા કમનસીબે એણે ગુજરાતને વસવા યોગ્ય નથી ગણ્યો એટલે બન્ધનાવસ્થા સિવાય એનું દર્શન પણ આપણા પ્રાંતમાં શકય નથી, ત્યાં ગાનશ્રવણની તો શી આશા રાખવી?

૬

આમ શામાને આપણો સહચાર નથી ગમ્યો છતાં એનાથી એક જ કક્ષા ઊતરતું "દૈયડ"[૧૩] ગુજરાતને ભૂલી નથી ગયું. એ આપણું સર્વસામાન્ય પંખી ગણાય.



ગુજરાતનું સર્વોત્કૃષ્ટ અને ભારતવર્ષનું દ્વિતીય શ્રેષ્ઠ ગાયક દૈયડ

એનો નિવાસ આપણા ત્યાં બારે માસ હોય છે.

એના નરનો રંગ: માથું, ગળું, ગરદન, છાતી, પીઠ અને પાંખો ઘેરાં કાળાં—પાંખો સિવાયનો બધો કાળો રંગ ચળકતો આસમાની લાગે. પેટ, પૂછડીના મૂળ નીચેનો ભાગ અને પૂછડીની હેઠળનાં પીછાં શુદ્ધ શ્વેત રંગનાં. પૂછડીનાં બહારની બંને ધારોનાં ચાર પીછાં પણ શ્વેતરંગી. પાંખમાં નાનો શ્વેત પટો. ચાંચ કાળી. પગ કાળા. માદાનો કાળો રંગ આછો ધુમાડિયો: શ્વેત રંગ સહજ મેલો, રાખોડી જેવો. દેવચકલીની પેઠે એ પણ પૂછડી ઊંચીનીચી કરે છે. એ ઉપરાંત ચકદીલની પેઠે, પૂછડી પહોળી સાંકડી, કાગળના પંખા પેઠે ઉઘાડવાશ કરવાની ટેવ પણ એને (અને એની અલ્પ આવૃત્તિ જેવા પિદ્દાને) હોય છે. એ વખતે વચલાં કાળાં અને પડખેનાં ધોળાં પીછાંના વિસ્તારથી એના દેહની શોભા ઓર ખીલી નીકળે છે.

દેખાવે પ્રતિભાસંપન્ન અને દૃઢ બાંધાનું, કાળાધોળા રંગના મિશ્રણવાળા દેહવાળું અને આકારમાં દેવચકલી જેવું પણ એનાથી દોઢા કે બમણા કદનું આ પંખી આપણા બાગબગીચા અને ખેતર પાદરનું સામાન્ય પક્ષી ગણાય.[૧૪] મનુષ્યનો સહવાસ એને

---

૧૩ Magpie Robin; પક્ષિવિદોનું Copsychus Saularis

૧૪ અંગ્રેજ પક્ષિવિશારદોએ એને ગુજરાતમાં યાયાવર માન્યું છે, એ ભૂલ છે. આપણે ત્યાં એ બારે માસ રહે છે.

ગમે છે પણ સ્વભાવે શરમાળ હોવાથી ઘરમાં ન પેસતાં, માત્ર આંગણાંમાં જ રમ્યાં કરે છે. જમીન પર જીવાત પકડવા ઊતરેઃ નળ નીચે પાણી પીવા પણ આવેઃ પણ એનું પ્રિય સ્થાન તો ઝાડ કે છોડની ડાળી જ. એ પર બેઠુંબેઠું ચોપાસ નજર રાખે અને જીવાત નજરે પડે કે ઊડીને ઝટ ઝડપી લઈ પાછું અસલને સ્થાને આવી બેસે.

ફેબ્રુઆરી આવે અને એનો ગાનસમારંભ શરૂ થાય. એ વખતે એ આંબા, પીપળા અને લીમડાની ઊંચામાં ઊંચી ડાળે અથવા મકાનની ટોચે કે ટેલીફોનના તાર ઉપર બેસીને 'તીરતૂ તીરતૂ તીર તૂઉઉઉઉ' એમ વિવિધ સ્વરની ઝડીઓ વરસાવે છે, અને બુલંદ અવાજથી આખું વાતાવરણ ગજાવી મૂકે છે. એ ગાય છે તો આખો દિવસ પણ એની મસ્તીનો પ્રિય કાળ તો પ્રભાત જ. વસંતનાં અન્ય ગાનાર કોયલ, બપૈયા વગેરે હજુ તંદ્રામાં જ હોય છે ત્યાં દૈયડના ગાનનો આરંભ થાય છે. શિયાળાની નિષ્ક્રિયતાનો ત્યાગ કરી આટલું વહેલું ગાન શરૂ કરનાર એ એકલું જ. છતાં એનો ખરો ઉન્માદ તો ચૈત્ર વૈશાખમાં—એના સંવનન કાલે જ દેખાય છે. એ વખતે ગાવા સિવાય એને બીજું કશું ભાન જ નથી હોતું. ઉનાળો ઊતરતાં એનો ઉત્સાહ નરમ પડે છે અને ચોમાસામાં તો સાવ મૂગું બની જાય છે.

એપ્રિલના આરંભમાં એ માળો બાંધવાની ખટપટમાં પડે છે.એકાદ ઊંચા વૃક્ષની બખોલમાં તણખલાં, મૂળિયાં, છાલ, પીછાં વગેરે પાથરી રકાબી જેવો માળો બનાવી ૪-૫ ફિક્કા લીલા કે લીલાશપડતા આસમાની રંગનાં ઘેરી તપખીરિયા છાંટવાળાં ઈંડાં મૂકે છે.

ભારતવર્ષમાં પ્રથમ પંક્તિનાં ગાનાર આ ગણાવ્યાં એટલાં જ. અગન અને ચંડુલની મહત્તા ભારે છે પણ એ શામા કે દૈયડને ન પહોંચે. આ વિષયમાં એક વાત ધ્યાનમાં લેવા જેવી છેઃ ચંડુલ, અગન, કોયલ વગેરે સામાન્ય ગાયકો બેઠાં બેઠાં પણ ગાય અને ઊડતાં ઊડતાં પણ ગાય, જ્યારે દેવચકલી અને એનાં કુટુમ્બીઓને બેઠાં બેઠાં જ ગાવાનું પસંદ છે. આ સ્થળથી પેલે સ્થળે ઊડીને બેસે ત્યારે વચ્ચે 'ચીંઈંઈં' કરે ખરાંઃ પણ એમનાં મધુર ગાન તો નિરાંત જીવે ડાળી વગેરે પર બેઠાં હોય ત્યારે જ થાય છે.

આ વર્ગનાં, દૈયડ સિવાય અન્ય પંખીના પાલનનો મને અંગત અનુભવ નથી; પણ નિષ્ણાતો પાસેથી સાંભળ્યું છે કે એ બધાં ય સાધારણ શ્રમથી પાળી શકાય છે. સ્વભાવે માંસાહારી છતાં પણ બન્ધનાવસ્થામાં એ, શેકેલા ચણાનો આટો ઘીમાં કાલવીને બનાવેલા એકલા સાથવા ઉપર ખૂબ જ તંદુરસ્ત રહે છે. એ સાથે અવારનવાર જો કીડા કે નાનાં તીડ ખવરાવવામાં આવે તો એમને કુદરત જેવો જ આહાર મળી રહે છે.

આપણને ઘણી વખત પીરામિડના આકારનાં અને કપડામાં ઢાંકી દીધેલાં નાનાં પાંજરાંનાં અંધકારમાં શામા અને અગન જેવાં પંખીઓને પૂરાએલાં જોઇ ઘૃણા ઉત્પન્ન થાય છે. પરંતુ જો સંગીતનાં વિવિધ ધર કે શબ્દાનુકરણ શીખવાડવું હોય તો એમને અંધારામાં પૂર્યા વિના છૂટકો નથી. અન્ય પ્રાણિસૃષ્ટિથી એમને એકાંતમાં આ રીતે અલગ રાખવાથી પ્રાણીઓના સંપર્કની તીવ્ર આકાંક્ષા એમના અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે. એટલે જેવાં અંધકારથી મુક્ત થાય છે કે તરત જ પ્રથમ કાને પડતા શબ્દ એમના હૃદયમાં કોતરાઇ જાય છે. આવા હેતુથી જ દરરોજ સાંજે એમના પાળનારા વિવિધ પક્ષીઓથી ભરપૂર વૃક્ષરાજી કે બાગબગીચામાં એમને લઇ જઇને જમીન પર પાંજરાં મૂકી ઉપરના કપડાનો એક છેડો ઊંચકી લઇને પંખીની બોલીઓ સાંભળવા દે છે. ઘેર આવ્યા પછી એ બધી બોલીઓ એના મધુર કંઠથી આબાદ બોલી બતાવે છે. આ અનુકરણ ગમે તેટલું આકર્ષક હોય છતાં એટલા ખાતર પંખીઓને દસ આંગળ જેટલી સંકુચિત જગામાં ગોંધી રાખવાં એ નરી ક્રૂરતા છે. એટલે જ હું મારાં દૈયડ અને અગન તથા બુલબુલ અને લાલ, વગેરેને માટે હંમેશાં વિશાળ ખુલ્લાં પાંજરાં રાખતો. એથી કદાચ એમની અનુકરણ શક્તિની કદર કરવામાં હું નિષ્ફળ નીવડ્યો હોઇશ, પણ એનું મને દુઃખ નથી. એમનાં મુક્તકંઠનાં ગાન તો એ હરેક ક્ષણે ગાયાં જ કરતાં. શહેરના ઉજ્જડ જીવનમાં ઘરમાં બેસી એટલું યે સાંભળવાનો લહાવ મળે એ ઓછો ગણાય?

વનેચર

જીવનનું પરોઢ

ભાગ બીજો · પ્રકરણ સાતમું: ફીનિક્સને આંગણે

બાપુજી આવ્યા; ટૉલસ્ટૉય વાડીનો આખો કબીલો લઇને આવ્યા, પગલે પગલે તેજ પાથરતા આવ્યા. એ ગોરજ મુહૂર્ત હતું: જોષીનું આપેલું નહિ પણ આપમેળે ગોઠવાએલું. ફીનિક્સથી અર્ધો પોણો માઇલ દૂર એક ભવ્ય આગમનનું મને દર્શન થયું. આકાશમાંથી અંધારું ઊતરતું આવતું હતું. રસ્તાની બંને બાજુનું જંગલ વધુ ને વધુ ઘેરું થતું જતું હતું. બાપુજીએ બાંડિયું પહેરણ પહેર્યું હતું અને પાટલૂન સારી પેઠે નીચેથી વાળી લીધું હતું. લાંબે ડગલે ઝપાટાભેર સૌને મોખરે તેઓ પ્રસન્નતા વેરતા ચાલ્યા આવતા હતા. એમની પાછળ ત્રણ ત્રણ ચાર ચારની ટોળીમાં નાના કદના ને મોટા કદના ફાર્મવાસીઓ તણાયે આવતા હતા.

બાપુજીને અમે દંડવત્ પ્રણામ કર્યાં, અને અર્ધી મિનિટમાં એ ટોળી સાથે ભળી અમે આગળ ચાલવા માંડયું. પિતાશ્રી અને મગનકાકા બાપુજી સાથે વાતે વળગ્યા અને હું મારી નાનકડી આંખે ફાર્મવાસીઓને નજરમાં ભરવા મંડ્યો. તેઓમાંનાં નામ તો ઘણાંનાં સાંભળેલાં, પણ કયું કોણ છે એની કેમ ખબર પડે! ધીરજથી જોવા સાંભળવાનું જ રહ્યું.

ટાઢ વળી હતી. બીજાઓ કરતાં બાપુજીનું શરીર વધારે ઉઘાડું હતું. લેવા આવનારા મંડળમાં કોઇની પાસે શાલ હતી. એણે બાપુજીને ઓઢવાને આપી. બાપુજીએ તુરત પાછી વાળી અને કહ્યું, 'નહિ, એવી કંઇ ટાઢ નથી. મને ઓઢવાની જરાય જરૂર નથી; પરભુદાસને આ ઓઢાડી દો.' બાપુજીની પ્રસાદી મને સાંપડી. ખરેખર મને ટાઢ વાતી જ હતી. પણ બાપુજીએ એટલા બધામાં મને જ કેમ વીણી કાઢ્યો? હું તાજો જ માંદગીમાંથી ઊઠેલો હોઇ એ ટોળીમાં સૌથી નબળો હતો. તેથી એ શાલ ઓઢવાનું મને મળ્યું. શાલની હૂંફ કરતાં બાપુજીની મારા પ્રત્યેની એ ચીવટે મને ઉપદેશામૃતથી પણ વધુ પ્રેરક અમૃત પાયું.

મોટે ઘેર પહોંચતાં સારી પેઠે મોડું થઈ ગયું હતું. મોટું ઘર ખરેખર હવે મોટું બન્યું. બાપુજીને એકલાને રહેવાના ઘરમાં દસગણા માણસો વસ્યાં. એક લાંબી ઓસરી, એક લાંબો ઓરડો, એક વચલો ઓરડો, રસોડું ને કોઠાર એટલું જ એ ઘરમાં હતું. આટલી ભીડ થતાં બા માટે કે બાપુજી માટે એકાંત તો શું પણ એકાંત ખૂણો પણ ન રહ્યાં. ભાઇઓ અને બેનોના જુદા વાડા પણ ન રહ્યા. રાત્રે બાપુજી કયારે સૂવા પામ્યા તેની જાણ મને ન થઈ, કારણ હું તો પહોંચતાંની સાથે જ સૂઇ ગયો.

સવારે નાહીધોઇ નવા ફીનિક્સના દર્શને હું નીકળ્યો. અમારા ઘરની પૂર્વમાં પુરુષોત્તમદાસભાઇનું ને પશ્ચિમમાં આણંદલાલકાકાનું એમ બંને ઘર મહિનાઓથી ખાલી હતાં. એમાં પણ માણસો જ માણસો દેખાવા લાગ્યાં. સૂવાનું જુદે જુદે ઘેર રાખેલું, પણ ફાર્મથી આવેલા બધાનું જમવાનું એક જ ઘેર રહ્યું. એટલે મોટા ઘરનું નામ મોટે ભાગે રસોડું બની ગયું.

મને કોઇ ઓળખે નહિ, હું કોઇને ઓળખું નહિ. હું બધાને જોયા કરું, મને કોઇ જુએ નહિ. આમ જોવાની મજા પડતી. ટોળીઓ નહાવા ઊપડી એટલે હું યે નાળે પહોંચ્યો. બધા જમવા ગયા ત્યારે ઘેરથી જમીને ભાગ્યો ભાગ્યો સૌનું જમવાનું જોવા ગયો.

મોટા ઘરના મોટા ઓરડામાં બાપુજીનું લાંબુંટૂંકું થનારું ટેબલ બધાં પાટિયાં ભરીને લાંબામાં લાંબું કર્યું હતું અને દાબીદાબીને ખુરશી-બાંકડા ગોઠવ્યા હતા. પચ્ચીસ ત્રીસ જણ મૂગે મોઢે ઊંધું ઘાલી જમવા અડ્યાં હતાં અને એકલા બાપુજી ઊભે પગે ટેબલની પ્રદક્ષિણા કરતા ખાવાનું પીરસતા હતા. બધાનું ખાવાનું અને ખાવાની રીત જોઇને વળી હું વધુ ચકિત થયો. દરેકની પાસે એનામલનું એક એક તાંસળું અને એક ચમચો હતો. બાપુજી દાળભાત શાક રોટલી બધું એક જ તાંસળામાં પીરસતા હતા. દરેકની વાની જુદી

ન પીરસતાં એક જ વાસણમાં શા સારૂ પીરસાતું હશે, થાળી વાટકા શા માટે નથી વપરાતા એ મને ન સમજાયું. જમવાવાળાઓ ઊંડા તગારામાં યે દરેક ચીજ છુટી છુટી રાખવા ને જુદા જુદા સ્વાદ લેવા મથતા હતા અને બાપુજી પણ દરેક જણ જે ખૂણે બતાવે એ જ ખૂણે પીરસતા હતા, તો પછી એક જ વાસણમાં પીરસવાની શી જરૂર ? પણ કોઇને એ સવાલ પૂછવાની મારી હિંમત ન હતી. વખત મળ્યે દેવદાસકાકા પાસેથી મેં એ દરેકનાં નામ અને સ્વભાવ જાણ્યાં. રેવાશંકર સોઢા, શિવપૂજન સહાય, હનીફ, કુપ્પુસ્વામી વગેરે આગળ પડતા ભાઇઓનાં નામ મેં જાણી લીધાં. રાવજીભાઇ ને મગનભાઇ એમાં મુખ્ય હતા. હું ભૂલતો ન હોઉં, તો મિ. કેલનબેક, પ્રાગજીભાઇ, કોતવાલભાઇ વગેરે ટૉલ્સ્ટૉય વાડીના મોટા માણસો હજુ આવી પહોંચ્યા ન હતા. જેકાબેનની ઓળખ મને પહેલેથી હતી જ.

ભોજન–પાનથી પરવારી આ બધાં ફાર્મના સામાનની ગોઠવણીમાં લાગી ગયાં. બાપુજી હથોડી, ખીલા અને કરવત લઇ પુસ્તકો માટેના ઘોડા બનાવવામાં એકાગ્ર હતા. મારા ખ્યાલ પ્રમાણે રાવજીભાઇ એમની મદદમાં હતા. કોઇ ઝાઝી વાતો નહોતું કરતું. બાપુજીએ એક ઊંચો—જમીનથી છાપરાને અડે એટલો ઊંચો —ઘોડો સૂરજ આથમતાં સુધીમાં પાટિયાં ઠોકીને ઊભો કરી દીધો. એની નિસરણી ને પાટિયાં પહેલેથી જ તૈયાર હતાં; કદાચ ટૉલ્સ્ટૉય વાડીથી જ આવેલા.

રાત પડયે એ મોટા ઓરડામાં એ જ ટેબલ પર મીટિંગ થઈ. ભજનો ગવાયાં અને પછી બાપુજીનું પ્રવચન થયું, જેના શબ્દો મને યાદ નથી રહ્યા, પણ એમની આકરી ચેતવણીનો સાર આ હતો.

'અહીં આપણે ફીનિક્સમાં આવ્યા છીએ. આ ટૉલ્સ્ટૉય ફાર્મ નથી. ટૉલ્સ્ટૉય ફાર્મમાં જે રીતે રહેતા, જે રીતે વરતતા, તે રીત અને વર્તનમાં અહીં સુધારો થવો જોઇએ. ફાર્મ પર લહેરીપણું, રમતિયાળપણું નભી જતું. અહીં નિયમિતપણું વધવું જોઇએ. જેઓ કાચા પોચા હતા એ પોતાપોતાને ઘેર સગાંવહાલાંઓ પાસે ચાલ્યા ગયા છે. જે અહીં આવ્યા છે એ સમજપૂર્વક આવ્યા છે. અહીં આવીને કેદીનું કડક જીવન આપણે ગાળવાનું છે. કેદી જીવન જેને ન ગમતું હોય તે હજુ પાછા જઇ શકે છે. વખત આવ્યે જેલ જવાની જેને હોંશ હોય તે જ અહીં રહે. ટાણું આવે ને ઢીલા પડી જાય એવા છોકરાઓ કે મોટાઓ કોઇ ફીનિક્સમાં ન રહે એમ હું ઇચ્છું છું. અને એમ તો તો જ બને, જો આપણે કેદમાં જ છીએ એમ માની સવારથી સાંજ સુધી વરતીએ. આપણા ખાવામાં, પીવામાં, પહેરવામાં કેદીથી પણ વધુ સખ્તી હોય તો જ કેદમાં ગયા પછી અકળામણ ન ઊપજે અને ત્યાં જવું કામનું થાય. ધારો કે કેદમાં જવાનું ન થાય અને હિંદુસ્તાન જવાનું થાય. તો પણ આપણે સાદાઈ અને કડક વ્રતો પાળવા જ જોઇએ. ત્યાં જઇને આપણે અહીંના કરતાં પણ વધુ કામ કરવાનું છે, એટલે અહીં ઘણા એવા નિયમો થશે જે ફાર્મ પર ન હતા. એ નિયમો જે તોડશે એ ફીનિક્સમાં રહેવાને લાયક નહિ રહે. એક નિયમ તો એ જ કે ત્યાંની જેમ અહીં પણ મનમાં આવે ત્યારે ગમે તે ફળઝાડ ઉપરથી ફળ તોડીને ખાવાં નહિ. ફળઝાડ પરથી જ નહિ પણ જંગલના ફળો પણ કોઇએ ખાવા નહિ. ભાણે બેસીને ત્રણ વાર ખાવાનું મળે છે એ સિવાય કોઇએ ફળની એક ચીરી પણ મોઢામાં ન મૂકવી જોઇએ. ભાણે બેસે ત્યારે પેટ ભરીને જમી લે. બગીચાનાં ફળો ભોજન વખતે જોઇએ તેટલાં દરેકને મળશે. પણ એ ઉપરાંત જે કોઇ જરા પણ લાલચમાં આવે અને નાનકડું ફળ પણ તોડે તો તેણે ચોરી કરી છે એમ સમજવું જોઇએ. બીજો નિયમ એ કે પોતાથી જે કોઇ મોટું હોય તેની પ્રત્યે પૂરેપૂરો વિનય જાળવવો. મોટેરા પ્રત્યે તોછડાઇ વાપરવી એ શોભા નથી. એમ ન થવું જોઇએ કે બાપુ કહે નહિ ત્યાં સુધી કોઇની વાતને કાન દેવો જ નહિ. આ બધું કરવાને તમે તાજા થઇ જાઓ એ સારૂ હું તમને સાત દિવસની છુટ્ટી આપવાનો છું. આવતા સોમવારથી આપણી શાળા શરૂ થશે. આવતા રવિવારની સાંજ સુધી તમે મનભરીને રમી લો, આળસ કરી લો, અને જે મજા કરવી હોય તે માણી લો. પછી એમ ન કહેશો કે બાપુ રમવા નથી દેતા ને કામ જ કરાવે છે. પહેલાં રમી લો. પછી આપણે કસીને કામ કરશું.'

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

હિમબાળા

શિશિર ઋતુનાં વાદળાંનાં ગાભલાંએ આકાશનો ચંદરવો ઢાંકી દીધો હતો અને કોઇ રૂપેરી રાજહંસ પીછાં ખેરવે એવી સફેદ હિમકણીઓ વરસી રહી હતી, ત્યારે એક ભલીરાણી અબનૂસની કોતરણીવાળી રાજમહેલની એક બારીમાં બેઠી બેઠી ભરત ભરી રહી હતી. ભરતાં ભરતાં તેનું ધ્યાન બગીચામાં તાજા જ ખીલવા માંડેલા એક ગુલાબની અધખુલી પાંખડીઓ પર ઠરેલી એક હિમકણી તરફ ગયું. આથી ભરતનો ટાંકો સહેજ આડો જતાં રાણીની આંગળીમાં સોયો ભોંકાયો ને બારી પર જામેલા બરફ પર લોહીનાં ત્રણ ટીપાં નીચે પડી માણેક જેમ ઓપી રહ્યાં.

મુગ્ધ મને એ નિહાળતી રાણીએ વાંછા કરીઃ "લોહીનાં આ બિન્દુઓ જેવા લાલ હોઠ અને આ હિમ સમા શીળા ને સફેદ વાનવાળું તથા સીસમ સરખા કાળાભમ્મર કેશવાળું એકાદ બાળક હોય તો કેવું સારૂં!"

વખત જતાં રાણીની મનિખા ફળી અને તેની ઇચ્છા મુજબની જ એક પુત્રી તેને અવતરી. રાજારાણીએ તેનૂં નામ પાડ્યું 'હિમબાળા'.

પણ રાણી હિમબાળાનું મુખ જોવાનું સુખ વધુ વખત ન ભોગવી શકી. થોડા વખત બાદ જ તે મરણ પામી ને રાજા તેની જગ્યાએ નવી રાણી લાવ્યો.

આ નવી રાણીને પોતાના રૂપનું ખૂબ ગુમાન રહેતું. પોતા કરતાં કોઇ સહેજ પણ વધારે રૂપાળું જણાય તો તેના પર તે અદેખાઇથી બળી મરતી. વળી તે મંતરતંતર પણ કરી જાણતી. પરંતુ આખો યે દિવસ રાજકાજમાં પરોવાએલા રહેલા રાજાને બિચારાને આ બધું જાણવાની કયાંથી ફુરસદ હોય?

દૈવયોગે થોડા વખત પછી રાજા પણ મરણ પામ્યો અને હવે બધી સત્તા રાણીના હાથમાં આવી. ઓરમાન હિમબાળા તરફ એને વ્હાલ તો કયાંથી જ હોય? એટલે સત્તા હાથમાં આવતાંની સાથે એણે તો તે બિચારી પાસેથી સખત વૈતરૂં કરાવવા માંડ્યું.

આ રાણી પાસે વળી એક જાદુઇ આરસી હતી. રૂપની ગુમાની રાણી રોજ જઇ એને પૂછે, 'દર્પણ! કહે, અહીં કોણ સૌથી વધારે રૂપાળું છે?' અને દર્પણ જવાબ આપે, 'રાણીબા, તમે!'

હિમબાળા તો જેમ જેમ મોટી થવા લાગી તેમ તેમ તેનું રૂપ ઓર ખીલવા લાગ્યું. એ સાત વરસની થઇ ત્યાં તો પૂનેમના ચન્દ્રને પણ શરમાવે એવું એનું રૂપ ખીલવા લાગ્યું. પણ રાણી તો જેમ જેમ રૂપનો એ અંબાર ખીલતો જોતી ગઇ તેમ તેમ તેની દાઝ વધતી જ ગઇ ને તેની પાસે વધુ ને વધુ વૈતરૂં તેણે કરાવવા માંડ્યું.

છતાં હિમબાળા તો મનમાં સહેજ પણ દુઃખ આણ્યા વિના મુગ્ધ ભાવે અને મધુરાં ગીત ગાતી ગાતી પોતાના ભારે કામને પણ હળવું બનાવી દઇ દિવસ ગુજારી રહી છે. એના કંઠમાં એટલી તો મિઠાશ હતી ને એનું લાવણ્ય એટલું તો આકર્ષક હતું કે પક્ષીઓ યે બે ઘડી તેનું સંગીત સાંભળવા તેની નજીક આવી બેસતાં.

એ મુજબ એક દિવસ ગાતી ગાતી હિમબાળા કૂવે પાણી ભરવા ઊપડી. એ વખતે દૂરદૂરના કોઇ દેશનો એક રાજકુમાર પણ ત્યાં આવી પહોંચ્યો. હિમબાળાની એણે ખૂબ પ્રશંસા સાંભળેલી ને એની શોધમાં જ તે પોતાનો મુલક છોડી નીકળેલો. આજ તેને નજરે જોઇને તો તે છક્ક થઇ ગયો. એણે મનોમન તેને પરણવાનો નિર્ણય કરી નાખ્યો.

હિમબાળા તો હજુ ગાતીગાતી કૂવામાંથી ઘડો કાઢતી હતી ત્યાં તો પાણીમાં પોતાને પડખે એ રાજકુમારનું પ્રતિબિંબ જોઇ તે ચમકી ઊઠી. પાછું ફરીને જોતાં તે રાજકુમારથી ગભરાઇ ગઇ ને સીધી મહેલ ભણી દોટ મૂકી. મહેલની અટારીએથી જોયું તો હજુ

રાજકુમાર ત્યાંનો ત્યાં જ ઊભેલો દેખાયો.

હિમબાળાનો સંકોચ હવે જતો રહ્યો. એક કબૂતરને પગે સંદેશો બાંધી તેણે રાજકુમાર પાસે મોકલાવ્યો.

પણ ભોગેજોગે એ જ વખતે નવી રાણી ત્યાં આવી પહોંચી. આ બધી ચેષ્ટા જોઇ તે ઇર્ષ્યાથી સળગી ઊઠી ને દોડતી ક ને સાત ઓરડા વટાવી તે પોતાના જાદુઇ ખંડમાં પહોંચી ને દર્પણને પ્રશ્ન કર્યો, 'હે દર્પણ! આ રાજમાં કોણ સૌથી રૂપાળુ છે?'

દર્પણે જવાબ આપ્યો, 'પરવાળા જેવા જેના હોઠ છે, રજનીરાણી જેવા જેના કેશ છે, હિમ જેવો જેનો વાન છે એ હિમબાળા આ રાજમાં સૌથી રૂપાળી છે!'

ક્રોધથી બળાંજળાં થતી રાણી એક દાબડો લઇ બહાર નીકળી ને તરત એક મારાને બોલાવ્યો. 'હિમબાળાને જંગલમાં લઇ જઇ, તેનું કાટલું કાઢી નાખ, અને તેનું કાળજું કાઢીને આ દાબડામાં ભરી લાવ' તેણે મારાને હુકમ આપ્યો.

મુસાફરીને મિષે મારો હિમબાળાને જંગલમાં લઇ ચાલ્યો. જેણે જેણે એ હુકમ સાંભળ્યો એ બધા કંપી ઊઠ્યા. થોડા દિવસ રહીને રાજકુમારને કાને પણ એ વાત પહોંચી. એ તો આકુળવ્યાકુળ બની ગયો ને તરત હિમબાળાની શોધે ઊપડી નીકળ્યો.

હિમબાળાની નજર આગળ તો પેલો રાજકુમાર જ રમી રહ્યો હતો, એટલે એ તો તેના આનંદમાં મસ્ત બની મારા સાથે જંગલમાં આગળ ને આગળ વધી રહી હતી. એનો આનંદ જોઇ, મારાને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો, કે 'અરે જીવ! આવું કૂમળું ફૂલ છુંદીને હું કયે ભવે છૂટીશ?'

પણ ત્યાં પાછો નવી રાણીનો હુકમ યાદ આવ્યો. કાળજું લીધા વિના જઇશ તો રાણી મારા રાઇ રાઇ જેવડા ટુકડા કરાવી નાખશે. મારા કુટુંબની શી વલે થશે? આમ વિચારી તે પોતાના દિલને કઠોર થવા મનાવી રહ્યો.

ચાલતાં ચાલતાં બંને જણ ગાઢ જંગલમાં આવી પહોંચ્યાં. એવામાં એક સરસ ખીલેલું ફૂલ જોઇ હિમબાળાએ તે ચૂંટવા હાથ લંબાવ્યો, ત્યાં તેનાં આંગળાં એ ફૂલવાળી ડાળખી પર જ બેઠેલા એક બાલપંખીને અથડાયાં ને તે ચીસ પાડી ઊઠ્યું. હિમબાળાએ તેને ખોળામાં લઇ પંપાળવા માંડ્યું.

આ લાગ સરસ હાથ આવેલો જોઇ, મારાએ છરો સેરવ્યો ને ઘા કરવા હાથ ઊંચો કર્યો, પણ સામેના ખડકની દીવાલ પર તેનો જબરો ઓળો પડ્યો ને હિમબાળા તે જોતાં એ જ ઘડીએ ચીસ પાડીને બેભાન બની ઢળી પડી.

તેનો વિકળ ચહેરો જોઇ મારાને પાછી દયા આવી ગઇ. તે બોલ્યો, 'હિમબાળા, તને મારતાં મારો જીવ નથી ચાલતો. તું અહીંથી નાસી જા—દૂર, દૂર, ફરી કદી પાછી રાણીને હાથ ન ચડે એટલે દૂર.' એટલું કહેતો તે દયાર્દ્ર ચિત્તે પાછો ફર્યો.

હવે રાણીને શો જવાબ આપવો એના વિચારમાં તે આગળ વધ્યે જતો હતો, ત્યાં એક વિચિત્ર અજાણ્યું જંગલી જાનવર તેની નજરે ચડ્યું. 'આ ઠીક છે,' તે બોલ્યો, 'એને મારીને એનું કાળજું જ રાણીને ભેટ ધરું. એ ઓછી જ કંઇ ઓળખવાની હતી?'

અને એણે કમાન સજ્જ કરી તીર ખેંચ્યું ને પેલું જાનવર જમીન પર ઢળી પડ્યું. તેનું કાળજું ખેંચી કાઢી, દાબડામાં ભરી લઇ તે મહેલ ભણી ચાલ્યો.



ક્યાં જવું તેના કશા ભાન વિના હિમબાળા દોડ્યે જ જતી.

ભર જંગલની વચ્ચોવચ્ચ હિમબાળા એકલી ઝપાટા-બંધ નાસ્યા જ કરતી હતી. શું કરવું ને કયાં જવું તે તેને સૂઝતું ન હતું, એટલે એ તો જ્યાં પગ લઇ જાય ત્યાં દોડતી જતી હતી ને વધુ ને વધુ ભયભીત થતી રડતી જતી હતી. રાણીની હદથી દૂર દૂર નીકળી જવું એ જ એક વાત તેના મનમાં રમતી હતી.

દોડતાં દોડતાં આખરે એ થાકીને એક ઠેકાણે પડી. વિકટ જંગલ ને ગાઢ અંધકાર તેને વધુ ને વધુ ભય ઊપજાવતાં ગયાં. પણ ત્યાં તો નાનાં મોટાં પશુ-પંખી પણ તેની આસપાસ વીંટળાઇ વળ્યાં. તેઓ પણ તેને દુઃખે દુઃખી થતાં જણાયાં. હિમબાળાને હવે હિંમત આવી કે પોતે એકલી નથી.

હિમબાળાની વિનતિથી તેઓ તેને થોડે દૂર આવેલા ઘર નજીક લઇ આવ્યા. બે મજલાનું એ ઘર એટલું તો નાનું હતું કે હિમબાળાને થયું, નાનાં નાનાં છોકરાં જ તેમાં વસતાં હશે. ઘર પણ સરસ હતું; પરંતુ અંદર બધે કચરાના થર જામેલા જણાયા.

હિમબાળા તો તરત કામે મંડી ને વાળીઝુડીને ઘરને સાફ કરવા માંડયું. તેનાં દોસ્તોએ પણ તેને બનતી મદદ કરવા માંડી.

પછી હિમબાળા દીવો લઇ ઉપરને મજલે ચડી, તો નાનાં નાનાં સાત બિછાનાં હારોહાર પાથરેલાં તેની નજરે ચડયાં. તે ખૂબ થાકી ગઇ હતી, એટલે થોડી વાર એ બિછાનાં પર આરામ લેવાનો વિચાર કર્યો. પણ બિછાનાં એટલાં તો ટૂંકાં હતાં કે એક બિછાના પર એ સમાઇ પણ ન શકે; એટલે ત્રણ બિછાનાં પર તે સહેજ આડી પડી.

એવામાં જંગલમાંથી ગીતનો અવાજ સંભળાવા લાગ્યો ને તે વધુ ને વધુ પાસે આવતો ગયો. હિમબાળાની કલ્પના મુજબ સાત છોકરાં નહિ પણ સાત ઠીંગણા વામનજીઓ એ ઘરના માલિક હતા ને તેઓ ગાતા ગાતા જંગલમાંથી પાછા ફરતા હતા.

નજીક આવતાં ઘરનું ઉઘાડું બારણું ને અંદરથી ધુમાડો નીકળતો જોઇ એક વામનજી બોલ્યો, 'જુઓ જુઓ, આપણા ઘરમાં કોઇ પેઠું લાગે છે. ઉપર દીવો પણ સળગે છે!'

'કોઇ ભૂતપ્રેત ન હોય!' બીજો બોલ્યો.

તરેહતરેહની શંકા કરતા બધા ઘરમાં પ્રવેશ્યા. સાતે જણાએ પોતાનાં સાત નાનકડાં ફાનસ સળગાવ્યાં. બધે સ્વચ્છતા જોઇ એમને આશ્ચર્ય અને કંઇક ભય પણ પેદા થયો. 'આ તો બધું ફરી ગયું છે!' તેઓ બોલી ઊઠયા.

પૂછયાગાછયા વગર ઘરમાં આમ ઘૂસી જનારને શોધી કાઢવા એક વામનજીને આગળ કરી બધા મેડે ચડયા. હિમબાળા તેમનાં પગલાંથી ઝબકીને જાગી ઊઠી. તેણે પોતાની બધી વાત માંડીને તેમને કહી. પેલી રાણીનું નામ સાંભળીને તો સાતે વામનજીઓ ફફડી ઊઠયા, પણ પછી સ્વચ્છતા ને વ્યવસ્થા જોઇ તેમનું મન પલળ્યું અને હિમબાળાને પોતાની સાથે રહેવા દેવા તેઓ તૈયાર થયા.

પેલી તરફ મારાએ જઇને રાણીને કાળજું સોંપતા તેને ટાઢક વળી. એ તો તરત પહોંચી પાછી દર્પણ પાસે ને પોતાના રૂપની વધાઇ સાંભળવા તેને પાછો પેલો પ્રશ્ન પૂછયો.

પણ દર્પણે તો જવાબ આપ્યો, 'સાત સાગર ને સાત પહાડોની પેલી પાર સાત વામનજીઓ સાથે રહેતી હિમબાળા સૌથી ખૂબસુરત છે.'

રાણી એ સાંભળી ક્રોધથી ધુંવાપુંવા થવા લાગી. ખૂબ વિચાર કરી એણે એક રસ્તો શોધી કાઢયો. મંતરતંતરને બળે તેણે પોતાનો દેખાવ બિલકુલ બદલાવી નાખ્યો ને ઘરડી ડોશી જેવી બની ગઇ. પછી એક ફળ લઇ, આખી રાત તેના પર મંત્રો ભણવા લાગી.

મંત્રોના જાપથી એ ફળનો ગર્ભ ઝેરી બની ગયો. એ ઝેરનો એક જ ઉતાર હતો કે તે ખાનારને ખરા દિલથી ચાહનારો કોઇ તેને ચુંબન કરે તો જ તે ઊતરે.

બીજે દિવસે બહાર જતાં પેલા વામનજીઓ તો હિમબાળાને ખાસ તાકીદ આપતા ગયા હતા કે કોઇપણ અજાણ્યાને ઘરમાં દાખલ થવા ન દેવો કે તેની કોઇ ચીજને હાથ ન અડાડવો; તેમ જ તેણે ઘરની બહાર પણ ન નીકળવું. તેમના જવાને થોડી વાર થઇ ત્યાં તો પેલી રાણી જ ફળ વેચનારી ડોશીના રૂપમાં ત્યાં આવી પહોંચી ને પોતાને ઘડી આશરો આપવાની માગણી કરી.

હિમબાળાથી તેને ના ન પાડી શકાઇ. એના બુઢાપા પર તેને દયા આવી ગઇ. ડોશી પણ જાણે

પોતે ઉપકારનો બદલો વાળતી હોય તેમ પેલું ઝેરીલું ફળ હિમબાળાને ખાવા આપવા માંડી.

'ના, ના, હું એ નહિ ખાઉં' વામનજીઓની ચેતવણી મુજબ હિમબાળાએ તેને ના પાડી દીધી.

'તું વહેમાય છે એમ ને?' ડોશી બોલી, 'લે, હું એનાં બે અરધિયાં કરી નાખું છું. જો, છે કંઇ?' કહેતાં તેણે ફળના બે ટુકડા કરી નાખ્યા. પણ હિમબાળાનું મન હજી ન માન્યું.

'હજી યે તારો વહેમ નથી ગયો? તું તો સાવ ભોળી છે. લે, હું પહેલાં એ ચાખી આપું; પછી ખાજે.' એમ કરી તેણે એની છાલ ઉતારી ને થોડી ખાધી.

હિમબાળાને હવે કંઇક વિશ્વાસ બેઠો. રસ નીતરતું સુંદર ફળ જોઇ એનું મન પણ લલચાયું. એણે તરત ફળ ખાવા માટે હાથમાં લીધું.

એ જોતાં જ બધાં પશુપંખીઓએ એ ફળ ન ખાવાની સૂચના કરવા કોલાહલ મચાવી મૂક્યો. પણ હિમબાળા તો એ મીઠું ફળ ખાતી જ ગઇ. આથી તેઓ બધાં દોડયાં પેલા સાત વામનજીઓને વેળાસર ખબર આપવા. આ બાજુ પેલી ડોશી પણ ખડખડાટ હસતી પોતાને રસ્તે પડી.

હિમબાળાનાં દોસ્તોનો કોલાહલ સાંભળી એક વામનજી બોલ્યો, 'હિમબાળા કાંઇક ભયમાં લાગે છે.'

'ચાલો ત્યારે તો ઊપડો,' કહેતા સાતે જણ એ જ વખતે દોડતા નીકળ્યા. પણ સહેજ મોડા પડ્યા. હિમબાળા ફળ ખાઇ ચૂકી હતી ને ઝેર ચડવાને લીધે અચેત થઇ ઢળી પડી હતી.

આ કામ પેલી અદેખી રાણીનું જ હોવું જોઇએ એ કળતાં એમને વાર ન લાગી. શ્વાસ લેવા પણ થોભ્યા વિના એ સાતે જણ પેલી ડોશીની પાછળ પડ્યા. ને આખરે એક કરાડ પાસે રાણીને પકડી પાડી, તેને ઘેરીને ઊભા રહ્યા.

રાણીએ જોયું કે બચવાનો કશો રસ્તો નથી રહ્યો એટલે એ તો કરાડ પર ચડવા માંડી. પણ કરાડની ટોચ એવી તો લીસી હતી કે તે લપસી પડી ને અથડાતીકૂટાતી છેક ઊંડી ખાઇમાં ગારદ થઈ ગઇ.

સાતે વામનજીઓ નિરાશ મને ઘેર પાછા ફર્યા. હિમબાળાના અચેત શરીરને જોઇ તેઓ રુદન કરવા લાગ્યા. પણ એમણે જોયું કે મરી ગયા છતાં એનું શરીર હજુ જેવું ને તેવું તાજું જ હતું, એટલે તેમને કાંઇક આશા પડી અને જાદુની અસર ઊતરવાની વાટ જોવાનો નિર્ણય કરી એક કાચની પેટીમાં તે મૂકી રાખ્યું ને દરેક જણે વારાફરતી તેની ચોકી કરતા રહેવાનું ઠરાવ્યું.

હિમબાળા જતાં સાતે વામનજીઓના જીવનમાંથી ચેન ઊડી ગયું હતું. વનનાં પશુપંખીઓ ને વૃક્ષો સુદ્ધાંને તેનો વિયોગ સાલતો હતો.

પણ ત્યાં તો દૈવયોગે હિમબાળાનું હૃદય જીતનાર પેલો રાજકુમાર જ તેની શોધમાં આથડતો એ જ સ્થળે આવી પહોંચ્યો. હિમબાળાને જોતાં જ તે હર્ષથી ઘેલો બની ગયો ને પેટીનું ઢાંકણું ઉઘાડી તેના અચેત શરીરને એક ચુંબન કર્યું.

એ સાથે જ હિમબાળાએ હળવે રહીને આંખો ઉઘાડી. રાજકુમારે તેને બહાર કાઢી ને એ તેને ભેટી પડી. વામનજીઓ પણ દિવ્ય પ્રેમનો આ ચમત્કાર સાનંદાશ્ચર્યથી જોઇ રહ્યા.

રાજકુમારે હિમબાળાને પોતાની સાથે લઈ જવાની મરજી દેખાડી. વામનજીઓએ બંનેને વહાલભરી વિદાય આપી અને હિમબાળાનાં દોસ્તોએ પણ એ વિદાયમાં પોતાનો સૂર પુરાવ્યો ને આ સુખી જોડું પોતાના રાજ્ય ભણી ચાલી નીકળ્યું.

'ફેનિન'

('સ્નોવ્હાઇટ' નામની ગ્રિમની પરીકથા પરથી)

ફોટોગ્રાફી

ફોટોગ્રાફિક મંડળો

છેલ્લી અરધી સદીથી ઇંગ્લંડમાંથી 'ધી ઍમેટર ફોટોગ્રાફર ઍન્ડ સીનેમૅટોગ્રાફર' નામક ફક્ત ફોટોગ્રાફીને લગતું અઠવાડિક પત્ર નીકળે છે. બાર મહિનામાં ફોટોગ્રાફીની દુનિયામાં પ્રસિદ્ધિ પામેલા અને બીજા વિશિષ્ટ તત્ત્વોવાળા ફોટોગ્રાફોનો દળદાર સગ્રહ પ્રતિવર્ષે, 'ફોટોગ્રામ્સ ઑફ ધી ઈયર'ના શીર્ષક નીચે તે પત્રના સંચાલકો બહાર પાડે છે. તે વાર્ષિકમાં દુનિયાભરના દેશોની ફોટોગ્રાફીમાં થએલા ફેરફારોનું પણ સૂચન આપતી નોંધો છપાય છે. ઇંગ્લંડનાં ફોટોગ્રાફિક મંડળોની પણ તેમાં હકીકત આપેલી હોય છે.

આવતા વર્ષે હિંદમાં ચાલતા ફોટોગ્રાફિક મંડળોનો પણ તેમાં સમાવેશ કરવામાં આવનાર છે. માટે ખાનગી અગર જાહેર એવા તમામ મંડળોના સંચાલકોએ પોતપોતાના મંડળોની પૂરતી માહિતી નીચેના સરનામે મોકલવા વિનતિ છે.

શ્રી જે. એન. ઊનવાલા એફ. આર. પી એસ.
૧૧૦૦ ખલકદીના ટેરેસ, ગોવાલીઆ ટેન્ક રોડ, મુંબાઇ.

હરીફાઇના નિયમો

'કુમાર'ની આ ફોટોગ્રાફી હરીફાઇના નિયમો વિષે અનેક પૂછપરછો આવ્યા કરે છે તેમજ ઘણાખરા ભાગ લેનારાઓ, અજ્ઞાનથી કે ગમે તેમ, પણ કેટલીક વખત તેના નિયમોનું પાલન કરતા નથી તેથી તથા જૂના નિયમોમાં એકાદ બે સ્થળે સ્પષ્ટતાસૂચક ફેરફારો આવશ્યક લાગવાથી બધા નિયમો ફરી એકવાર આ નીચે પ્રકટ કરીએ છીએ. એની છુટી પત્રિકા પણ છપાવી છે, એટલે જેમને ઇચ્છા હોય તેમણે મંગાવી લેવી.

સંવત ૧૯૮૭ના માહ માસથી શરૂ થએલી ને દર મહિને નિયમિત ચાલુ રહેતી આ હરીફાઈ માટે મહિનામાં ગમે તે સમયે ફોટોગ્રાફો મોકલી શકાય છે. સામાન્ય રીતે દરેક માસની ૧૫મી તારીખ સુધીમાં આવી ગએલા ફોટોગ્રાફો, તે પછીના માસના અંકની હરીફાઇમાં સ્થાન પામે છે. છતાં જે મોડા પડવાને લીધે તે માસમાં ન આવી શકે તે એ પછીના માસની હરીફાઈમાં સ્થાન મેળવી શકે છે, એટલે સૌને તક તો મળે જ છે. ઇનામો દર મહિને કુલ રૂા. ૫ થી ૭ સુધીનાં વહેંચાય છે.

હરીફાઇ માટે નીચેના નિયમો છે:

(૧) આ હરીફાઈ ઍમૅટર્સ, (શિખાઉ ને શૉખથી ફોટોગ્રાફી કરનારા) માટે જ છે. ધંધાર્થી (પ્રોફેશનલ) ફોટોગ્રાફરો તેમાં ભાગ લઈ નહિ શકે.

(૨) હરીફાઇના ફોટોગ્રાફો ૮॥×૬॥ ઇંચ કરતાં મોટા માપના હોવા ન જોઇએ.

(૩) ફોટોગ્રાફો માઉન્ટ કે પૂઠા પર ચોડેલા હોવા ન જોઇએ.

(૪) દરેક ફોટોગ્રાફની પાછળ જ આટલી માહિતી લખેલી હોવી જોઇએ: (અ) વિષયનું નામ, (બ) પાડનારનું નામ તથા પૂરું સરનામું, (ક) તારીખ ને સ્થળ, (ડ) ફોટોગ્રાફ વિષે કાંઈ હકીકત હોય તે અતિશય ટૂંકાણમાં. આ બધી વિગતો ગુજરાતી ભાષામાં જ હોવી જોઇએ.

(૫) ફોટોગ્રાફો સાથે બીજી લાંબી હકીકતોના કે કાર્યાલયના બીજા કોઈ ખાતાને લગતી વ્યવસ્થાના કોઈ પણ પ્રકારના પત્રો મોકલવા નહિ ફોટોગ્રાફને લગતી માહિતી પણ તેની પાછળ જ લખેલી હોય. મતલબ કે ફોટોગ્રાફ સાથે પત્રો તો બિલકુલ બીડેલા હોવા જ ન જોઈએ.

(૬) જે કવરમાં ફોટોગ્રાફ મોકલાય તેના ઉપલા ડાબા ખૂણા પર 'ફોટોગ્રાફી' એટલું લખેલું હોવું જોઇએ.

(૭) હરીફાઇ માટે મોકલેલા ફોટોગ્રાફ અગાઉ ગુજરાતી ભાષાના બીજા કોઇ સામયિકમાં પ્રગટ થએલા હોવા ન જોઇએ.

(૮) ફોટોગ્રાફ ઉપર રંગ કરેલો હોવો ન જોઇએ.

(૯) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે; અને હરીફાઇમાં ઇનામ પામેલા ફોટોગ્રાફો સંગ્રહમાં રાખવાના તેમજ ફરી પ્રગટ કરવાના હક 'કુમાર કાર્યાલય'ને રહેશે. આથી બીજે પ્રકટ કરવાનો માલિકનો પોતાનો હક કાયમ રહે છે.

(૧૦) ઈનામ ન મળેલા ફોટોગ્રાફો પાછા મેળવવા ઇચ્છનારે ફોટોગ્રાફની સાથે જ ટિકિટ ચોડેલું પોતાના સરનામાનું કવર બીડવું; છૂટી ટિકિટ નહિ. ઇનામ મળેલા ફોટોગ્રાફો પાછા મોકલવામાં આવતા નથી. હરીફાઇનું પરિણામ જાહેર થયા પછી એક માસ બાદ કોઇપણ ફરિયાદ પર ધ્યાન આપી શકાશે નહિ.

સૂચના: સેપીઆ ટોનના કે રફ સર્ફેઇસના પ્રિન્ટ કરતાં બ્લૅક ઍન્ડ વ્હાઇટ અને ગ્લેઇઝ્ડ પ્રિન્ટ ઉપરથી છાપવા માટેના બ્લૉક વધારે સારા બનતા હોવાથી, બને ત્યાં સુધી ટોન વગરના અને ગ્લેઇઝ્ડ સર્ફેઇસના પ્રિન્ટ હરીફાઇમાં મોકલવા.

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ–'મશગૂલ': ભાઈ હાસમ સુતાર (નડિયાદ); બીજું ઈનામ–'રોજની ધૂનમાં' ભાઈ એસ. એન. છીપા (અમદાવાદ); ત્રીજું ઈનામ–'કૃષિકાર' ભાઇ એન. સી. ગજ્જર (કલોલ); નોંધપાત્ર (ગુણ પ્રમાણે): (૧) 'ચોમાસાની સવાર': ભાઇ મફતલાલ દુધીઆ (અમદાવાદ); (૨) 'જીવનની પેલે પાર': ભાઈ એચ. બી. વૈદ્ય (નડિયાદ); (૩) 'કુતુબ મિનાર': ભાઇ લક્ષ્મીદાસ આશર (કરાચી); (૪) 'કુદરતની કેડી': ભાઈ મણિલાલ મિસ્ત્રી (કરાચી); (૫) 'ઝરણું': ભાઇ સી. કુમાર (મુંબાઇ).

હરીફાઇમાં મોકલાતા પ્રિન્ટ્સમાં ફોકસિંગના દોષ સામાન્ય રીતે ઘણા ટકા નજરે પડે છે. સારો વિષય જોતાં, તે ઝડપી લેવાની ઉતાવળમાં, ફોટોગ્રાફીની ટેકનીકના મુખ્ય અંગ તરફ જાણ્યેઅજાણ્યે ઓછું ધ્યાન અપાય છે. નેગેટિવની બનાવટમાં આ ભૂલ એટલે ચિત્રનો વિનાશ સમજવો. આ માસમાં મોટા ભાગના ફોટોગ્રાફોમાં એ ખામી જણાય છે.

'મશગૂલ' ચિત્રમાં આથમતા જીવનમાં યે કામની ચોટ અને એકાગ્રતા સાચવતા આ બુઢ્ઢા સુતારના હાથની ચેષ્ટા બહુ જ સ્વાભાવિક છતાં ક્રિયાપૂર્ણ તકે ફોટોગ્રાફીમાં ઊતરી છે. બેઠક બાજુ પડેલ ઓજાર બધું યથાઘટિત લાગે છે. વિષયને અનુરૂપ બૅકગ્રાઉન્ડ ચિત્રના સંદેશમાં સાથ પૂરે છે. ભાઇ છીપાનું ટોપલી ગૂંથતા કારીગરનું ચિત્ર, ઉપરના સુતારના ચિત્ર સાથે સરખાવો. ભાઇ છીપાનું પાત્ર વધુ romantic અને કલામય હોવા છતાં, પાડનારની અનાવડતના કારણે, પહેલા ચિત્રની સરખામણીમાં નબળું પડે છે. 'રોજની ધૂનમાં'નું ફોકસિંગ ખામીવાળું છે. બૅકગ્રાઉન્ડમાં તારની વાડ અને ઝાડના થડ આંખમાં ખૂંચે છે. જમણી બાજુનો ટોપલો કૅમેરાની નજીક હોવાથી જોઇએ તે કરતાં વધુ મહત્ત્વ મેળવે છે. છબી પાડનારનો પડછાયો કૃત્રિમતાનો ખ્યાલ આપે છે. નિષ્ણાત આ વિષય અને વસ્તુભંડારમાંથી ઉત્તમ ચિત્ર ઊપજાવે. ચિત્રને

જમણી ધારથી લગભગ પોણા બે ઇંચ કાપવાની જરૂર છે.

'કૃષિકાર'માં પણ ચિત્રનો મુખ્ય વિષય આઉટ ઑફ ફોકસ છે. બળદો અને ખેડૂત, બૅકગ્રાઉન્ડના ઝાડના જૂથમાં ભળી જાય છે. સ્થળ-અન્તરના ભેદ સચવાતા નથી. પણ પાડનારની આંખે, બિલાશક સાચું ચિત્ર પકડવા પ્રયાસ કર્યો છે.

ભાઇ દૂધીઆએ ચોમાસાની સવારે લીધેલ 'ચોમાસાની સવાર' ફોટો–ચિત્ર વર્ષાની યાદ આપતો નથી. ચિત્રવિષય અને તેનું મુખ્ય લક્ષ્ય રાષ્ટ્રધ્વજ છે તે કારણે, ભાઇ દૂધીઆએ આ જ ફોટો–ચિત્રનું નામ ફરકતો 'ધ્વજ' કે એવું જ કાંઇ ઉચિત નામ શોધવું જોઇતું હતું. 'જીવનની પેલે પાર' ઝડપનારને અભિનન્દન ઘટે છે. ઝાડની ઘટામાં આવેલ કબર જેવી બીલકુલ સામાન્ય અને જડ વસ્તુને ચિત્રનું કેન્દ્ર બનાવી ચિત્ર ઉપજાવવાનો આ સફળ પ્રયાસ ગણાય. ચિત્રને જમણી ધારથી અરધો ઇંચ ને નીચેની ધારથી પા ઇંચ કાપો, એટલે બાકીના ભાગનો કુલ સાઇઝનો એન્લાર્જમેન્ટ કરવાથી સરસ ચિત્ર થશે. 'કુતુબમિનાર'માં નીચે વધુ જગ્યા જોઇએ. પ્રિન્ટ નબળો છે. વાપરેલા ગ્રેઈડના કાગળ કરતાં એક ગ્રેઈડ ઊતરતા એટલે સૉફ્ટ ગ્રેઈડના કાગળ પર પ્રિન્ટ કરવાથી આકાશના ટોન અને મિનારાના ગ્રેઈન સુધરશે. 'કુદરતની કેડી'ને વિશાળ વિસ્તારમાં ફેલાએલી કુદરતની પ્રતિકૃતિ કહેવાય. ચિત્રમાં ખાસ આકર્ષક તત્ત્વો નથી. 'ઝરણું' ચિત્રમાં મધ્યાહ્નના સૂર્યના તાપમાં પાણીનું ઝરણું ચમકારા મારતું વહી રહ્યું નજરે પડે છે. કુદરતના વિષયોમાં જ્યારે લાક્ષણિક ભાવનો અભાવ હોય ત્યારે તે ચિત્ર સાધારણ કોટિનું બને છે. અને 'ઝરણું' સામાન્ય વિષયનો સામાન્ય ફોટોગ્રાફ છે.

બલવન્ત ભટ્ટ



કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો (ક્રમાંક ૧૩) **આજનો વિચાર**

(ચિત્રકાર · શંકરરાવ કિર્લોસ્કર . . . લેખક · પ્રો. ના. સિ. ફડકે)

એક અંગ્રેજ લેખકે અમેરિકન લોકોની મનોવૃત્તિ વિષે લખ્યું છે કે 'એ લોકો બસ "આજ"ના વિચારમાં જ મસ્ત હોય છે.' અને ખરૂં જોતાં એ જ એમના ઉત્કર્ષનું મૂળ છે.
સુખી થવાનો રસ્તો એ જ છે કે ગઇગુજરીનો વિચાર ન કરતાં વર્તમાન ઉપર જ લક્ષ આપવું.
ભૂતકાળ પર વિચારોનો પ્રકાશ પાડવા મથવું એ તો પ્રકાશનો અપવ્યય કરવા જેવું છે.
આપણો માર્ગ ભલે કાંટાકીચડથી ભરેલો હોય. આપણું કામ આપણા સુખભર્યા ગયા દિવસો સંભારવાનું નહિ, પણ એ કાંટાળો માર્ગ ખંતથી સાફ કરવાનું છે; ને એમાં જ આપણું હિત છે, ઉત્કર્ષ છે.

આ મહિનો (એપ્રિલ) . . . અને એની પ્રતિભા

તા. ૪ છત્રપતિ શિવાજી મહારાજનું રાયગઢ મુકામે અવસાન (ઇ. ૧૬૮૦) * * યુનાઇટેડ સ્ટેટ્સનો હાલનો વાવટો હસ્તીમાં આવ્યો (ઇ. ૧૮૧૮)

તા. ૫ મલ્હારરાવ હોલકરનો જન્મ ઇ. ૧૬૯૩ * * કર્નલ આર્થર વેલેસ્લી (પાછળથી ડ્યૂક ઑવ વેલિંગ્ટન)એ શ્રીરંગપટ્ટમને ઘેરો ઘાલ્યો (ઈ. ૧૭૯૯)

તા. ૬ ગ્રીસમાં ઑલિમ્પિક રમતો પુનર્જીવિત થઇ (ઇ.૧૮૯૬) ** જનરલ ડાયરે જલિયાંવાલા બાગમાં હજારો નિર્દોષોને કત્લ કર્યા (ઇ. ૧૯૧૯)

તા. ૮ પેશ્વા સવાઇ માધવરાવનો જન્મ (ઇ ૧૭૭૪) * * હંગેરીઅન દેશભક્ત સ્ટીવન ઝીકેનીએ દેશની દુર્દશા જોઇ આપઘાત કર્યો. (ઈ.૧૮૨૪)

તા. ૧૦ મુક્તિફોજના સંસ્થાપક જનરલ બૂથનો જન્મ (ઇ.૧૮૨૯) * * મહારાષ્ટ્રના સમર્થ ચિંતક અને સાહિત્યકાર શ્રી વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણ્કરનો 'આપણા દેશની સ્થિતિ' નામનો નિબંધ સરકારે જપ્ત કર્યો।(ઇ. ૧૯૧૦)

તા. ૧૨ ઇંગ્લંડનો યૂનિયન જૅક હસ્તીમાં આવ્યો (ઈ. ૧૬૦૬)

તા. ૧૪ અમેરિકાના મહાન પ્રમુખ અબ્રાહમ લિંકનનું વિલ્કૅાક્સ બૂથે ખૂન કર્યું (ઇ. ૧૮૬૫)

તા. ૧૫ સ્ટીમર ટિટૅનિકે જળસમાધિ લીધી, જેમાં ઇંગ્લંડનો મહાન પત્રકાર વિલિયમ સ્ટેડ પણ હતો (ઇ. ૧૯૧૨)

તા. ૧૭ બાજીરાવ પહેલો પેશ્વા થયો (ઇ.૧૭૨૦) * * અમેરિકાના મહાપુરુષ અને વીજળીના શોધક બેન્જામિન ફ્રૅંકલીનનું અવસાન (ઇ. ૧૭૯૦)

તા. ૧૮ નાનાસાહેબના જમણા હાથ સમા તાત્યા ટોપેને સર રિચાર્ડ મીડે પકડી ઇ.૧૮૫૯માં સિપ્રી મુકામે ફાંસી આપી— * * 'મહિલા વિદ્યાલય'ના સ્થાપક પ્રો. ધોંડો કેશવ કર્વેનો જન્મ (ઇ. ૧૮૫૭)

તા. ૨૧ સાંસવડ મુકામે બાલાજી વિશ્વનાથનું અવસાન (ઈ. ૧૭૨૦)

તા. ૨૩ ઇંગ્લંડના કવિસમ્રાટ શેક્સપીઅરનો જન્મ (ઇ. ૧૫૬૪)

તા. ૨૯ પશ્ચિમની પ્રજા પાસેથી 'હિંદના એડીસન'નું માનભર્યું બિરૂદ મેળવનાર મહાન હિંદી વિજ્ઞાની ડૉ. શંકરરાવ આબાજી ભિસેનો જન્મ (ઇ. ૧૮૬૭)



આ માસની વિભૂતિ
જાવજી દાદાજી ચૌધરી

ઇ.૧૮૩૯માં મુંબાઈની એક પેઢીનું ભાડું ઉઘરાવનાર નોકરને ત્યાં જન્મ. અત્યંત ગરીબીને કારણે બાળપણમાં તેમને શિક્ષણનો લાભ બિલકુલ ન મળ્યો.

ઈ. ૧૮૪૬ પિતાનું મૃત્યુ થતાં અમેરિકન મિશન છાપખાનામાં માસિક બે રૂપિયાના પગારે રહ્યા. તેના સંચાલક ટૉમસ ગ્રૅહામની મહેરબાનીથી તેમણે અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યારબાદ દોઢ વર્ષ ટાઇમ્સ છાપખાનામાં રહ્યા. ત્યાં સ્વતંત્રપણે અક્ષરોનાં બીબાં પાડવામાં તેમણે સારી પ્રવીણતા મેળવી એટલે માસિક ૧૩ રૂપિયાના પગારે ઇન્દુપ્રકાશ ફાઉન્ડ્રીએ તેમને રોકી લીધા.

ઈ. ૧૮૬૪માં એમણે સ્વતંત્રપણે થોડા થોડા ટાઇપ પાડવા માંડ્યા. ઉત્તમ વલણદાર બીબાંથી એમને ઠીક પ્રસિદ્ધિ મળતાં એમણે મરાઠી ઉપરાંત ગુજરાતી, સિંધી, હિબ્રુ, જૈની, હિંદુસ્તાની, કાનડી વગેરે સઘળી પ્રાંતીય ભાષાઓના ટાઈપ પાડવા માંડ્યા. શ્રીનગરથી તે રામેશ્વર સુધીનાં સઘળાં દેશી છાપખાનાંમાં એમના જ ટાઇપો વપરાવા લાગ્યા. ઈ. ૧૮૬૯માં પ્રખ્યાત 'નિર્ણયસાગર' છાપખાનું કાઢ્યું ને પુસ્તકપ્રકાશનનું કામ હાથ ધર્યું. એ વખતે તો નિર્ણયસાગરની છપાઇ એટલે આડો આંક લેખાતો. સરકારી વિદ્યાખાતાનાં પુસ્તકો સુદ્ધાં એમના છાપખાનામાં છપાતાં. અથર્વણ વેદ છાપવાના કામ માટે દેશનાં સઘળાં છાપખાનાંઓએ ના પાડેલી તે જાવજીએ એ કામ હાથ લીધેલું ને ચારસો માણસો કામે લગાડી એ માટે ખાસ નવા ટાઇપો બનાવડાવેલા.


પોતાના ઉત્કર્ષના મૂળમાં રહેલી વિદ્યાપ્રાપ્તિ જાવજી કદી નહોતા ભૂલ્યા ને દેશમાં જ્ઞાનવૃદ્ધિ સુલભ બને એ સારૂ 'બાલબોધ', 'કાવ્યમાલા' ને 'કાવ્યસંગ્રહ' નામનાં ત્રણ માસિકો એમણે શરૂ કરેલાં. જીવનચરિત્રોનો એમને ખૂબ શોખ હતો ને બાલબોધમાં એમણે ૧૩૩ મહાન પુરુષોનાં જીવનચરિત્ર લખેલાં.

જાવજી વેપારી બન્યા, પૈસા કમાવા લાગ્યા પણ પૈસાના એ ગુલામ નહોતા બન્યા 'બાલબોધ' માસિકની ઉત્તમ સામગ્રી માટે ગાયકવાડ સરકારે તેમને ૧૦૦૦ રૂપિયા બક્ષિશ આપેલા, પણ એમાંની એક પૈ પોતે ન રાખતાં 'બાલબોધ'ના સ્ટાફને એ વહેંચી આપેલા.

વિદ્યાવ્યાસંગમાં જ એમનું જીવન વીત્યું. કેટલાં યે દુર્મિલ પુસ્તકો એમણે શોધીને પુનઃ મુદ્રિત કરેલાં. અને હિંદી મુદ્રણકલાના ઇતિહાસમાં તો એમનું સ્થાન અવિસ્મરણીય છે જ. એક ગરીબ અને અભણ છોકરાએ સાધેલો આ વિકાસ જરૂર સંમાન પેદા કરે છે. છેલ્લે, સરકારે પણ એમને 'જસ્ટીસ ઑવ ધ પીસ' બનાવવાનો નિર્ણય કરેલો, પણ એ અમલમાં આવે એ પહેલાં તો ૧૮૯૨ના એપ્રિલની પાંચમીએ તેઓ અવસાન પામ્યા.

શનિ .... (અનુસંધાન પાછળ પાન ૧૬૮થી)
પહેલવહેલી ૧૦ કલાક, ૧૬ મિનિટની તે નક્કી કરેલી. ઇ. ૧૮૭૬માં વૉશિંગ્ટનના આસફ હૉલે તેના વિષુવવૃત્ત પાસે એક સફેદ ચળકતો ડાઘ જોયો ને તેની ગતિ પરથી શનિની રોજિંદી ગતિ ૧૦ ક. ૧૦ મિ. ૨૪ સે. નક્કી કરેલી. ત્યાર બાદ ૧૮૯૩ ને ૯૪માં એ. એચ. વિલિયમ્સે તેના ઉત્તર ગોળાર્ધમાં થોડાક કાળા ડાઘા જોઇ, તે પરથી તે ૧૦ ક. ૧૪ મિ. ૪૫ સે. ઠરાવી. છેવટે ડેનિંગે તે ૧૦ કલાક ને ૩૮ મિનિટની ઠરાવી ને આજે તે પ્રમાણભૂત ગણાય છે.

કેટલીક બાબતોમાં શનિ આપણી પૃથ્વી જોડે અજબ સામ્ય ધરાવે છે. તેનું કદ પૃથ્વીથી ૯૫ ગણું છે. તેનું વજન તેથી ૯·૫ ગણું અને પૃથ્વી કરતાં સૂર્યથી તેની છેટાઇ પણ એટલા જ ગણી છે. તેનું ઘનત્વ આપણી પૃથ્વી કરતાં ૦·૧૩ ગણું ને પાણી કરતાં માત્ર ·૦·૭ ગણું છે, કેટલીક વાર સૂર્યના પૃષ્ઠ પરના ડાઘ જેવા જ ડાઘ તેના પૃષ્ઠ પર પણ દેખાય છે.



આપણી પૃથ્વીને જો શનિ જેવી મેખલાઓ હોય તો આવો તેજસ્વી પટો આકાશમાં દેખાય

ગુરુની માફક તેનું વાતાવરણ ધુમ્મસથી ઘેરાએલું નથી રહેતું, એટલે તેના પૃષ્ઠ ભાગનું નિરીક્ષણ સારી રીતે થઇ શક્યું છે. હજુ એ સળગતો જ ગ્રહ છે. ને તેનું કલેવર તપ્ત વાયુરૂપમાં જ છે, એટલે કશી વસતિની સંભાવના તેના પર આરોપી જ ન શકાય. વળી ગુરુની જેમ એ પણ કદે રાક્ષસી હોતાં તેનું કલેવર જલદીથી ઠરે એમ પણ નથી.

ચન્દ્રોની બાબતમાં ગુરુ જેટલો જ શનિ પણ નસીબદાર છે. એની ત્રણ મેખલાઓ ઉપરાંત તેને બીજા નવ તો ચન્દ્રો છે—ગિમાસ, ઍન્સીલૅડઝ, ટેથીસ, ડાયોન, ર્હીઆ, ટિટૅન, હાઇપેરિયૉન, આયાપેટસ અને ફોબે. તેમાંનો આયાપેટસ સૌથી ઝાંખો છે ને આપણા ચન્દ્ર જેમ તેનું એક જ અર્ધ શનિ પ્રત્યે રહે છે. ટિટૅન સૌથી જબરો છે; જ્યારે ૧૮૯૮માં શોધાએલો ફોબે સૌથી નાનો, માત્ર પચાસ જ માઇલનો છે. એક દસમો ચન્દ્ર પણ શનિને હોવાનો


તર્ક ચાલે છે, પણ હજુ એ સિદ્ધ થયું નથી.

આમાંના આઠ ચન્દ્રોની ગતિ એક જ દિશામાં છે, જ્યારે એક માત્ર ફોબે એ બધાથી ઊલટી જ ગતિમાં શનિની આસપાસ ફરે છે. સૌર જગતની ઉત્પત્તિ સંબંધે લાપ્લાસે રજૂ કરેલા નિહારિકાવાદ (Nebular Hypothesis) પર પહેલો સૈદ્ધાંતિક પ્રહાર કરનાર આ જ ગ્રહ.

આટલા મોટા પરિવારવાળા એ મેખલામંડિત ગ્રહરાજે ખગોળના નિષ્ણાત ભેજા સર જેમ્સ જીન્સને એક નવા જ ભવિતવ્યની પ્રેરણા આપી છે. તેના કહેવા મુજબ આપણા ચન્દ્રના પણ કોઈ દિવસ કકડા થઈ જશે ને તે વીંટીના આકારમાં આપણી પૃથ્વીની આસપાસ ફર્યા કરશે. એ કકડા યે ભારે થતા જઈ પૃથ્વીની વધુ ને વધુ નજીક ખેંચાતા જઈ છેવટે તૂટી પડશે ને એ રીતે આપણી પૃથ્વીનો પ્રલય નીપજશે.

એ કમનસીબ દેખાવ કેવુંક હશે તેની કલ્પના આવે છે? આપણો ચન્દ્ર તો એવડો જબરો છે કે શનિના બધા ચન્દ્રના એક સામટા વાળેલા લોચાથી યે તેનું કદ વધી જાય. એટલા બધા દ્રવ્ય સાથે એ પૃથ્વી પર તૂટશે ત્યારે? પણ એ અંતઘડી ઉપસ્થિત થવાને તો હજુ લાખો વર્ષોની વાર છે.

—'અનિકેત'



લઘુક મન

મન્દાક્રાન્તા

જંપ્યા તારા રજનીપટથી ઊડતા કાંગરા શા!
જંપી જ્યોત્સ્ના બહુવતી મુદા સૃષ્ટિની સુમ પાંખે!
જંપ્યો શાણો શશીઅર મૃદુ સીંચી પીયૂષ ભૂ પે!
જંપ્યું આખું જગસકળની ઊર્ધ્વ જ્યોતિ શું વ્યોમ!

પૃથ્વીહૈયે યુગયુગથી જે ચાલતો આદિ શ્વાસ
પ્રવૃત્તિનો, પલકભર તે જંપતો નેત્ર મીંચી!
જંપી પૂરી સકળ વસુધા પાપપુણ્યોની ધાત્રી!
એની નાડી તણી ધબક યે જંપી વિશ્રાંતિ લેતી!

આવી રીતે ધરતીનભનું જોડલું કૈંક જંપ્યું!
ને એ બેને ગુંથા ચમકતી જંપતી મધ્ય રેખા!
એ રેખાથી પ્રતિપળ ફૂટી વિશ્વ વિરાટ ભવ્ય
ગોરંભાતું અણુઅણુ અહીં, જંપિયા પ્રાણ તેના!
જંપ્યાં મારાં મગજ જીવ ને કાય આરામ લેવા,
શાને તો યે લઘુક મન મારૂં ન જંપે જરાય?

મોહિનીચન્દ્ર

હોળી

મિશ્ર

રંગે રમી બાળક હોળી ખેલે,
ભરી મુઠી લાલ ગુલાલ વેરે;
છોડે ભરી રંગની પીચકારી
અહસ્ર રંગે કપડાં ભરે છે.
ઝુલ્ફાં ભર્યાં ધૂળથી કૈંક કાળાં,
રંગ્યાં ભરી લાલ ગુલાલ માથે,
અધૂરૂં જાણે હજુ શું રહ્યું'તુ
કાળાં બને કાદવ સૌ ઉરાડી.
કૈં મા વઢીને ધૂળ કાઢશે એ,
કૈં કૈં તમાચા મુખ લાલ રહેશે,
તોફાન મસ્તી નહિ તો ય છૂટે,
ન્હાતાં વિચારે 'હજુ રંગું એને!'
એવી મજા હોળીની આજ માણે
છૂટી મળી છેઃ સહુ રંગી રંગે
ગુલાલ નાખે બસ એક ધૂન,
છોડે ભરી રંગની સેર એમ.
હા! એકએક દિન એમજ આવશે ને
પ્રચંડ હોળી અહીં જાગશે ને
નિશાન ફુરો પછી વાગશે, ને
હોળી તણાં કષ્ટ થઈ જશે સૌ.
ઉમંગ આવો હૃદયે ભરીને
ગુલાલ શું લોહી ઉડાડજો ને
ને લાલ લાલ બની જ્યોત પ્રકાશ પામી
આ દેશના તિમીરને અજવાળજો સૌ.

શા.



મધુકરી

ગુપ્ત સેવા

• શાર્દૂલ •

બોલે ડાળ: 'તજો તમે ધરતીના મૂળો! હટાઇ રહો,
ને ઊંચા અવકાશમાં રહી ભલાં સેવા અમે વિશ્વની
કીધી, પાન ખરે કપાય કર ને ઝંઝાનિલો ઝીલિયે.'
બોલ્યું મૂળ: 'હટાઉં હું ધરતીમાં સેવા તમારી કરું,
કે'તાં એ શરમાઉં છું મુખ થકી દેખાડતાં યે વળી."

(થોડા વખતમાં પ્રગટ થનાર "પાંખડા" નામ ના મુક્તક સંગ્રહમાંથી) —જેઠાલાલ ત્રિવેદી

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

• • • ગુજરાત સાહિત્યસભા તરફથી ૧૯૩૭નો રણજીતરામ સુવર્ણચન્દ્રક 'પ્રજાબંધુ' ના ઉપતંત્રી શ્રી ચુનીલાલ વર્ધમાન શાહને તેમની ઐતિહાસિક નવલકથાઓ, સાહિત્યચર્ચા તથા પત્રકારત્વ માટે અર્પણ કરવામાં આવ્યો છે એ પ્રસંગે તેમની ટૂંકી જીવનરેખા ઉચિત થશે.

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહનો જન્મ વઢવાણ શહેર –સિટી–માં ઈ સ. ૧૮૮૭ના મે માસની બીજી તારીખે, દશા શ્રીમાળી જૈન વણિક કુટુંબમાં થયો હતો.

વઢવાણની દાજીરાજ હાઇસ્કૂલમાં તેઓ અભ્યાસમાં આગળપડતા વિદ્યાર્થી ગણાતા અને ઈ ૧૯૦૩માં એ જ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક્યુલેશનની યુનિવર્સિટીની પરીક્ષામાં મોખરે આવવાથી ઝાલાવાડના પોલિટિકલ એજન્ટ કૅપ્ટન બિલ તરફથી રૂ. ૫૦નું ઇનામ એમને મળેલું.

કુટુંબની આર્થિક સ્થિતિ કૉલેજના આગળ અભ્યાસને અનુકૂળ નહિ હોવાથી મૅટ્રિક થઇને એમને શિક્ષકના કામમાં જોડાવું પડ્યું. પણ વિદ્યાવ્યાસંગ છેક વિદ્યાર્થીકાળમાંથી જ હતો, અને જુદાંજુદાં સામયિકોમાં લેખનપ્રવૃત્તિ ચાલુ હતી એટલે પત્રકારત્વ તરફ એમનું વલણ રહ્યા કરતું એવામાં ઈ. સ ૧૯૦૬માં તક મળતાં તે અમદાવાદમાં 'રાજસ્થાન' પત્રના ઉપતંત્રી તરીકે આવ્યા અને ત્યારથી આજ પર્યંતનાં બત્રીસે વર્ષ ગુજરાતના આ પાટનગરમાં એ પત્રકારત્વના વ્યવસાયમાં જ એમણે ગાળ્યાં છે.

'રાજસ્થાન' પત્રના સંપાદનકાર્ય ઉપરાંત એ જ અરસામાં 'જૈનોદય' નામનું જૈન કોમનું એક માસિક પણ તેઓ ચલાવતા. પણ બે વર્ષમાં તે બંધ થયું. ત્યાર બાદ ઈ. ૧૯૦૯ માં 'પ્રજાબંધુ'માં તેઓ જોડાયા, જ્યાં આજે પણ તેઓ ઉપતંત્રી તરીકે કાર્ય કરે છે.

એમની લેખનપ્રવૃત્તિનો પ્રારંભ કવિતાલેખનથી થયો હતો. 'વિજય', 'સૌંદર્ય', 'આનંદ', 'મુસાફર', 'વસંત' અને 'સમાલોચક'માં એમનાં કાવ્યો પ્રસિદ્ધ થતાં. સંસ્કૃતના સારા જ્ઞાનને લીધે સંસ્કૃત કાવ્યોએ એમના એ વલણને પોષ્યું હતું. શાળાના અભ્યાસ દરમિયાન 'ઋતુસંહાર'ના ત્રણ સર્ગોનો કાવ્યાનુવાદ એમણે કરેલો, જેમાંના બે સર્ગ 'વિજય'માં પ્રસિદ્ધ થયા હતા. આજે તો કવિતાલેખન એમણે લગભગ છોડી જ દીધું છે, છતાં રસદૃષ્ટિએ તેમજ શાસ્ત્રીય દૃષ્ટિએ કાવ્યની એમની સમજણ કેટલી ઊંચી ને પ્રૌઢ છે એ એમની 'સાહિત્યચર્ચા'ની કંડિકાઓ ઘણી વાર બતાવી આપે છે. સંસ્કૃત અને જૈન કાવ્યસાહિત્યનો અભ્યાસ, પદ્યરચનાના વૃત્તબંધોનું શાસ્ત્રીય જ્ઞાન અને ઉર્દૂ કાવ્યસાહિત્ય તથા તેના બંધારણનો પણ પરિચય એમનાં કાવ્યવિવેચનોમાં જણાઈ આવે છે.

કવિતાલેખનમાંથી રસ ગદ્યલેખન તરફ વળ્યો એટલે, સ્વાભાવિક રીતે બને છે તેમ, પહેલું નવલકથાનું આલેખન શરૂ થયું. એમની પ્રથમ નવલકથા 'વિમળા' ૧૯૦૪માં (એમની ૧૭ વર્ષની વયે) પ્રકટ થઇ હતી. ત્યારથી આજ સુધીની એમની લેખનપ્રવૃત્તિના વિસ્તાર પર સામાજિક અને ઐતિહાસિક નવલકથાઓ તથા જૈનસાહિત્યને લગતાં પુસ્તકોનો બહોળો પટ પથરાએલો જણાય છે. ઇ. સ. ૧૯૧૦થી 'પ્રજાબંધુ'એ પોતાની ઐતિહાસિક નવલકથા-

આની શરૂઆતનો પ્રારંભ એમની કથાથી કર્યો. પણ ૧૯૧૭થી એમની નવલો બંધ થઈ તે પુનઃ ૧૯૩૫માં ચાલુ થઈ. દરમિયાનમાં એમની સામાજિક નવલો 'પ્રજાબંધુ'માં ચાલુ વાર્તા તરીકે આવ્યા જ કરતી.



પોતાના નવલકથાલેખનના પ્રારંભકાળથી તેઓ જાણીતા લેખક સ્વ. ઠક્કુર નારાયણ વિસનજીના મિત્ર હતા અને તેથી સ્વ. નારાયણની વ્યવસાયદૃષ્ટિ શ્રી ચુનીલાલના પ્રારંભિક નવલકથાલેખનમાં ઊતરી. પરિણામે તેમનાં પુસ્તકો સંખ્યાની દૃષ્ટિએ વધતાં ગયાં, છતાં તે નવલકથાઓ મધ્યમ કોટિની જ રહી. સમય જતાં આ હકીકત સમજાયે તેમણે પોતાના ગદ્યલેખનમાં સંગીનતા અને સાહિત્યગુણ લાવવાનો સંકલ્પ કર્યો અને પોતાનો અભ્યાસ તથા ચિંતન આગળ વધાર્યાં, જેની અસર એમની બધી પાછળની કૃતિઓ ઉપર સ્પષ્ટ છે. 'કર્મયોગી રાજેશ્વર' અને 'રાજહત્યા'એ એમને જે પ્રતિષ્ઠા આજે અપાવી છે તે પહેલાંની એમની ઐતિહાસિક નવલકથાઓમાં 'મૂળરાજ સોલંકી', 'સોમનાથનું શિવલિંગ', 'ગૂજરાતની ગર્જના', 'ધારાનગરીનો મુંજ', 'વસઈનો ઘેરો', 'સિંધ ઉપર સવારી', 'પાટણની પડતીનો પ્રારંભ' અને 'અઢારમી સદીનું મહારાષ્ટ્ર' પણ લોકપ્રિય થઈ છે, એમની સામાજિક કથાઓમાં 'વિમળા', 'લતા અને લલિતા', 'જ્યોત અને જ્વાળા', 'નોકરીનો ઉમેદવાર' વગેરે જાણીતી છે. આ છેલ્લી કથા ઉપરથી તો 'કેશવકાન્ત બી.એ.' નામનું ચિત્રપટ પણ ઊતરેલું. આ ઉપરાંત રેનૉલ્ડ્ઝને આધારે તેમજ એક-બે ડિટેક્ટિવ નવલો તથા ટૂંકી વાર્તાઓ પણ તેમણે લખી છે. અંગ્રેજી ઉપરાંત સંસ્કૃત, હિંદી, મરાઠી, બંગાળી અને થોડા ઉર્દૂનો પણ તેમનો અભ્યાસ છે. પ્રારંભકાળની તેમની ઐતિહાસિક તેમજ સામાજિક નવલોમાં હિંદી, મરાઠી અને બંગાળી નવલકથાઓએ આધાર આપ્યો છે.

એક જવાબદાર અને કર્તવ્યનિષ્ઠ પત્રકાર તરીકે તેમણે સારી નામના મેળવી છે. લગભગ છેલ્લા ત્રણ દશકાથી એમણે 'પ્રજાબંધુ'ના જીવનમાં અને તે દ્વારા ગૂજરાતના પત્રકારત્વમાં જે શાન્ત પણ એકધારો સંગીન ફાળો આપ્યો છે એ નાનોસૂનો નથી. આજે 'પ્રજાબંધુ'એ ગૂજરાતના સાપ્તાહિક પત્રકારત્વમાં પોતાની સ્થિર વિચારસરણી, વજનદાર અભિપ્રાય અને વિશિષ્ટ વ્યક્તિત્વ વડે જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તેના શ્રી ચુનીલાલ પણ યશભાગી છે.

તેમાં યે, એ પત્રમાં દર પખવાડિયે 'સાહિત્યપ્રિય'ની સંજ્ઞાથી સાહિત્યચર્ચાની કંડિકાઓ લખવી શરૂ કરીને એમણે ગૂજરાતી પત્રકારત્વમાં એક નવું જ તત્ત્વ દાખલ કરવાનો જશ લીધો છે. છેક ૧૯૨૦ની સાલથી લખાતી આવતી (શરૂઆતમાં 'સાહિત્યચર્ચાનું સૂક્ષ્માવલોકન' નામથી અને આજે 'સાહિત્યચર્ચા અને સ્વાધ્યાય' મથાળાથી લખાતી) એ કંડિકાઓ તેમાંના નીડર ને ન્યાયી, તટસ્થ ને ગંભીર તથા સંગીન ને વિચારશીલ અભિપ્રાયોને કારણે સર્વ સાહિત્યરસિકોનો સમાદર પામી છે અને ખૂબ રસપૂર્વક વંચાય છે, એટલું જ નહિ પણ એ રીતિનું અનેક પત્રોએ તે પછી અનુકરણ કર્યું છે. ગૂજરાતી સાહિત્ય પર જાગતી નજર રાખતી એ કંડિકાઓએ 'અધિકારશાહી બનાવટ' જેવી હકીકતો ઉઘાડી પાડી છે, તેમ સમતોલ અને ધીર વિચારો વડે સારું માર્ગદર્શન પણ કરાવ્યું છે.

- એમની આ સાહિત્યદૃષ્ટિએ વિવેચનના ક્ષેત્રમાં પણ એમને પ્રતિષ્ઠા અપાવી છે. 'પ્રજાબંધુ' તથા 'બુદ્ધિપ્રકાશ'માં અવારનવાર આવતાં એમનાં વિસ્તૃત ગ્રંથવિવેચનો તથા ગૂજરાત સાહિત્યસભા તરફથી ઇ. ૧૯૩૦-૩૧ના વર્ષના વાઙ્મયની એમણે કરેલી વાર્ષિક આલોચના આની પ્રતીતિરૂપ છે.

કશા ઉહાપોહ વગર, 'પ્રજાબંધુ'ના પડદા પાછળ રહીને, નિરભિમાનપણે ને શાન્તિથી તેઓ પોતાની સાહિત્યપ્રવૃત્તિ કર્યે જાય છે. પત્રકાર તરીકેના પોતાના ચાલુ વ્યવસાય ઉપરાંત આજે ખાસ તો તેઓ ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ ઉપર જ વિશેષ ધ્યાન રોકી રહ્યા છે, અને બને તેટલી સ્થિરતા તથા વધુ અભ્યાસ અને ચિંતનપૂર્વક લેખન કરવામાં જ પોતાના અવકાશનો સમય ગાળે છે. જાહેર પ્રવૃત્તિમાં તેમનો રસ સાહિત્ય પૂરતો જ મર્યાદિત છે.

બે અવસાન

ગુજરાતના સાહિત્યાકાશમાંથી એક પછી એક જે તારકો ખરવા માંડ્યા છે, તેમાં તાજેતરમાં બીજા બેનો ઉમેરો થયો છે. એક તો ગીર્વાણ ગીરાની રસરેલથી ગુજરાતી સાહિત્યને તરબતર કરી દેનાર દી. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ અને બીજા તેમના જ મિત્ર અને દીર્ઘ વિદ્યાવ્યાસંગી શ્રી ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરી. બને ગયા માસમાં એંશી વર્ષની વયે અવસાન પામ્યા.

ભોળાનાથભાઈ જેવા જ સાહિત્યપ્રિય કુટુંબમાં કેશવલાલ-



શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ

ભાઇનો જન્મ થએલો. એમનું કુટુંબ મૂળ ગોધરાનું ને ત્યાં દેસાઇગીરી કરેલી હોવાની તેમના પિતા ગોધરીઆ રાજા તરીકે ઓળખાતા. ગુજરાતી ભાષામાં 'પંચીકરણ' એમણે જ પહેલ વહેલું પ્રસિદ્ધ કરેલું અને 'ચન્દ્ર' માસિકના તંત્રી તરીકે એમના મોટા ભાઇ હરિલાલ તો પ્રસિદ્ધ છે જ. જોશવંત બાનીનાં પ્રેરક ગીતોના એ કુહૂગાતા પાસેથી જ કેશવલાલભાઇએ સાહિત્યદીક્ષા મેળવી.

કેશવલાલભાઈનાં કાવ્યો શરૂઆતમાં સંસ્કૃતભાષાનાત્તેગના અનુરાગને લઇને ખૂબ સંસ્કૃતમય ને એથી ક્લિષ્ટ થઇ જતાં. સ્વ. નવલરામે 'ગુજરાતી શાળાપત્ર'માં તેમના 'ચિત્રદર્શન' કાવ્ય પર આ બાબતમાં ધ્યાન ખેંચ્યું ત્યારથી કેશવલાલભાઇએ પોતાની એ ખામી સુધારી, પણ સંસ્કૃતનો તેમનો અનુરાગ એટલો ને એટલો જ રહ્યો ને તેને પરિણામે એ ભાષાનાં રત્ન સમાન ગણાતા સાહિત્યગ્રંથો એમણે ગુજરાતી ભાષામાં ઉતાર્યા. એ ભાષાંતરો એવી તો અદ્ભુત હથોટીથી થએલાં છે કે મૂળ કરતાં સહજ પણ રસક્ષતિ ન અનુભવી શકાય.

એમની આ સાહિત્યસેવામાંથી ભાષાશાસ્ત્ર અને ઐતિહાસિક સમયનિર્માણ વગેરેનાં સંશોધનોમાં એમનો પ્રવેશ થયો, અને એમાં તો એ એટલા પારંગત થયા કે ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ તજ્જ્ઞ ગણાતા. નરસિંહરાવ અને કેશવલાલ ભાઇના ગયા પછી આજે ગુજરાતમાંથી પંડિતાઇ (Scholarship) પરવારી ગઇ જ લાગે છે.

એમણે અનુવાદિત કરેલા સંસ્કૃત ગ્રંથોની પ્રસ્તાવનાઓ એમની પરિપક્વ વિદ્વદ્બુદ્ધિનાં સચોટ ઉદાહરણો છે. એમણે એ અંગ્રેજીમાં છપાવી હોત તો અપૂર્વ નામના મેળવી હોત, કારણ, બીજું બધું જવા દઇ એક જ દાખલો લઇએ તો, 'ગીતગોવિંદ'ના કર્તા જયદેવ અને 'પવનદૂત'ના કર્તા તેના સાથી ધોયી વિષે તેમના જેવું સપ્રમાણ વિવેચન ભારતભરમાં બીજા કોઇએ નથી કર્યું. પરંતુ ગુજરાતી ભાષા પ્રત્યેની એમની ભક્તિ એટલી તીવ્ર હતી કે આગ્રહપૂર્વક એમણે પોતાનું બધું સાહિત્ય ગુજરાતીમાં જ છપાવ્યું. તેઓ કહેતા કે જેમને ઇચ્છા હશે તે ગુજરાતી વાંચશે. અને આ સરળતા ખાતર પોતાના અમુક ગ્રંથો દેવનાગરી લિપિમાં પણ તે છપાવતા.

આટલી બધી વિદ્વત્તા છતાં પોતે મૌલિક ગ્રંથો શા માટે નથી લખતા એવો સવાલ કોઇએ કરતાં કેશવલાલભાઇએ જવાબ આપેલો, 'ગુજરાતી ભાષામાં સર્વનાં માન મુકાવે એવો સમર્થ લેખક તો હજી પાકવાનો છે, તેથી મેં આપણા પ્રાચીન સાહિત્યકારોનો પરિચય કરાવવાનો નીમ લીધો છે.'

મુંબાઇની પ્રખ્યાત વિદ્યાપીઠ તરફથી 'પદ્યરચનાનો ઇતિહાસ' લખ્યા પછી તેઓએ ગુજરાતી ભાષામાં વપરાએલા દેશી રાગ, ઢાળ વગેરેનો ઇતિહાસ લખવાનો મનોરથ સેવ્યો હતો, પણ તેમના અવસાનથી એ અપૂર્ણ જ રહી ગયો છે.



શ્રી ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરી

એમના અવસાન બાદ બે જ દિવસને અંતરે અવસાન પામનાર એમના જૂની મિત્ર ડાહ્યાભાઈ દેરાસરી 'કાન્હડદે પ્રબંધ' અને 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન પુસ્તકોથી જેટલા જાણીતા છે, એટલા જ 'ચમેલી' અને 'બુલબુલ' જેવી વિશિષ્ટ કવિતાઓના કવિ તરીકે પણ જાણીતા છે. કાન્હડદે પ્રબંધ તો હજુ વિદ્યાપીઠમાં અભ્યાસગ્રંથ તરીકે ચાલે છે. જૂના કવિઓ પ્રત્યે તેમનો અનુરાગ પણ કમ ન હતો ને દેશી રાગો મીઠી હલકથી એ સુંદર રીતે ગાઇ શકતા. એમની પ્રવૃત્તિ મોટે ભાગે પશુરક્ષણ અને પ્રાણીહિંસા અટકાવવા પાછળ હતી: છતાં 'ભૂસ્તર વિજ્ઞાન,'ના બે સમૃદ્ધ ભાગો,'પૌરાણિક કથા-કોશ', ભૌગોલિક કોશ' વગેરેથી ગુજરાતી સાહિત્યની એ દિશાની કંગાલતા દૂર કરી અમણે ઓછું ઋણ નથી ચડાવ્યું.

ડિસ્ની ને તેનું છેલ્લું કાર્ટૂન

સીને-જગતની બે મોખરાની વ્યક્તિઓ તે ચાર્લી ચૅપ્લીન ને વૉલ્ટ ડિસ્ની. છેલ્લું 'મૉડર્ન ટાઇમ્સ' ઉતાર્યા પછી ચૅપ્લીનની પ્રવૃત્તિ વિષે ખાસ જાણવા મળ્યું નથી, જ્યારે ડિસ્નીએ હાલમાં જ એક મહાન કાર્ટૂન પૂરું કર્યું છે.

પંદર વર્ષ પર ડિસ્નીએ પહેલું કાર્ટૂન ઉતારેલું તેમાં ને આજનામાં કેટલો તફાવત છે તે નીચેની હકીકતથી જણાશે:

	પહેલું કાર્ટૂન	આજનું કાર્ટૂન
ખર્ચ:	૭૫૦ ડૉલર	૧૫,૦૦,૦૦ ડૉલર
		(હૉલીવુડમાં આજસુધીમાં ઊતરેલાં ચિત્રોમાં સૌથી ખર્ચાળ)
પાત્રો:	૪	૪૦૦ ઉપર
ફીડ:	૫ મિનિટ	૯૦ મિનિટ
સમય:	૧ વર્ષની અંદર	૨૩ વર્ષ

(૧૯૩૭ના સપ્ટેમ્બરની ૨૬મીથી કાર્યની શરૂઆત થએલી)

એનાં પ્રથમ કાર્ટૂનમાં એ પોતે, એનો ભાઇ રૉય અને બે છોકરાઓ—એટલાં જ પાત્રો હતાં, અને કલાકારમાં એ એકલો જ. આજના કાર્ટૂન માટે એ ૪૦૦ ઉપરાંત પાત્રો અને ૪૦૦ કલાકારો રોકી શક્યો છે. ૨૦૦ કલાકારો ચાલુ કામ કરનારા અને ૨૦૦ અસાધારણ સંજોગોમાં જરૂર પડ્યે હાજર કરવા 'રીઝર્વ' રાખેલા. ઉપરાંત ૩,૦૦,૦૦૦ સ્કેચો દોરાવ્યા છે અને ૧૨૦૦ પશ્ચાદ્ભૂમિકા ચિત્રો ચિતરાવ્યાં છે.

ડિસ્નીએ ગ્રિમની સૌથી સુંદર મનાતી 'સ્નોવ્હાઇટ અને સાત વામનજી' નામની પરીવાર્તા આ સળંગ ટેકનીકલર કાર્ટૂનમાં ઉતારી છે. એ 'શૉટ' કરવા ૭૫૦૦૦ ડૉલરની કીમતે ખાસ કૅમેરા બનાવવામાં આવેલો, અને 'સ્નોવ્હાઇટ'ના કુદરતી અવાજ માટેની શોધમાં તેણે ખાસાં બે વર્ષ વીતાડેલાં.

ડિસ્નીની માન્યતા પ્રમાણે આ વાર્તામાં માનવ-સ્વભાવનાં અમુક લક્ષણો—ખાસ કરીને વામનજીઓ દ્વારા—ખૂબીપૂર્વક રજૂ કરવામાં આવ્યાં છે. એ સાત વામનજીઓમાં એક હમેશાં પોતાની મોટાઇ હાંકનારો અને ઠઠારાપ્રેમી, બીજો સંતોષી, આનંદી, ગોળ પીપ જેવો, ત્રીજો ઊંઘણશી, ચોથો ચીઢીઓ. પાંચમો હમેશાં સુસ્ત, છઠ્ઠો છીંકણશી ને છેલ્લો ખૂબ શરમાળ.

ડિસ્નીનાં કાર્ટૂનોમાં આનંદ સાથે કોઇ ને કોઇ પ્રકારનો મોઘમ બોધ રહેલો હોય છે. કેટલાકમાં બોધ ન હોય તો યે જાણવાજોગ માહિતી હોય છે.

ડિસ્નીમાં વ્યાપારીપણું ન જેવું જ છે. કાર્ટૂન એને મન માત્ર ડૉલર એકઠા કરવાનું સાધન નથી. નહિતર હૉલીવુડ કે ન્યૂયૉર્કની ધરેડ પર એ વહેલો આવી ગયો હોત. ચૅપ્લીનની માફક એ પણ સાચો કલાકાર, સ્વપ્નસેવી ને ફિલસૂફ છે. ઘણાં એને મેરલિન (Merlin)ની ઉપમા આપે છે તો ઘણા એને ઑસ્ટ્રિયન લેખક હૅન્સ ક્રિશ્ચિયન ઍન્ડરસન કે મહાન ચિત્રકાર રેમ્બ્રાં તરીકે નવાજે છે. એનું ધ્યેય મૂડીપતિ જ બનવાનું હોત તો આજે બૅંકમાંથી એ મોટી રકમનું વ્યાજ ખાતો હોત, હૉટેલો, બૉલરૂમો ને બંગલાઓમાં વિલાસ કરતો હોત. પણ એને તો કલાની જ ઉપાસના કરવી છે, એટલે એક કાર્ટૂનમાંથી આવક થવા માંડે તે પહેલાં એ બીજા કાર્ટૂનના શ્રીગણેશ માંડી દે છે. આ છેલ્લું કાર્ટૂન પણ પૂરું થઇને બહાર પડ્યા સાથે જ તે 'પિનૉકિયો' નામની વાર્તા પાછળ મંડી ગયો છે, જેમાં એક ઢીંગલાને છોકરા બનવાનું મન થઇ આવે છે। અને એ સિવાય એક રીલનાં યે કાર્ટૂનોની યોજના એણે ઘડી કાઢી છે.

આવો માણસ લાખોપતિ ન બની શકે. 'છતાં લોકો—ખાસ કરીને બદમાસો—માને છે કે ડિસ્ની લખપતિ છે. એ માન્યતાને લીધે ડિસ્નીને એક બાબતમાં સાવચેત રહેવું પડે

છે. એને ડાએની નામની સુંદર બાળકી છે. તેની છબી એણે આજસુધી પાડવા દીધી નથી, ન તો તેને કોઇ ચિત્રમાં ઉતારી છે. કદાચ બદમાસો પૈસાની લાલચે એનું હરણ કરી જાય!

ડિસ્ની ત્રણ પ્રકારનાં કાર્ટૂનો ઉતારે છે—મિકી માઉસ, ડૉનાલ્ડ ડક અને સિલી સિમ્ફની. એના પ્રથમ ડૉનાલ્ડ ડક કાર્ટૂનમાં 'ક્વૅક ક્વૅક' અવાજ ક્લૅરૅન્સ નૅશે કર્યો હતો, તે સાંભળીને ડાએની ખૂબ બ્હીની હતી. હવે તે બ્હીતી નથી.

ડિસ્ની હમેશાં શિષ્ટ કાર્ટૂનો જ ઉતારે છે, કારણ એનું અનુકરણ કરવા ઘણાય પ્રેરાય છે. —અંબેલાલ નાયક

ગાંઠીઓ પ્લેગ

પ્લેગ એ સૂક્ષ્મ કીટાણુઓ (bacillus pestis)થી થતો ઝેરી અને ચેપી રોગ છે. ન્યૂમોનિયાનો સખત હલ્લો અથવા બગલમાં ઉપડી આવતી ગાંઠ સાથે ઓચિતો તાવ અને અંગોની કળતર એ એની મુખ્ય નિશાની છે.

શરૂઆતમાં ટાઢ વાય ખરી ને ન પણ વાય, પણ તાવ તો આવે જ છે. ને એ સાથે જ દર્દીનો ચહેરો ને આંખો બિહામણાં લાલ થઇ જાય છે. શરીરનાં ગોટલાં કળવા માંડે છે ને બે ત્રણ દિવસમાં બગલ અગર સાથળમાં ગાંઠ ઉપડી આવે છે. એના સતત ચાર દિવસ જ ઘણીવાર તો દર્દીને રામશરણ પહોંચાડી દે છે.

ન્યૂમોનિયાવાળા પ્લેગમાં દર્દીને ખૂબ પરસેવો વળ્યા કરે છે ને ફેફસાંમાં દર્દ રહ્યા કરે છે. થોડા સમય બાદ ગળફામાં પણ લોહી નીકળે છે.

જેટલો ચેપી એટલો જ પ્લેગનો રોગ મોતજનક છે, એટલે એનો વાયરો ચાલતો હોય ત્યારે એ માટેની રસી લઇ લેવી. છ મહિના સુધી એ શરીરને એથી મુક્ત રાખે છે, પણ એથી એ લેનારે પોતે નિર્ભય છે એમ ન માની લેવું.

આ રોગનો ચેપ ફેલાવનાર ખરી રીતે ચાંચડો જ છે. તેઓ ઊંદરો પર પહેલો હલ્લો કરે છે એથી આપણે ઊંદરોને એ રોગના જનક માની લઇએ છીએ. ઊંદરો મરવા લાગે કે તરત આપણે પહેલી સાવચેતી તરીકે શહેરથી દૂર ખુલ્લામાં વસવા ચાલ્યા જવું એ સૌથી સારો રસ્તો છે. બધાં કપડાં ને પથારી હમેશાં તડકે નાખતાં રહેવાં ને ક્વચિત મરેલો ઊંદર મળી આવે તો યે એને ફેંકાવી ન દેતાં ઘાસતેલ છાંટી બાળી નાખવો જોઇએ.

હજુ સુધી આ રોગનું કંઈ ચોક્કસ નિદાન તો શોધાયું નથી, પણ શરૂઆતથી જ લેવાતી સાવચેતી ને સારવાર અસરકારક બને છે ખરી. વળી પ્લેગની અસર જણાય કે તરત દર કલાકે બે કે ચાર ટીપાં ટિંક્ચર ઑવ આયોડાઈનનાં અથવા તો ગરમ પાણી સાથે દર પા કલાકે આયોડાઇન ને ચૂનાની ટીકડીઓ એકેક ગ્રેન આપવાથી પણ ફાયદો જણાય છે. છ કે આઠ વખત એ આપ્યા પછી તો બે કે ત્રણ કલાકે જ આપવાની જરૂર રહે છે. દર્દીને પ્રવાહી ખોરાક જ આપવો ને કૉફી તેમાં સૌથી ઉત્તમ છે.

જો તરસ ખૂબ જ અકળાવતી હોય તો દર્દીથી જેટલું સહન થઇ શકે એટલું ઠંડું પાણી આપવું. (ટ્રેઝર ચેસ્ટ)

૧૯૩૮ માટે કેલેન્ડર

જમવા ગલુડિયાં ગયાં છજામાં,
કર્યા ઘૂઘરા છે ખાણામાં,
ચાલ્યાં જમવા ગરમ ચવાણાં.

ઉપલાં ત્રણ વાક્યોમાં બાર શબ્દો છે. તેમાંનો પહેલો શબ્દ જાન્યુઆરી માટે, બીજો ફેબ્રુઆરી માટે એમ છેલ્લા શબ્દ સુધી બારે મહિના માટે ગણી લેવા.

બારાખડીમાં 'ક' એ પહેલો છે, 'ખ' બીજો, 'ગ' ત્રીજો, 'ઘ' ચોથો, 'ચ' પાંચમો, 'છ' છઠ્ઠો અને 'જ' સાતમો છે. એ ક્રમ પ્રમાણે રવિવારથી પહેલો દિવસ ગણીને જેટલામો દિવસ હોય તેટલામો વાર તે એ માસની પહેલી તારીખ.

દાખલા તરીકે ઑક્ટોબર માસની પહેલી તારીખ શોધવી છે. હવે ઑક્ટોબર એ દસમો મહિનો આવે છે અને ઉપરની લીટીઓમાં દસમો શબ્દ 'જમવા' છે. એ શબ્દ 'જ'થી શરૂ થાય છે, અને 'જ' બારાખડીમાં સાતમો છે તેથી ઑક્ટોબરની પહેલી તારીખ રવિવારથી ગણતાં સાતમે દિવસે—એટલે કે શનિવારે—આવશે. આમ પહેલી તારીખ મળવાથી એ માસમાં બીજી કોઇપણ તારીખનો વાર સહેલાઇથી મળી જશે.

—સાકરલાલ જી. પંચાલ (ભરૂચ)

જે દુઃખે જોગી થયા

લંડનના એક સ્ટુડિયો ઉપર થઇને વારંવાર વિમાનો પસાર થતાં હતાં તેથી સ્ટુડિઓમાં દખલ થતી હતી. વિમાનો માર્ગ બદલે એ હેતુથી સંચાલકોએ મોટા રંગીન અક્ષરોએ છાપરાં પર ચીતરાવ્યું: Film studio–Quiet please. પરિણામે વિમાનો છાપરાંની વધુ નજીક થઇને પસાર થવાં લાગ્યાં—શું લખ્યું છે તે જાણવા માટે!—અંબેલાલ નાયક

બદલાએલાં ભૌગોલિક નામો

જૂનાં	નવાં
પર્શિયા	ઇરાન
મંચૂરિયા	મંચુકુઓ
કૉન્સ્ટાન્ટીનોપલ	ઇસ્તંબુલ
પેકિન	પેઇપિંગ
મેસોપોટેમિયા	ઇરાક
સેંટપીટર્સબર્ગ	પેટ્રોગ્રાડ
રશિયા	યુ. એસ. એસ. આર. (યૂનિયન ઑવ સોવિયેટ સોશિયાલિસ્ટ રીપબ્લીક્સ)
નિજ્‌રી નોવગોરાડ	ગૉર્કી

એમ? કેમ

આપણા દૈનિક જીવનમાં એવા કેટલાયે ઉપક્રમો આપણાથી થતા આવે છે જેના તરફ આપણું લક્ષ પણ ભાગ્યે જ ખેંચાય છે. દાખલા તરીકે આપણે છીંક શા માટે ખાઇએ છીએ?

શ્વાસ લેતાં ઘણી વખત ઝીણાં રજકણો આપણાં નસકોરાંમાં પેસી જાય છે. એ રજકણો આપણી સ્પર્શ અને ઘ્રાણશક્તિને કરકરી મૂકે છે, અને એને લઇને એ પરદેશી તત્વને બહાર કાઢવા અજ્ઞાતપણે આપણું શરીર પોતાની ફરજ બજાવે છે. અને છીંકથી એ જો બહાર ન નીકળ્યું તો બીજી ને ત્રીજી છીંક સુધી પણ એ યુદ્ધ ચાલુ રહે છે.

આપણે બગાસું શા માટે ખાઇએ છીએ? શ્વાસોચ્છ્વાસની તંગી તેનું મુખ્ય કારણ છે. આપણે થાકયા હોઇએ ત્યારે શ્વાસની પ્રક્રિયાનું નિયંત્રણ કરતા જ્ઞાનતંતુઓ પણ નબળા પડયા હોઇ, તેઓ નિયમિતતા જાળવી શકતા નથી એને લઇને શ્વાસોચ્છ્વાસમાં થતો વિક્ષેપ એ બગાસાનું આકસ્મિક કારણ છે. જેમ થાક વધુ તેમ બગાસાં પણ વધુ આવવાનાં.

અને થાકને અંતે 'હાશ' કરીને પ્રગટતો ઉચ્છ્વાસ અને નિસાસો એ બંને પણ સ્વયંભૂ ક્રિયાઓ જ છે. બંનેનું કારણ શ્વાસોચ્છ્વાસની અનિયમિતતા છે. પરંતુ એમાં ફેર એટલો કે થાકનો ઉચ્છ્વાસ આકસ્મિક છે જ્યારે નિસાસો આકસ્મિક નથી. મનની દિલગીરીને લઇને આપણો શ્વાસ ઘડીભર થંભી જાય છે ને પછી ઓચિંતું આપણું ધ્યાન તે તરફ જતાં આપણે એકસામટો એ પાછો કાઢીએ છીએ, એ નિઃશ્વાસનું કારણ.

આપણી આંખોના પલકારા પાછળ પણ મોટું કારણ રહેલું છે. એને લઇને આંખો સાફ અને સ્નિગ્ધ રહે છે. પાંપણો જો ફરકતા ન રહે તો તેમાં રહેલી ગ્રન્થીઓમાંથી નીકળતો પ્રવાહી એક જ જગાએ ભરાઇ રહે, પણ એમના ફરકાટથી તે આંખની આખી સપાટી પર ફેલાઇ જઈ, આંખને વારંવાર ધોઇ નાખી દૃષ્ટિનો વિક્ષેપ દૂર કરે છે.

આ બધા ઉપક્રમો અજાણ્યે જ થતા રહે છે ને એ શા માટે થાય છે એ જાણવાની ભાગ્યે જ માણસ દરકાર કરે છે.

વિકસતું વિજ્ઞાન

શ્રી એચ. જી. વેલ્સની 'અદૃશ્ય માનવી'ની કલ્પના હવે વાસ્તવ સ્વરૂપ લેવા માંડી છે એ સાંભળી ઘણાને નવાઇ લાગશે. વિયેનાના ત્રણ ઈજનેરો—હેરન ગિન્ડર્ટ, પિન્થર અને થાલહાફરે એવાં ત્રણ પ્રકારનાં વિદ્યુતકિરણો શોધ્યાં છે જે વડે કાઈ પણ વસ્તુને અદૃશ્ય કરી શકાય છે, જ્યારે એ વસ્તુની પશ્ચાદ્‌ભૂમિ જેમની તેમ દૃશ્ય રહે છે. છતાં ૨૦૦ ડિગ્રી ઉપરાંત ગરમી ધરાવતા પદાર્થોને એ કિરણો પણ અદૃશ્ય નથી કરી શકતાં. કેટલાક પત્રકારો સમક્ષ એક બળતી મીણબત્તી પર આ પ્રયોગ અજમાવતાં તેમણે જોયું કે મીણબત્તી અદૃશ્ય થઇ ગએલી, જ્યારે તેની જ્યોત કાયમ રહી હતી.

આપણી પૃથ્વીથી ૨,૪૦,૦૦૦ માઈલ દૂર રહેલો ચન્દ્ર સમુદ્રોમાં જુવાળ તો ઉપજાવે છે, પણ જમીનના ખંડો પર પણ એ જબરી અસર કરે છે. એ અસર જાણવા માટે જર્મની, ફ્રાન્સ અને શાંઘાઈ મુકામેથી કેટલાક વિજ્ઞાનીઓએ કરેલા બારીક નિરીક્ષણમાં જણાયું છે કે સમુદ્રો જેમ ખંડો પણ ચન્દ્રની એક કળાથી બીજી કળા સુધીમાં ૬૦ ફૂટ સંકોચ વિકાસ પામે છે, જેને 'Cosmic movement' કહે છે.

ડાર્મસ્ટાટ (જર્મની)માં 'પ્લેક્સીગ્લાસ' નામે કાચને મળતી એક નવી બનાવટ ઊપજાવી કાઢવામાં આવી છે. એનો દેખાવ કાચ જેવો છે, છતાં એના ગુણો બધા લાકડા જેવા છે. એને વહેરી શકાય છે, ટીપી શકાય છે અને ૮૦થી ૧૨૫ અંશ ગરમી આપતાં કચકડા જેમ ફુલાવી પણ શકાય છે! એ પારદર્શક છે છતાં કાચ કરતાં વજનમાં ખૂબ જ હલકો છે. તાજૂબી એ છે કે આ પ્લેક્સીગ્લાસની બનાવટમાં મુખ્યત્વે લાકડું અને કોલસો જ ઉપયોગમાં લેવામાં આવે છે.

માનવહિતની આકાંક્ષાએ કરાએલી શોધોનો જ માનવસંહાર અર્થે કરવામાં આવતો ઉપયોગ આજની સંસ્કૃતિનું મોટામાં મોટું દૂષણ છે. એવું જ દુર્ભાગ્ય ટેલીવિઝનની શોધને સાંપડયું છે. હજુ તેનો પૂરો વિકાસ થયો નથી ત્યાં વિમાનોમાં તે માટેના ખાસ કૅમેરાની શોધ થઈ ચૂકી છે, જે વડે દુશ્મનોનાં મથકોનાં ચિત્રો લઇ તાબડતોબ મુખ્ય મથકે પહોંચાડી શકાય.

નવા નુસખા

તમે આમાંનું બધું ભલે કરો નહિ, પણ સમજણમાં તો ઉતારજો જ. એ જ્ઞાન કોઇકવાર કામ લાગશે.

કાંસકી, હાથા વગેરે હાથીદાંતની ચીજો પર તમે બહુ સહેલાઇથી નામો કે સુશોભનો લખી શકો. ચાલુ સીસાપેનથી પહેલાં તમારે જે લખવાનું કે ચીતરવાનું હોય તેની રૂપરેખા દોરી દો. એ ચીતરેલા ભાગ સિવાયનો બધો ભાગ જલદી સૂકાઇ જાય એવા વાર્નિશથી ઝીણી પીછીથી ભરી દો. એ સૂકાઇ જાય એટલે એને સિલ્વરનાઇટ્રેટ અને ડિસ્ટીલ્ડ વૉટરમાં બોળી દો. થોડા કલાક રાખશો એટલે પેન્સિલવાળો ભાગ ઘેરા નારંગી રંગનો બની રહેશે. પછી એને પેલા મિશ્રણમાંથી કાઢી લઇ, આલ્કોહોલથી વાર્નિશ કાઢી નાખો અને એનો ખૂબ ઘેરો રંગ થાય ત્યાં સુધી તડકામાં ધરી રાખો.

ફકીરી હાલમાં રહેતા બલ્ખના સુલતાન ઈબ્રાહીમે એકદા નિષ્કંચન હાલે એક હજામ પાસે જઇ અરજ કરી, 'ખુદા ખાતર મારી હજામત કરી દે' હજામત પૂરી થતાંમાં એમના કોઇ શિષ્યે આવી એમને સોનામહોરની થેલી અર્પણ કરી. સુલતાને તે હજામને આપવા માંડતાં તેણે જવાબ વાળ્યો, 'સાંઇ, ખરી સોનામહોરો એ થેલીમાં નહિ, પણ ખુદા ખાતર કામ કરવામાં રહેલી છે.'

ગણિત ગમ્મત

૦ × ૨ + ૧૦ ÷ ૨ − ૦ = ૫
૧ × ૨ + ૧૦ ÷ ૨ − ૧ = ૫
૨ × ૨ + ૧૦ ÷ ૨ − ૨ = ૫
૩ × ૨ + ૧૦ ÷ ૨ − ૩ = ૫
૪ × ૨ + ૧૦ ÷ ૨ − ૪ = ૫
૫ × ૨ + ૧૦ ÷ ૨ − ૫ = ૫
૬ × ૨ + ૧૦ ÷ ૨ − ૬ = ૫
૭ × ૨ + ૧૦ ÷ ૨ − ૭ = ૫
૮ × ૨ + ૧૦ ÷ ૨ − ૮ = ૫
૯ × ૨ + ૧૦ ÷ ૨ − ૯ = ૫
૧૦ × ૨ + ૧૦ ÷ ૨ − ૧૦ = ૫
અને એ પ્રમાણે આગળ

કહેવતોના અર્થ: 'કોણે કહ્યું બેટા બાવળીએ ચડજો'–છોકરો બાવળના ઝાડ પર ચડયો ને કાંટા વાગ્યા ત્યારે બાપાને બૂમ પાડતાં બાપાએ આ જવાબ આપ્યો. અગાઉથી કોઇ કાર્યનું હિતાહિત જાણવા છતાં જાણીબુઝીને એમાં ઝંપલાવી, પાછળથી હાયસોસારો કરનાર માટે આ કહેવત વપરાય છે. એને મળતી કહેવતો: 'પેટ ચોળીને શૂળ પેદા કરવું,' 'દીવો લઇને કૂવામાં પડવું,' 'પોતાને પગે કુહાડો મારવો,' 'આવ બલા પકડ ગલા,' 'આવ પથરા પગ પર' વગેરે વગેરે.

અનેકાર્થી શબ્દ: **વળ**=આમળો, આંટો; યુક્તિ, કરામત; દાવ, લાગ; અંટસ, કીનો; મમત, આગ્રહ; વેળ, ગાંઠ; છાણાંના થર ઉપર થર ગોઠવી ખડકેલી લાંબી હાર.



અજબ કુદરત

અમેરિકાના ન્યૂ જર્સી પ્રાંતના રોઝલૅન્ડ ગામના આ ઘોડાને બ્રશ જેવી આવી બરછટ મૂછો ઊગે છે ને એથી દર મહિને તેની હજામત કરવી પડે છે!

તમારૂં ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઇએ: ગઢાણ; ગમા; ગરાડી; ગરીડું; ગાંગું; ગિલ્લો; ગુત્તો; ગોખો; ગોડિયો; ગોઠું; ગોહ.

જવાબ: ઘાસનું બીડ; શક્તિ, બીજો અર્થ–શરીરના સાંધા; વ્યસની; છાણનો ગોળો; નમાલું; નિંદા; એકહથ્થુ વેપાર–ઇજારો; પક્ષીનો માળો; જાદુગર; ઢોરને માટે બાફેલું ખાણ; ગુફા.

હિંદની વસતિનો ૬૬ ટકા ભાગ સીધી રીતે ખેતી પર નભતો હોવા છતાં આપણી સરકાર ખેતીવાડી પાછળ જે ખર્ચ કરે છે તેથી અઢારગણું ખર્ચ માત્ર લશ્કર નિભાવવા પાછળ જ કરતી આવે છે.

ચીના લોકોમાં ૫ની સંખ્યા પવિત્ર મનાય છે.

દુકાનદાર: (પોતાના છોકરાંને) છગન, હમણાં સામેની દુકાનેથી કંઈ માલ ન લાવતો.

છગન: કેમ?

દુકાનદાર: એ આપણાં કાટલાં ઉછીનાં લઈ ગયો છે.

યુરોપના બે દેશોને પોતાની ભાષા જ નથી. એક સ્વિટ્ઝર્લૅંડ ને બીજું બેલ્જિયમ. સ્વિટ્ઝર્લૅંડમાં જર્મન, ફ્રેન્ચ ને ઇટાલિયન ભાષાઓ પ્રચલિત છે, જ્યારે બેલ્જિયમમાં ફ્લેમિશ અને ફ્રેંચ.

જગતનાં જીવતાં પ્રાણીઓમાં કીડીઓની વસ્તી સૌથી વધી જાય છે.


યુરોપમાં રેશમના કીડાની આયાત ઇ.સ.ની છઠ્ઠી સદીમાં બે સાધુઓએ લાકડીમાં કોશેટા સંતાડી લાવી કરેલી.

અગિયાર વર્ષની વય પછી માણસ ઓછા રોગનો ભોગ બને છે.

દાળ અને શાકમાં ઠીક પ્રમાણમાં આદુ લેતા રહેવાથી ગમે તેવું જૂનું અજીર્ણ મટી જાય છે એટલું જ નહિ, પણ વાયુનો યે ઉપદ્રવ નથી થતો.

ખાટું થઇ ગએલું કે બગડી ગએલું દૂધ મેળવવું ન હોય તો ફેંકી ન દેવો. બાથરૂમનાં સફેદ ટાઇલ પીળાં પડી ગયાં હોય તો તેનાથી સાફ થઇ શકે છે, એટલું જ નહિ પણ ટાઇલમાં પડેલી ઝીણી વાન્તડ પણ અદશ્ય થાય છે.

જાપાની લોકો પણ આપણી માફક ઉત્તર દિશાએ માથું રાખી કોઇ દિવસ સૂતા નથી.




નિવૃત્ત થએલી સર્વોત્તમ સીનેમાસ્ટાર ગ્રેટા ગાર્બોના નામના સઘળા અક્ષરો વડે જ એક ચિત્રકારે તેનો આ સ્કેચ ઊપજાવી કાઢયો છે



રાધા-કૃષ્ણ
(લાહોર મ્યૂઝિયમમાંનું કાંગરા કલમનું એક રસદ ચિત્ર)

રાધા-કૃષ્ણના સખ્યમાં અભિન્નતાનો સુરેખ સુરમ્ય પ્રસંગ દર્શાવવા ચિત્રકારે વૈષ્ણવ સાહિત્યમાંથી એક અનેરી તક ઊપાડી લીધી છે. રાસ રમ્ય બાદ ઘેર જતાં વસ્ત્રાલંકાર સુવ્યવસ્થિત કરતાં રાધાને કપાળની બિંદી સરખી કરવાની જરૂર લાગે છે અને તે કામ અતિ વિશ્વાસથી તે કૃષ્ણને ભળાવે છે. તે માટે એક-બીજાનાં નેત્રમાં પડતાં પ્રતિબિંબથી સધાતી મનોમન એકતાનો ભાવસુગ્રાહ્ય બન્યો છે. 'રસચિત્ર' ઉપરાંત હિંદી પદ્ધતિની 'એકચશ્મ તસ્વીર'નું આ સરસ નિરૂપણ છે.



કલાના ભોક્તા

(ચિત્રકાર • મુગલ કલાકાર વિચિત્ર)

આ ચિત્રકારો જીવન નીરખનારા ખરેખરા વ્યવહારપરાયણ માણસો હતા. જેવું જોયું તેવું આલેખવાની તેમની કાળજી અદ્દ્ભુત છે. તેથી જ તેમના યુગની દિનચર્યાનાં સાચાં ચિત્રો તેઓ કરી ગયા છે. રસ અને મસ્તીની કદર તેઓએ કરી જાણી છે.